પુરસ્તાને ચકરમ

રચનાર—“મશરૂક”



ત્હમારો દુવાગીર,

“મશરેક.”

પરસ્તાને ચકરમ

યાને

ચાલીસ ચકરમોના છબરડા.

એક રમુજી નોવેલ.

લખનાર—મશરેક.

કીંમત રૂપીઆ એક.

આ "પરસ્તાને ચકરમ" નામની નોવેલ મી૦ સોહરાબજી રાહેરિયારજી ઇરાનીએ કાશીનાથ હાઉસ, ધોબીતલાવ, મુંબઇમાં પોતાને માટે લખી છે અને ઉપલેજ ઠેકાણેથી પ્રગટ કીધી છે, અને મી૦ દીનશાહ એદલજી કરકરીઆએ મુંબઇ ગ્રાંટરોડ, ત્રામતરમીનસ આગલ, ત્રીભોવનદાસ બીલડીંગમાં આવેલાં પોતાનાં માણેક પ્રીન્ટીંગ પ્રેસમાં એઓને માટે છાપી છે.

દીબાચો (આગલો)

જેમ ટ્રામવાલાએ વીજલીથી ટ્રામ ચલાવવાનું શોધી કહાડયું, જેમ ડાકટરોએ કલોરોફોર્મથી ઓપરેશન કરવાનું શોધી કહાડયું, જેમ ગરગરદાસોએ ગલાસ વાપરયા વગર બાટલીઓના બાટલીઓજ મોંહામાં ઉધી કરવાનું શોધી કહાડયું, જેમ બૈરાંઓએ મેગ્યા બ્લાઉઝ શોધી કહાડયું તેજ મીસાલ મેંબી નોવેલના આગલા ને પાછલા એમ બે દીબાચા આપવાનું શોધી કહાડયું છે! હું ધારૂં છું કે જેમ ઉપલા બાનુઓ અને ગ્રહસ્થોને તેમના સાહાસમાં ટેકો મલ્યો છે, તેજ મીસાલ મ્હનેબી મ્હારા આએ આગલા ને પાછલા એમ બે દીબાચાની શોધ માટે ભાંગેલા બાંઘુનો જરૂર ટેકો મલશેજ, કેમકે એ શોધ પાછલ ભેજું બધું હીલવી દોલવીને દહી કરી નાખવામાં આવ્યું છે!

આગલ ચાલો, હવે જાણે સમજો કે ત્હમારા શરીરમાં તંદરોરતી લાવવા માટે ત્હમે સહવારના ઉઠતાંને વાર હાફબોઈલ્ડ ઈંડાં ખાતા હોવ, ને કદાચ ત્હમે વાણીઆ ભાતીઆ હોવ તો સહવારના પહોરમાં ઉઠીને લાડવા અને શીરોપુરીપર પલાંઠો મારીને મંડી જતા હોવ તોબી હું ધારૂંછું કે જયાં સુધી ત્હમે આ જીંદગીમાં હસો નહીં ને ખુશી ખુશાલ રહો નહીં ત્યાં સુધી મ્હારી માફક ત્હમે ગોલ ગોલ બફેનાની બરણી જેવા થાઓ નહીં.

ત્હમે ગમે તો કોઇ મોટામાં મોટા એમ. એ. ડી. ડાકટરને, આઈમીન એમ. ડી. ડાકડરને, જઇને પુછો, તેવણુની ધરખમ સલાહ લેઓ કે "આ, દુખ દરદને નહશાડવાનો સઉથી સરસ ઉપાય કયો?"

તો તેવ્રણુંમી બીચારા એમજ કેહેસે કે "દુખને નહશાડવાનો સઉથી સરસ ઉપાય તો એજ છે કે ત્હમારા જીવને હંમેશા ખુશાલ અને હરતું રમતું રાખો." ધેત્સ ઇટ !—તેથીજ ત્હમુને જીવને ખુશાલ રાખવા માટે હસવું જોઇએ અને હસવા માટે "પરસ્તાને ચકરમ" વાંચવી જોઇએ.

હસવાથી માણસના શરીરને કસરત મલેછે, ખડીયાણી જેઠીની માફક જ્યારે પેટ હીલેછે ત્યારે રગેરગમાં લોહી જોરથી દોડે છે તો શરીરમાં નવી શક્તી આવે છે, દુખ અને ગમ ભુલાઇ જવાય છે અને માથાપરનો ઘણો બોજો ઓછો થઇ જાય છે. પાક ખુદાની બનાવેલી તમામે તમામ ચીજોમાં માણસ જાત એકલી એવી ચીજ છે જે મોટેથી હસી શકે છે, તો શું કામ તેનો લાભ માણસે લેવો નહી જોઇએ, અને હસી બોલીને દીવસ કાહાડવા નહીં જોઇએ? રમુજ, એ તંદરોસ્તીનું ઉમદા સાધણ છે, જેનો સ્વભાવ રમુજી છે તેની પાસે ગોયા ખજનો છે.

ત્યારે મ્હારા સાહેબ દુન્યામાં જીવીને કરવાનું શું છે? દુન્યામાં આવ્યા ત્યારે આપણે રડતા'તા, દુન્યાથી જઇશું ત્યારે આજુબાજુ ઉભેલાઓ રડશે, તો પછી રડતા આવ્યા ને રડતા જવાનું છે તો જેટલો વખત જીવો તેટલો વખત તો હસી બોલી લેઓ. અયશ કરો, મોજ કરો, સખાવત કરો, કોઇના જીવને રાજી રાખવા માટે સવાબ કરો, હસો-હસાવો, એક દાહાડે મરી જઇશું તો પત્નોબી નહીં લાગશે કે બેહેરતી કયાં ગયા! કેમ બોલ્યા નહીં?

ત્હમુને એક દાદર ચહડવાનો હશે તો વખત લાગશે પણ જો ઉપરથી ત્હમે આરીઆં થઇ ગયા હશો તો એક સેકંડમાં નીચે ગબડી જશો, તેજ મીસાલ ત્હમને ગુસ્સે કરવા યા ત્હમારો સ્વભાવ

બગાડી નાંખવાને વાસ્તે એક માણુસ ફકટ એકજ ખરાબ બોલ વાપરશે યા સાલ પામરી ઓઢાડશે તો બસ છે—પણ હમને હસાવવા બોલાવવા ખુશ કરવા માટે પેલી સાલપામરીની મ્હેનત કરતાં એક માણુસને ઘણારેજ મ્હેનત કરવી પડશે, તેથી જો હું હમને મ્હારી "પરસ્તાને ચકરમ"થી હસાઉં, તો હું ધારૂંછ કે હવે મ્હારી મોટી મ્હેનતને વખાણુશો ને મ્હારી પીઠ ઠોકીને ઇનામમાં કઇ મેકલી આપશો, કંઇ નહીં, ફકટ એક લાખ રૂપીઆ હશે તો બસ છે-ચમનથી ખુરસીચેરપર સુઇને મોજ કરશ ને હાથમાં તસબી લઇને ભણીગણીને રાત દાહાડો હમુનેજ દુવા ર્ક્યા કરશ.

મ્હારી "પરસ્તાને ચકરમ" હમુને ગમશે અને પસંદ પડશે તો હું ખુશી થવશ અને મ્હારી મ્હેનત સફલ થયલી સમજશ, અને સાથે સાથે હમારી પાસેથી એક મ્હેરબાનીગી માંગી લેવશ એમ સમજો કે હમે "પરસ્તાને ચકરમ" વાંચીને પુરી કીધા ને હમારા ઘરનાં બાનુ બચ્ચાંઓએ વાંચી લીધી ને તેટલાં હમારે ઘરે મલવા માટે પાસેના પાડોશી આવ્યા ને તેવણે જતી વખતે "પરસ્તાને ચકરમ" વાંચવા માંગી તો "હજુણુ વાચવાની છે" કરીને તેવણુંને નોવેલ આપતાજ ના. ને જરા તે પાડોશીના કાનમાં કેહેજોની કે "રૂપીઆ એકમાં એકસો જણા વાંચશો તો પછી મશરેકની મ્હેનતનુ શું થશે?" તેથી જરા મ્હેરબાની કરીને મ્હારેજ માથે ટોપલો નાંખીને તે પાડોશીનેબી "પરસ્તાને ચકરમ" ની એક નકલ ખરીદવાનો ઇશારો કરજોની. હમુને શરમ લાગે તો, મ્હારા સમ, આએ મ્હારી અરજ તે બ્હોંસીલા પાડોશીને વચાવજો.

છેવટે, હું મ્હારા દીનશાજી કરકરીઆને ભુલી જવા માંગતો નથી. મ્હેરબાન બાનુઓ અને ગ્રહસ્થો, જેમ હમોએ મ્હારી નોવેલ

ખરીદીને મ્હને ઉતેજન આપ્યું છે, જેમ જાહેરખબરવાલા સાહેબોએ મ્હને જાહેરખબર આપીને મ્હેરબાની કીધી છે, તેજ મીસાલ મ્હારા દીનશાજીએ મ્હને નોવેલ ઝડપથી છાપી આપીને–પુટીઆં તો લીધાંછ હું–જે મ્હેરબાની કીધી છે તેથી હું એવણનો ઘણો આભારી છું. એવણ બાદશાહ જોકે ગજવાથી બાદશાહ નથી પણ દીલથી બાદ-શાહ છે, તો એવા માણસને લાયક ઉત્તેજન દુન્યામાં મલવા વગર રહેનાર નથી, હું નહીં જાણુતો કે એવણ પાસે લાખ બે લાખ હોતે તો શું કરતે!

હવે છેલ્લે સલામ કરતાં હું ઇચ્છું છું કે ત્હમે જેમ આએ આગલો દીબાચો વાંચ્યો તેજ મીસાલ પાછલો દીબાચોબી વાંચી લેશોજી ને ચાહે પીવા બેસો કે શરબત પીવા બેસો કે દુધ પીવા બેસો કે એડીયું પીવા બેસો કે જ્યારેબી ત્હમે કાંઇ ખાવા–પીવા બેસો ત્યારે ઉઠતાં ને બેસતાં, ચાલતાં ને હાલતાં, રસ્તાપર કે વીક-ટોરીઆમાં, મુસાફરીમાં કે સ્ટીમરમાં બધેબધ મ્હને ને મ્હારી "પરસ્તાને ચકરમ" ને યાદ કરજો.

આ નોવેલની મહારી આ નવીજ કીસમની પહેલ છે, અને તેથી મહારા મુબારક ઘરાકોની સુચના સરટીફીકેટની હું આશા રાખું છું.

લી૦ દુવાગીર

ધોબીતળાવ, કાશીનાથ હાઉસ,
મુંબઇ, તા૦ ૨૦ મી મે ૧૯૧૫.

સોહરાબ શહેરિયાર ઈરાની,
"મશરેક"

બનામે ખુદા.

મી૦ "મશરેક" કૃત

"પરસ્તાને ચકરમ."

૧.

હીંદુસ્તાનનો વિચિત્ર શોધક!

"પવન પાવરી ગેઝેટ" નો અધિપતિ રતુ લંગરો પોતાની ઓફીસમાં એક બપોરે બેસીને "આપણામાં ઉધ્યોગની કોતાઇ" ઉપર એક તનરાવીને આરટીકલ લખતો હતો, તેટલાં તેના નાંખમાં એકા એક કંઇ ખરાબ વાસ આવ્યો! તેણે હાથમાંથી પેનસીલ મુકી દીધી અને આજુબાજુ હવામાં જોઇને બે ચાર સુંઘારા ખેચ્યાં. તેણે દાદરપર કોઇનાં પગલાં સાંભળ્યાં અને જેમ જેમ પેલા પગલાં નજદીક સંભલાતા ગયા તેમ તેમ પેલો ખરાબ વાસની વધારે ને વધારે થઇને રતુના નાંખને હેરાન કરવા લાગ્યો! આખરે તે પગ-

સાંનો અવાજ બંધ થયો અને કોઇએ દરવાજાપર આંગળાં ઠોકયા. ત્યાર પછી એક માણસ બગલમાં બે ચાર સાદરીનું એક મોટું જેવું બંદલ મારેલુ લઇને અંદર આવ્યો અને રતુ ત્યાં પંથરાઇ રહેલા વાસથી નાંખે મજબુત રોમાલ દાબીને અકરવકર કરવા લાગ્યો, તેણે કદીબી એવો વાસ પોતાની આખી જીંદગીમાં અનુભવેલો નહીં હતો !

" હું એમજ જાણતો'તો, ધારેલી અસર ત્હમારી ઉપર થઇછ. ત્હમારૂં નાંખ મજબુત પકડીને હવે મારી વાત સાંભરી લેઓ. "

" અરે પણ એ બંદલમાં બર્યુંછ સું ? " રતુનો વાસે વાસે જીવ નીકલી જતો હતો તે તેણે એકદમ પોકાર માર્યો.

" એ તો સાહેબ " પેલાએ જવાબ આપ્યો " મકુજે ત્હમે રોજ ત્હમારા પેપરમાં માથું ખાઇ જાઓછ કે 'હીંદુસ્થાનના લોકમાં કંઇ હિજજમ નથી ને આપણે હીંદીઓ બધા ઉધ્યોગની કોટાદમાં છઇએ અને પછાટ છઇએ ' તેથી મેં તમારી સુચના પર ધ્યાન આપીને ' દોરાબની કારબોલીક ડીસઇનફેકટીંગ સાદરીઓ ' નામની નવી સાદરીઓની શોધ કીધીછ. મ્હારૂ નામ દોરાબ છે ને આએ મ્હારી નવી શોધ પ્રમાણેની બનાવેલી સાદરીઓ છે."

" સું એજ તે સાદરીઓ છે જે એટલી બધી વાસ મારેછ? " રતુએ નાંખ ચટપટ પકડતાં લગભગ ધુંધાણું ધુંધાણું સાદે પુછયું.

" હાજી, વાસ મારેછ પણ એનો વાસ ઘણો અકસીર છે- એના વાસથી લોહી નેસમાં જોરથી ફરેછ, ને છાતી ઘણી ખીલેછ- આંતરડાંમાં જોર આવેછ ને માથું—"

“ બ્હાર નીકલ—નખોદ ગીઆ ” રતુએ બુમ પાડી “ ત્હારી સાદરીઓ લઇને અહીંથી બ્હાર નીકલ, એના વાસથી મ્હારો જીવ બીવ બગરી આવસે, બ્હાર નીકલ. ”

“ પણ બ્હાર નીકલવાની અગાઉ મ્હારે ત્હમુને એને વાસ્ને બધું સમજાવવું જોઇએ. જોવની આજકાલ બધા મેલેરીઆ ને દાઇપેપસીઆથી લોક ઘણા મરી જાએછ, તેથી કોઇ ફીલસુફ કહેછ કે દાઇપેપસીઆપર ફેફસા ખાવા જોઇએ ને કોઇ કેહેછ કે પપેનાસ છોલીને તેનો ગર બારીએથી નાંખી દઇને તેની છાલ ખાવી જોઇએ, ને કોઇ પોપેસર—”

“ ત્હારા પોપેસર પ્રોપેસરને નાંખ ચુલામાં ને આએ ત્હારી સાદરીઓ અહીંથી ઉંચકી જા, નીકલ—” રતુએ ચીરડાઇને પાછી બુમ પાડી, પણ તેટલાં પેલો પાછો બોલવા લાગ્યો.

“ પણ મેં તો શોધી કહાડયુંછ કે દાઇપેપસીઆ ને મેલેરીઆ કંઇ ઓજરી ને ફેફસાં ખાવાથી નથી જતાં, પણ જો આપરાં બુટના સોલને કોઇ એવી દીસઇનફેકટીંગ ચીજ લાગે ને તે સોલ તેનાથી સાફ થાય તો બીજાના ઘેરમાં આપરે તે બુટ લઇને જઈએ તો આપરે ઉંડતો રોગ તે ઘેરમાં લઇ નહીં જઇએ પણ મ્હારી સાદરી પર સાફ કરીને જઇએ-તેથી જો મ્હારી સાદરી——”

“ ત્હારી સાદરીને બારી મુક, નખોદગીઆ, કોણ જાણે કીઆ ગટરખાનામાથી નવી શોધ કાહારી લાયોછ !—નીકલ——”

મેં ગટરમાંથી નથી શોધી-પણ મ્હારી એ વીસમી સદીની બીલકુલ આએ નવી શોધ એવી છે કે સાદરીને પેહલા કારબોલીક

એસીડમાં ખુબ તરેહથી ભીંજવવી ને પછી ખોદા ત્હમુને સલામત રાખે તે તેને ઘણા દાહાડા સુધી સુકવીને પછી તૈયાર કરવી, જો આએ તે સાદરીઓનું બંદલ છે—એક સાદરી ત્હમુને હું છોરીને બતાઉં——"

"જો સાદરી છોરસે તો હું ત્હારા માથામાં આએ ખુરસી મારીને તારૂં માથુંજ ફારી નાખસ"

"એમ છે!" વીસમી સદીના તે શોધકે કહ્યું "તે કંઇ નહીં, રેહેવા દેઓ. ના જોઓ—એ સાદરીની મુખ્ય ખામી જે છે તે એનો ખરાબ વાસ છે ને તેથી મેં નાંખ પર બાંધવા સારૂ આએ 'નાંખ-તપાસ' નામની દાબરી શોધી કાહાડીછ" અને એમ બોલતાંજ તેણે કુતરાના મોંહાપર બંધાયછ તેવી ઢબની કોઇ ચીજ ચામડાંની બનાવેલી ખેંચી કહાડી.

"એઇ, તું મ્હને અહીં દમ લેવા દેછ કે નથી દેતો? એ વરી સું વાસ મારતું લાગો?" અધિપતિએ પાછું નાંખ દાબી દેતાં કહ્યું.

"એબી વાસ મારેછ?" શોધક અજાયબીથી બોલ્યો "અરે એ તો હું ખાસ નવસાગરનાં પાણીમાં મુકીને ચાર દાહારાવેર કોલનવોટરમાં બોરી લાયોછ—ને ત્હમે છેકજ વરી દારા બારીને પોરા સું કરોછ જો! જે કોઇ મ્હારી સાદરી પચાસ રૂપીઆમાં વેચાતી લે તેને બે "નાંખ–તપાસ" તદન મફત આપી દેવાના—ત્હમે જરા એને નાંખપર બાંધો તો જોવ મ્હારા સાહેબ-લેઓ." પણ જેવો તે "નાંખ-તપાસ" રતુના નાંખ આગળ

ધરવા ગયો કે રતુએ એક અછાટ મારીને તે ઉરાડી મુકતાં બુમ પાડી.

"મીસતર, તહમે હવે અહીંથી કાહારે પરોછ?"

"પણ મ્હારા સાહેબ, તહમેબી સું એમ બૈરાંની કાણી છેરઇ પરોછ! વરી તહમે છાપ્યું જે આપરે હીંદુસ્થાનના લોક ઉધ્યોગની કોટાઇ રાખીએછ——

"ને હું આજેબી તેપરજ એક બીજી આરટીકલ લખું છ."
રતુ બોલી ઉઠયો.

"હં—લેઓ ત્યારે, વરી તહમારા કહયાસર ચાલીને મેં ઉધ્યોગની કોટાઇને દુર કરીને શોધક બુધ્ધી વાપરીને ચચાર દહારા સુધી બેઉ હાથમાં માથું જોસમાં પકરી રાખીને નવી શોધ કાધી જે લોક દાઇપેપસીઆથી હવે અગઉની માફક મરી નહીં જાય કરીને——"

"લોક દાઇપેપસીઆથી હવે જો મરી નહીં જસે તો તહમારી સાદરીના વાસથી તો જરૂરજ મરી જસે" રતુએ કંટાલીને કહયું.

"હવે મેં મ્હારી ફરજ બજાવીછ તો તહમેબી તહમારી ફરજ બજાવો—હું તહમારે વારતે એમાંની એક સાદરી મફત આપું છ ને એક 'નાંખ-તપાસ'બી આપું છ તે મકુજે તહમારા પેપરમાં એક ફાંકડી આરટીકલ લખાને મ્હારા ફોટોગ્રાફ સાથે એક ફકરો છાપજે."

"શું કેહયું?" રતુએ ગુંજલાતા બરાડ પાડી

"મકુજે હું એક એમાંની સાદરી ને એક 'નાંખ-તપાસ' અહીં મુકી જાઉંછ, તહમે તહમારે અસ્તુ ફ્રેહલ્ તપાસીને આજ

કાલમાં એકુ મજાની આરટીકલ——"

"ઓ બેવકુફ ઉલ્લુ, અગર જો તું એ અહીં મુકી જવાની જરાબી કોસેસ કરસે તો કેટકેથીબી પીસતોલ લઇ આવીને ત્હારે ઘેરે આવી ત્હારા માથામાં પીસતોલ મારી જવસ——"

"પણ પીસતોલ મારવાની અગઉ એક જરા નાહ્લો જેવો ફકરોબી તમારા પેપરમાં લેસો કે નહીં?" ઢંકે કલેજે શોધક બોલ્યો.

"નહીં."

"પણ મકુજે, હેડીંગ વગરનો એક ચાર લાઇનનોબી નહીં લેશો?"

"એક લાખ રૂપીઆ આપે તોબી નહીં-નહીં ને નહીંજ લખું." રતુએ નાંખ દાબતાં દાબતાં બુમ પાડી.

"ત્યારે તો ઠીક, ના લખો, પણ ત્યારે ત્હમે હીંદુસ્થાનમાં આપણા ઉદ્યોગની કોટાઇ માટે બરાડાબી શું કરવા ત્હમારા પેપરમાં પારોછ? ત્હમે લોક લખોછ ને તેપર વીચાર કરીને અમે લોક કંઇ નવું સોધી કાહાડીએછ તો ત્હમે જાંખીને જોતાબી નથી, તો હું એમ પુછું કે ત્હમે ત્હમારા પેપરનાં ભરત્યાં કરવાં એમ લખોછ કે સાને વાસ્તે લખોછ?"

"ત્હારૂં માથું ફેરવાને વાસ્તે લખીએછ-હવે અહીંથી જાએછ કે સીપઇને બોલાઉં——છોકરા——"

"ત્યારે તો મકુજે હું જાઉંછ."

દોરાબ સાદરીઓ પાછી બગલમાં મારીને ગયો અને રતુ

લંગરાએ પોતાના એક રીપોરટરને બોલાવ્યો "જોઓની, પેલો પારસી અમને અહીંથી ગીઓ તેની પછવાડે દોડો ને તે પોતાની સાદરીને વાસ્તે શું શું કેહેછ તે રસ્તાપરજ ઉભા રહીને સાંભરી લેઓ, ઉપર બુપપર પાછો બોલાવતા ના–ને પછી તેની બધી વીગત જાણીને તેની વીરૂધમાં એક એવી આરટીકલ તતરાવી નાંખો કે બીજી વખત એવા બેવકુફો આપણી ઓફીસમાં આવે નહીં."

રીપોરટર ગયો, અને બીજે દીવસે ન્યુસપેપર નીકળ્યા પછી "પવનપાવરી ગેઝેટ"પર લાયબલની ફરીયાદી થોકાઇ, બધું થયું, પણ વીસમી સદીના શોધકની તે "દોરાબની કારબોલીક ડીસ ઇનફેકટીંગ સાદરીઓ" હજુણુ બાજારમાં વેચાતી નથી!

૨.

ખાનબાહાદુરનો બાગબાન.

ખાનબહાદુર ચાંદાભાઇનું કુટુંબ માથેરાનમાં બાંધેલા પોતાના ખાસ બંગલાંમાં ગઇ સીઝનમાં રેહેવા ગયું. હવે ચાંદાભાઇ સાહેબે વીચાર કીધો કે પોતાને આવડે નહીં એટલે કોઇ બાગબાન અનુભવ સાથનો મલી જાય તો તેને બગીચો સુધારવા આપવો. અસલ બગીચામાં દરાખના થોડાક માંડવા ને મોસંબીના ઝાડ વેચનાર માલેકે નાંખેલા, પણ તે સુકકા પુકકા ઝાડને સુધારવા તથા નવો મોટો બનાવવા પોતાના ગામ કોલકમાં એક સગાપર ખાનબાહાદુરે લખ્યું કે કોઇ હુમજાન બાગબાન હોય તો મોકલે.

સગાએ લઇને એક હુસ્યારના પુંછડાંને ધાંધલ ધરપચ કરીને બે દાહાડામાં મોકલ્યો. સગાની ઉતાવલને ઇઝઝત આપીને ખાનબાદુરે તો પેલા હુસ્યારનાં પુંછડાંને સારે પગારે રાખ્યો ને બંગલાની પાસે ઝુંપડું તૈયાર થાય તેટલાં બંગલાના વરંડાપર બાગબાનને રેહેવાની જગયા આપી અને રાતના કોઇ જાનવર આવેનો ખપ લાગે કરીને તેને પોતાની બંદુકબી આપી.

સહવારના પોતાના નવા બાગબાનની ખેરઆફીયત જોવા ખાન બાહાદુર સાહેબ વરંડાપર આવ્યા તો બાગબાન નદારદ! ખાનબહાદુરે પોતાની બંદુક સોધી તો તેબી ગુમ શુદ!

ખાનબહાદુર તો વીચારમાં પડયો કે સગાએ ઘણોજ મજેનો

છે કરીને મોકલ્યો ને આએ એમ કેમ ?—એક કલાક પસાર થઇ ગયો તો બાગબાન બગીચાના દરવાજામાંથી દાખલ થતો દેખાયો, તેની ખાંધપર બંદુક હતી અને બીજા હાથે એક મુએલા કુતરાના પુચ્છડી ધરીને તે ઘસડતો હતો ! ખાનબહાદુરે પુછ્યું કે સું વાઘ મારવા જતાં કુતરો માર્યો, તો તેના જવાબમાં બાગબાન મુછમાં હસીને મુંગે મોંઢે પેલા કુતરાને ઘસડીને દરાખના માંડવા નીચે લઇ ગયો.

દરાખના થડ આગલ ખાડો કરીને બાગબાને પેલા કુતરાને તેમાં દાતી દીધો, ને બંદુકની નલીમાં ગોલી મુકીને, બંદુક ખભે ચઢાવી, બુટ ઘાસ પર સાફ કરી, પાછો મુંગે મોંઢે બ્હાર ચાલ્યો.

ખાનબહાદુરે તેને પુછ્યું કે સું હવે તે ખીસકોલીનો શીકાર કરવા જતો હતો કે કેમ ? તો જવાબમાં તેણે નાંખપર આંગલું મુક્યું, ખાનબહાદુરને આંખ મારી, ને ચાલતો થયો.

અરધે કલાકે તે પાછો આવ્યો ને આએ વખતે તેણે એક પીલી કુતરી અને તેનું એક બચ્ચું, બેઉ મુએલાં, ખભે મારેલાં હતાં ! ખાનબહાદુરે ધારયું કે બાગબાનને શીકારનો શોખ હોસે ને સહવારના જરા દીલ બહેલાવવા તે ખીસકોલી મારવા જતાં નેમ ચુકીને કુતરાં મારતો હોસે. પણ બાગબાને પેલા કુતરાંનેબી બીજા માંડવાઓનાં થડમાં દાતી દીધાં અને ખભે બંદુક મારીને ડાચું ગંભીર કરી પાછો બ્હાર ગયો !

આએ વખતે તે સાડા અગીઆર વાગે પાછો ફર્યો, અને હવે તો તેને ત્રણ બીલારાં ખભે મારેલાં હતા ! ખાનબહાદુર અજબ

થઇ ગયા અને તેવણે પોતાના નવા બાગબાનને સવાલ કીધો "સું ગામમાં તમે કુતરાં બીલ્લારાં મારતા'તા ?"

પણ પેલો પેસુ સમજુ બે વખત જવાબમાં ઠાંસ્યો, એક આંખ બંધ કરીને કંઇ વીચાર કરવા લાગ્યો અને મોસંબીના ઝાડ તલે કબર ખોદવા લાગ્યો. બીલ્લારાંને તે ઘોરમાં દાતીને હવે તેણે પાછી બંદુક ભરી, નાંખ રોમાલથી નુંછી લીધું ને પાછી ચાલતી પકડી.

પંદરેક મીનીટ ગઇ નહીં હશે કે ખાનબાહાદુરે બે ગોલ્લી ફુટવાનો સાદ સાંભલ્યો. એક મીનીટ પછી તેવણે જોયું તો બાગબાન પંજાબ મેલની ઝડપે દોડતો હતો, તેની પુઠે પાસેના બંગલાના જમશેદજી દોડતા'તા ને જમશેદજીની સાથે ત્રણ પગનો તેવણનો કુતરો દોડતો'તો !

બાગબાન બગીચાના દરવાજામાં દાખલ થયો કે જીવ લઇને બંગલામાં ધુસ્યો અને દરવાજો બંધ કરી દીધો. પાસેના જમશેદજી જ્યારે ખાનબહાદુર આગલ આવીને ઉભા ત્યારે તેવણનો ત્રણ પગીઓ કુતરો જાણે કોઇને ખાવા માંગતો હોય તેમ ફાંફાં મારતો'તો. જમશેદજીએ ખાનબાહાદુર આગલ ફરીયાદ કીધી કે તેવણના બંગલામાં ધુસેલા માણુસે તેવણના કુતરાના ચોથા પગમાં ગોલ્લી મારીને તેને ત્રણ પગીઓ કરી નાંખ્યો હતો !

જેમ તેમ જમશેદજીને સમજાવીને ખાનબહાદુરે રવાના કીધા અને પછી દરવાજો ખોલાવી બાગબાનને ખુલાસો પુછયો.

"જોવની બા," ખાનબહાદુર બોલ્યા "ત્હમુને મેં અહીં બાગબાની કરવા બોલાવેલા છે, ગોલીબાર ચલાવવા નથી બેલાવ્યા.

ત્હમે એમ બધા ગામના કુતરા બીલારાં મારીને કેહેવાબી તે સું માંગોછ ?"

બાગબાને પાછી એક આંખ બંધ કરી દીધી, એ વખત ડાંસ્યો, અને પછી બોલ્યો "જોવની છ, મ્હારા બાવાએ કહયુંછ કે દીકરા બાગબાનીમાં દરાખના ઝાડના થરમાં જો મુએલા કુતરાં નાંખે, ને મોસંબીના ઝાડના થરમાં જો મુએલાં બીલારાં નાંખે તો ઝાડનાં ફુલ ઘણા મોટા થાય ને દરાખનો દારૂ પેહેલાં નંબરનો ઉતરે-હવે કાલે હું બધાને ઘેરેઘેર ફરીને ઉંદર મારવાનો છૈઉં, કાંય જે મુએલા ઉંદર જો દારમના ઝાડના થરમાં નાંખો તો દારમ ઘણાજ ઘણાજ રસદાર ને સાથે લાગા મોટા મોટા——"

પણ ખાનબહાદુરે વધારે સાંભળયુંજ નહીં, ને નેરલ જતી ત્રેનમાં બાગબાનને બેસાડી દીધો, તેને પછી કોલક મોકલાવી દીધો ને સગાપર એક કાગળ લખ્યું કે તેનો મોકલાવેલો બાગબાન જો ફકટ ચારજ દાહારા માથેરાનમાં રેહેતે તો ગામમાં જોવાનું એક કુતરૂંબી નહીં મલતે !

૩.

મી૦ રેડીમનીની ગાય.

મીસીસ રેડીમની રોજ પોતાના ધણી આગલ બબડયા કરે કે દેરીવાલો દુધ મોકલેછ તે પાણીવાલું મોકલેછ ને ઘેરમાં કાલી કાલી ચાએ પીતા છોકરાં બુમ પાડેછ, તેથી મી૦ રેડીમની આએ વખતે બીલ પોતે હાથે જાને દેરીના માલેકને આપીને તેવણુનો જાડયો કાઢવા ખાંધપર છત્રી મારીને ગયા. ભોગ ચોઘડીએ દેરી વાલો તે વખતે દુધના તામરાઓમાં કેહો પાણીજ નામવા મંડી ગયલો ને મી૦ રેડીમની જઇ લાગ્યા.

“મ્હારા સાહેબ, આએ એમ નરૂં ને ખરૂં દુધ ઘરાકોને વેચોછ કે ? જાહેર ખબર તો પાના ભરી ભરીને આપોછ કે અમો નરૂ ને ચોખું તલ જેવું દુધ વેચીએ છીએ, તે આએ તલ કહેવાય કે દીવેલ ?”

દુધવાલો તો આએ સાંભળીને એકદમ ઉઠયો ને બોલ્યો “શેઠ ખરી વાત ત્હમુને ખબર નથી. જોવની અમણાં અમણાં ગાય ઘોરોમાં એવો એક રોગ ફાટી નીકલ્યોછ કે પેટમાં દુધ ધારૂં થઇ જાય, ને જો એ ધારૂ દુધ એમનું એમજ—એટલે પતલુ થયા વગર—માણસના પેટમાં જાય તો ઉંટયું દુંટયું થઇ આવેછ. એમ તો પરમ દાહારે માસીના કાવસે પતલું કીધા વગરનુ દુધ પીધું તે બીચારો રાતના તો ઉંટીયા તુંટાયામાં ગરોથમાન બેહેસ થઇને

મામા સસરાને આસમાન ઉપર મલવા ગીઓ. મ્હને મ્હારા ઘરાકોની ઘણીજ લાગણી છે, હું કદીબી પાણી નાખ્યા વગરનું દુધ મોકલુજ નહીં. સું નલમાં પાણી નથી ? જરા મ્હેનત વધારે પરે તો તેમાં સું થઇ ગીયું ? હાથ કંઇ ઘસાઇ જાયછ કે ? આએ જરા પાણી નાખ્યું કે જેર પીગલી જાય ને દુધ વગર દરદનું થઇ જાય કે ઘરાક પીને ખુશી થાય."

"ત્હારા બપાનું કપાર" રેડીમનીએ મનમા કહયું.

"ત્હમે જાણોછ તો ખરા" પેલાએ આગલજ ચલાવ્યું "કે ઘણાખરા ડાકટરો બચાંને દુધ પાવા કહેછ ત્યારે તેમાં પાણી નમાવેછ, તે સું કામ ? આએજ મુસ્તકીમ સમજે. તો સુ ત્હમે ઘરાક લોકો એમ કેહેવા માંગોછ કે રોજ રોજ પાણી નામ્રવાને વાસ્તે હું કોઇ ડાકટરની સલાહ લેવા જાઉં ને તેની ફી નો આંકરો ત્હમારા બીલમાં ચરાવ્યા કરૂં ? એમ બનેબી સાહેબ ? નાંખપર નાંખ છે કે ખુપરો ? અને તેથીજ હું વગર પુછવે પરછવે ગુપચુપ પાણી નામીનેજ ત્હમારા લોકપર દુધ મોકલી આપુછ."

"વારૂ, પણ ત્હમે આએ ચાકને પાણીમાં દોહવીને સું કરતા'તા ?" રેડીમનીનું પાણી જવાથી તેણે સવાલ કીધો.

"ચાક ? ઓતતારી, ત્હમે કેઠાં કંઇજ જાણતાંજ નથી ! ચાક સું છે ? ત્હમે હીતસરી-જોગ્રાફી-જોમેત્રી કંઇ શીખ્યાછ કે નહીં ? પ્રોફેસર ઓરંગાબાદ કહેછ કે અગર જો ગાયના ખાવામાં ચાક આવે અને તે ગાયનુ દુધ માણુસના પીવામાં આવે તો રેનડા જેવા માણુસોબી તે લોકની આગલ પાણી ભરે ! તેથી મ્હારા

ઘરાક મજબુત થાય તે મુસ્તકીમ કારણથી હું ચાક પાણીમાં દોહ-
વીને તેનું પાણી દુધમાં રેડું છ–બીચારી ગાયતો જંગલી જાનવર,
તે સું સમજે કે પ્રોફેસરે ચાક ખાવા કહયુંછ, તે સમજતી નથી
તેથી તો ફકટ ઘાસજ ખાયછ, ત્યારે મ્હારા ઘરાકોના ફાયદાને વાસ્તે
ચાકનું પાણી નામવું પરેછ. હું કોઇની દરકાર કરતો નથી, મ્હારૂં
અંતકરણ સાફ છે એજ મ્હને મોટી ચીજ છે. ચાક જો એક
બારગી મોંઘુંભી થઇ જાય તોભી મ્હારે એવું ધાર્મીક કામ તો
ઘરાકોના ભલાને માટે કરવુંજ જોઇએ. એમ તો મ્હારા કમપાઉન્દ-
માંનો કુવો પુરી નાંખ્યોછ તે નલનું પાણી દુધમાં નામવું પરેછ
કેની? ને તેથી મીતરના પૈસા વધારે ભરવા પરેછ કેની, ને——

પણ મી૦ રેડીમની તેનુ વધારે સાંભલવા ઉભા રહયાજ નહીં,
બીલ ચુકવી દીધું, દુધ બંધ કરાવ્યું અને ઘેરમાં જઇને બૈરીને
કહયું કે દુધને સારૂં ગાય પાલવી જોઇએ ત્યાં સુધી સારા દુધની
આશા રાખવી ફોકટ છે.

ગાય પાલવા સારૂ રેડીમની સાહેબ પોતાના બચ્ચાં છોકરાં
સાથે સાનતાક્રુસ રેહેવા ગયા અને ત્યાં પોતાના બગીચામાં ઠરીઠામ
થયા પછી, ગામના એક ફરંગા પાસે ગાય લીધી. ગાય તો લીધી
પણ હવે તેને દોહવવાની મારામાર હતી, દોહવવા સારૂ કોઇ માણસ
મલે તેટલાં વાડીના રાખનાર ભઇયાએ કહયું કે તે થોડા દહાડા દુધ
દોહવસે, જેથી સહવારે તેને દોહવાનું કામ સોંપી ને રાતના લાંબાં
તાંતીઆં કરીને હવે કરારને છવે રેડીમની ચોખું દુધ પીવાનો સ્વ-
પ્નો જોતા સુઇ ગયા.

સહવારે આંઠ વાગ્યા તોબી તપેલામાંથી ભઇઓ નીકળ્યો નહીં, ને છેક સાડાઆઠે નીકળ્યો ત્યારે ખાલી તપેલી લઇને આવ્યો!

"શેઠજી, આપકો સુસરવાને બના દીઆ. ગાઇ તો બીલકુલ દુધ દેવત નાહી, ઓર ચાર ચાર પાંઉસે લાત ઓર સીંગ મારત. ચાર કલાક ભયા હમ માથાકુટી કરત, મગર એક કટરાબી દુધ નહીં દેવત!"

"બહુજ અજબ જેવું." રેડીમની બોલી પડયા.

"મુઆની ફ્રેંટ પકડો–જાઓ" મીસીસ રેડીમનીએ સલાહ આપી.

ભઇયાએ જયારે કહયું કે ગાય ચચાર પગે મારતી'તી ને તે એવી ગાયની પાસે જવાના કરતાં વાઘની સામબે જવાનું વધારે પસંદ કરતો હતો ત્યારે મી૦ રેડીમની પેલા ફરંગાને ઘેર ફરીયાદ કરવા ગયા.

ફરંગો તો તે વાત સાંભળીને બહુજ અજબ થયો અને પોતે મી૦ રેડીમની સાથે આવ્યો અને દુધ દોહવવા લાગ્યો. બધાઓ હયરત થઇ ગયા, કારણ કે ગાય ઘણી શાંત હતી અને મી૦ રેડીમની કહે તેમ હસી હસીને દુધ દોહવવા દેતી'તી!

રેડીમનીએ ભઇયાને બોલાવી મંગાવ્યો અને કહયું 'ભઇયા, તુમ કયસા બોલતા હએ કે ગાય લાત મારતા હએ? એ તો સારી કાણી ઉભા રહીને પુછરી હીલવી હીલવીને ખુશી થઇ થઇને દુધ આપતા હએ."

"ભલા હમ દેખે, એ ફીરંગી કયસા દુધ નીકાલત હએ!' ભઇયો બોલ્યો, અને તે ફરંગો કેમ દોહવેછ તે જોવા સારૂ પલાંઠો

મારીને બેસી ગયો.

પેલો ફરંગી પાછો દુધ દોહવવા બેઠો, જે જોઇને ભઇઓ પોકારી ઉઠયો "અયસા દુધ નીકાલત હએ! સુસરવા હમ તો રામો-સીકા ધંધા બંબઇમે છોટપણુસે કરત તો લુહારકી દુકાનપર અયસા કભી નહીં દેખત."

નખોદગીઆ ચકરમે કેહા નાલબંધને ત્યાં બલદીયાંને નાલ મારતા જોયલા તે એ દુધ દોહવતા સમજેલો, ને તેવી રીતે તબેલામાં જઇને સહવારના પહોરનો ગાયને સીંગડામાંથી પકડીને નીચે તોડી પાડીને દુધ દોહવતા લાત ખાધેલી!

"અબ હમકો ખબર મીલી" ભઇયો હાથપર હાથ થોકીને બોલ્યો, અને રેડીમની સાહેબે એવા ગાવડી નોકર ધરાવવા માટે કપાલ પર હાથ થોકયો.

પણ તોબી તે ગાય સારી નીકલી નહીં, ફરંગી કહી ગેયલો કે ગાય ઘણી સારી ભુખ ધરાવેછ અને રેડીમનીએ તેની ખાત્રી રાખેલી, વલી દુધ ધારૂં આપવાનું સઉ પેલાએ કેહેલું પણ ત્રીજે દીવસે તો ગાયે એકદમ પાણી જેવું દુધ આપ્યું!

મીસીસ રેડીમનીએ આંઠ આના રોજના ઠેડવીને એક માણુસને દુધમાંથી માખણુ બનાવવા સારૂ રાખ્યો, તો આખે દહાડે અરધો રતલ માખણ નહીં નીકલ્યું અને માખણુ જે નીકલ્યું તેબી એવું નીકલ્યું કે કડવું ઝહેર! તેથી મીસીસે તે માખણુ ગાડીના ચાકને લગાડવાના ગ્રીસને ઠેકાણે વાપડયું, જો કે ગાડીના ગ્રીસને સારૂ ગાયના દુધનું માખણુ વાપડવું બાદશાહી કામ હતું તોબી ઘેરની ગાયનું

દુધ પીવાનું હતું એટલે ગલે ગાંઠ ને મોંહે દુચો મારીને બેસવા વગર છુટકો નહીં હતો !

આંઠ દહાડા જેમ તેમ દુખે પાપે ગયા, નવમે દાહાડે ગાયને કોણ જાણે સું ફીકરૂં થઇ આવ્યું તે રસી તોડીને આખી વાડીએ દોડવા લાગી. દોડતાં દોડતાં ચાર પીચનાં ને બે પેરનાં ઝાડ ખાઇ ગઇ ! દશ માણુસો તેને પકડવા ગયા, પેલોજ ભઇઓ રસી લઇને બાંધવા દોડયો, તો તેને તાંકીને એક જે પાથું માર્યું કેની તે ભઇ-યાના તાંતીઆ ઉપર ને માથું નીચે થઇ ગયું ને ફુટબોલની માફક ઉડીને મરઘાનાં પીજરાંપર જઇને ઉંધો પડયો !

જેમ તેમ ગાયને પકડીને તબેલામાં બાંધી ને તેની ભુખ મટાડવા તથા ફરીથી પીચ ને પેરના ઝાડ નહીં ખાઇ જવા સારૂ તેની આગલ ચાર ગાય ખાય તેટલું ઘાસ નાંખ્યું !

ચાર ગાય ખાય એટલું ઘાસ ખાધુંછ એટલે બીજી સહવારે ઘણું દુધ આપશે એમ સમજીને મોહું નુછતાં નુછતાં રેડીમની પોતે ગાયને દોહવતી વખતે પાસે જઇને ઉભા રહયા, પણ તે સહવારે તો ગાયે હમેશનાં કરતાં અરધુંબી દુધ આપ્યું નહી,! રેડીમનીએ વીચાર કીધો કે 'જયારે ઘણું ખાય ત્યારેજ કેહી ગાય જાત દુધ વધારે નહીં આપતી હોસે' તેથી તેવણે હુકમ કીધો કે તે દહાડે ગાયને રાબેતાના કરતાંબી ઓછું ઘાસ નાંખવું.

માણસો શેઠના હુકમ પ્રમાણે ચાલ્યા, તો ભુખી થયલી ગાયે રાતના મસ્તી કરીને રસી તોડી નાંખી ને બંગલાની રાંધણી આગલ જઇને ઓરણુપર ઓરવેલાં દીલનુછના ને નેપકીન ખાઇ ગઇ !

ગાયની અફારઝીક સાંભલીને રેડીમની ચોર આવેલા સમજ્યો ને પોતે જાગૃત છે તેની નીશાની આપવા કાચની બારીમાંથી ધોલ્યાપર સુતા સુતાજ તકીઓ છુટો બહાર ફેંક્યો, તો ભુખી ગાય તે તકીઓબી ખાઇ ગઇ અને પછી આખી વાડીએ ગુલાબના માંડ-વામાં ફરીને બધા ઝાડપાન છુંડી નાંખ્યાં!

બીજી સહવારે મી૦ રેડીમનીએ પેલા ફરંગીને પાછો તેડાવી મંગાવ્યો, દસ રૂપીઆ ઓછા લઇને ગાય પાછી તેનેજ આપી દીધી, ગાડીમાં બેસીને ફેમીલી સાથે પાછા મુંબઇ આવ્યા અને દેરીનુંજ પાણીવાલું દુધ પાછું મંગાવવા લાગ્યા! તેવણને અનુભવ મલ્યો કે પાણીનું દુધ પરવડે પણ ઘેરની ગાય નહીં પરવડે!

૪.

પોણ્યાશંકરનો સંત્રી.

ઉકરડા ગામની મ્યુનીસીપાલીટીના ચેરમેન મી૰ પોણ્યાશંકર હતા અને તેવણુને ગામના લોક ઉજડ ગામમાં એરડો પ્રધાન એટલે બધા બહુ માન આપતા હતા. મી૰ પોણ્યાને કોઇ પુછનાર પરછનાર નહીં એટલે ગામમાં જેમ ગમે તેમ મજાહ મારતા અને દીવાલીને દહાડે તેવણુના છોકરા સારૂ ફોડવા માટે ફટાકડાબી લોકો તરફથીજ મફત આવતા હતા!

એક દહાડે પોણ્યાને વીચાર આવ્યો કે રાજા માહારાજાઓ પોતાના મેહેલ આગલ સંત્રીના પોહરા રાખે તેમ તે કોઇ ગામના મજુરને મફતમાં કાંય નહીં પોતાની મેડી તળે દર રાતના પોહરાપર ઉભો રખાવે? ઉકરડાની મ્યુનીસીપાલીટીની બીજી સીટીંગમાં પોણ્યાએ સંત્રી રાખવાની દરખાસ્ત મુકી અને ભાંગેલા બાંધુના ટેકા સાથે બીજા મેમબરોએ ઉભા થઇને દરખાસ્ત પસાર કીધી—દરખાસ્ત પસાર થઇ કે તેજ રાતના એક ચકડોલ દુબલાને ખાધા પીધા બદલ આખી રાત પોહરો ભરવાનો પોણ્યાશંકરે હુકમ કહાડયો. પોણ્યો ઘેરમાં સાદરી પર સુતો ને તેનો સંત્રી ચોકી કરવા લાગ્યો.

સુતા સાથે પોણ્યાને એક મીઠી ઉંઘ આવી ને આંખ લાગી તેટલાં નીચેથી કોઇએ મોટેથી બુમ પાડી.

" માબાપ. "

આંખ ચોળીને જેમ તેમ ઉઠીને બારી આગળ જઇને પોપટા એ પુછ્યું "કોણ છે રે! ઘેડો રાતના કેમ આવ્યો ? ઘરનુ બરણ લાગ્યું છે કે શું?"

"નારે સાબ, ઘરનુતો નથી લાગ્યું પણ હું ત્હમને જગાડતો છું"

"પણ તું છે કોણ ?" પોપટાએ ઉંઘની લહેકીમાંજ પાછું બારીએથી પુછ્યું.

"ત્હમારો છતરી."

"છતરી શેની ? વરશાદને તો હજી વાર છે ને છતરી અત્યારમાં કોણ લાવ્યું ?"

"એ પોપટાશંકર શેઠ, છતરી નહીં, છતરી નહીં, એ તો હું ત્હમારા ઘર આંગર પહેરો ભરવા રાખેલો ત્હમારો શશતરી છેઉં, શશતરી, માબાપ."

"કોણ, સંત્રી ?" સમજ પડવાથી હવે પોપટાશંકરે હુશ્યારીથી વાત કીધી "તે અલ્યા અપપટ, ત્યારની વાત થઇ માબાપ માબાપ શેનો કરેછે ? માબાપ તો ભંગી લોક બોલે. વારૂ, શું કહેછે ?"

"હું એમ કહુંછું મહારાજ કે આપના ઘરમાંથી બોકરી ભાગી ગઇ તે મેં તેને પકડીને પાછી બાંધી લીધી." સંત્રીએ કહ્યું.

"એ બકરીને બાંધીને ? તો ઠીક કર્યું. બહુ હુસ્યાર માણસ છે, આવતે મહીને ત્હારો પગાર કરાવીશ—હો બેટા, એમજ

આખી રાત હુશ્યારી રાખજે. "

અને તેને શાબાસી આપીને પોણચો ચટાઇપર સુતા સુતા અલીને કહેવા લાગ્યો " અલી, આ માણુશ બહુ સારો મલ્યો છે હો. સંત્રી તો એવો બન્યો છે કે જાણે કોઇ મહારાજાના કીલ્લાનો પહોરેગીર ! બકરી છુટી ગઇ તો એણે બાંધી રાઉ દીધી ! "

પણ અલીએ તો ઉંઘતા ઉંઘતા " હા-હા " કર્યા કીધું, અને પાંચ મીનીટ પછી પોણ્યાંશંકરબી ઉંઘી ગયા.

હજુણ તો પંદર મીનીટ ગઇ નહીં હશે તેટલાં પાછી બુમ પડી " ઓ પોત્યાલાલ શેઠ, ઓ પોત્યાલાલ શેઠ "

આ વખતે અલી ગભરાલી અકરાયલી ઉઠી "એ કુણ શે ? "

" એતો હું છેઉ પોત્યાલાલ શેઠ. " સંત્રીએ કહયું.

" કુણુ શંનતરી શે ? તો મેર મુઆ ગાંડા, શેઠનુ નોમ પોત્યાલાલ નથી, ઇતો પોણ્યાશંકર શે ! પોણ્યાશંકર. " અલીએ સંતરીને સમજાવ્યું.

" ઠીક તો પોણ્યાશંકરને કહો કે જરા ઉઠે. "

અલીએ ગભરાત અકરાત કરીને પોણ્યાશંકરને ઉઠાડયા, પોણ્યાશંકર ગાલ દેતા દેતા ઉઠીને બારીએ આવ્યા, અને પુછયું " એ શું છે ? "

" એ મ્હારૂં કેહેવું એ છે કે આપ જરા બારી બંધ કરીને સુઇ જાઓ, કારણ કે બારી ખુલ્લી રેહેવાથી પવન બહુ અંદર જાય છે અને પવનથી ત્હમારો ઘાશલેટનો દીવો બુઝાય જાય તેમ થાય છે. જો દીવો બુઝાઇ જાશે ને અંધારૂં પડી જાશે તો પછી

ત્હમને ઉંઘ કેમ આવશે ! ”

અલી તો આએ સાંભળીને બારીએથી છુટું ખાસડુજ મારવા ગઇ, પણ પોણ્યાએ તેનો હાથ પકડી લઇને સમજાવી દીધી કે નવો માણસ હતો અને કામ કરવાની ઉલટમાં જરા છબરડોબી કરતો હતો, તો તેમાં ખીજવાવું નહીં પણ સહન કરી જવું.

આખરે બારી બંધ કરીને પોણ્યો ને તેની અલી સુઇ ગયાં, અરધોએક કલાક ગયો નહીં કે પાછો અવાજ આવ્યો “ પોણ્યા-શંકર શેઠ, ઓ પોણ્યાશંકર શેઠ, ઉઠો. ”

“ કેમ શું છે ? ”

“ આ આપણા ઘરની બલાડીએ ઉંદર મારયું છે તે તેને ગલી જવા દેઉં કે ઉંદરાને મુકી દેવા સારૂ તેને મ્હારા હાથમાનો સોટો મારી દઉં ? ”

પોણ્યાશંકર તો આ વાત સાંભલીને હવે ધેલો ને ગાંડો થઇ ગયો “ અરે ચકરમ, ઉંદરા ને બલારા વચ્ચે ત્હને પડવાની શી જરૂર ? તું પાહરો ભરેછે કે ઉંદરા જુએ છે ? બરાબર ફરજ બજાવ નહીંતો ખાધાની શાકભાજીમાંથી રસોઇયાને કહીને ઓછું કરાવી દઇશ. ”

અને હવે દમ આપીને તે સુઇ ગયો.

પણ બીજો એક કલાક ગયો નહીં તેટલાં પાછી બુમ આવી “ ઓ પોણ્યાશંકર શેઠ ઓ પોણ્યા, પોણ્યા. ”

પણ આ વખતે સંત્રીના દીલપર જોશમાં એક ખાસડું આવીને લાગ્યું, જેથી તેણે બુમ પાડી “ એ ખાશડું કોણે મારયું ? ”

" મેં માર્યું. મુઆ અપપટ. ખાલી પોણ્ગો કણે કહે છે ?" અલીએ બારીએથી ચીચવઇને પુછ્યું.

" તો ખાલી અને ભરેલો તે કહેવો હોય ? " સંત્રીએ સવાલ કીધો.

" ત્હને પોણ્યાશંકર કહેતા શી વાઇ ભરાય છે ? પોણ્ગો પોણ્યો કેણે કહે છે ? પોણ્ગો તો મુઓ તુંજ છે " અલીએ દમ ભરાવ્યો.

" તો ત્હમે નામ બદલી કાંય નહીં નાંખતાં ? પોણ્યા ને અરધીઆં તે કંઇ માણુસના નામ હશે ? " સંત્રીએ વલતો દમ દીધો.

" પણ શંકરમાં બધું સચવાઇ જાય છે તો પછી તને પોણ્યાની સાથે શંકર લગાડતા શી વાઇ થઇ આવે છે ? વારૂ, તું કહેવા શું માગે છે ? "

" હું એમ કહું છું કે હવે હવા થોડી થઇ છે ને બહુ નહીં લાગવાથી બતી બુઝાશે નહીં તે બારી ખુલ્લી કરો—બારી ખુલ્લી નહીં કરશો તો અંદરની ગરમીથી ધાશલેટ સલગી જાશે, ને ધાશલેટ સળગશે તો આગ લાગશે. હજી આગ ત્હમારા ઘરને લાગી તો નથી—પણ કદાચ લાગી જાય——"

પણ બીજી સપાટ તેજ વખતે આવીને તેના માથા ઉપર પડી અને જોશથી બારીના થોકાવાનો ને કોઇના જમીનપર પડવાનો સાદ આવ્યો.

બલારાએ બાચકુ ભરેલું સમજીને પોણ્યાશંકર એકદમ જબ-કીને ઉઠી ઉભો થયો અને જોયછે તો તેની બાયડી તેનાં મોંઢા

આગળ બેસીને રડતી હતી. અને તેને નખરયા મારતી ને કડતી'તી ! કારણ પુછ્યું તો ડચકા ખાઇ ખાઇને અલી બોલી " આ મુઆ તમારા શનતરી શનતરાને હમણા રાત્રીએજ કાઢી નહીં મુકશો તો હમને કરડી ખાઇશ. "

મનમાં ને મનમાં સતરસો ગાલ દેતો પોણ્યાશંકર ઉઠયો ને નીચે જઇને સંત્રીને સમજાવ્યો કે ગામમાં બાર વાગા પછી પોહોરો ભરવાનો કાયદો નહી હોવાથી તેને જઇને હાલમાં તો સુઇ જવું-પણ આખી રાતની બોલીએ રહેલો સંત્રી તો ત્યાંથી હઠતા હઠે નહીં, આખરે તેના હાથમાં બે રૂપીઆ લાવીને પોણ્યાશંકરે મુકયા ત્યારે સમજી સુજીને સુવા ગયો.

સહવારના ઉઠતાને વાર પોણ્યો મ્યુનીસીપાલીટીના બધા મેમબરોને ઘર ગયો અને સંત્રી રાખવાની દરખાસ્ત ઉડારી મુકવાની ભલામણ કાગલ ઉપર લખાવી લાવ્યો, અને તાબરતોબ ઘરે જઇને પેલાને તેને ઘરેબારે રવાના કરી દીધો.

પોણ્યાએ અને પોણ્યાની અલીએ હવે કસમ ખાધા છે કે રાજા મહારાજાની માફક કદીબી સંત્રી રાખવા નહીં, કારણ કે તે કામ તો તે લોકનેજ શોભે !

૫

બાપાસોલાની ચાલીશ વરસની બુચી !

કોરપોરેશનની ચુટણીનો તે હીંગામ હતો અને મેમબરો પોતાને માટે મત મેલવવા પોતાના પીછાણવાલાઓમાં જઇને સાહેબ સલામ કરીને મલતા હતા. મી૦ બાહાદુરજી ગાંધી પાસેના બંગલામાં નવાં આવી વસેલાં ભાડુતને ઘેર જઇને કંઇ ઓલખાણ પાડી શકાય તો તેમ કરીને દરવાજે ઠોકીને ઉભા. ચાલીસ પીસતાલીસ વરસની ઉમરની એક બાઇએ દરવાજો ખોલ્યો ને "આવોજી" કરીને મી૦ ગાંધીને બેસાડયા.

"કેમ બાવા કંઇ તજદીર લીધી ? તમે કોણ, રતનબાઇ ભોમીશાના જેઠ થાઓ કે ?" પેલીએ મી૦ ગાંધીને બેસાડીને પોતેબી સામે એક ખુરસીપર બેસતાં પુછયું.

"નહીંજી, તેવણ તો કોઇ બીજા હોસે——" પણ મી૦ ગાંધી વધારે ખુલાસો કરે તે અગાઉ તો પેલીએ પાછું ચલાવ્યું.

"હંઅ, તે મકુજે બાવા તમે કેની તે તદનજ ભોમીશાના જેઠ જેવા લાગોછ તેથી બોલી—વારૂ, તે તમે ત્યારે કોણ ?"

"હું તો તમારી પાસેનાજ બંગલામાં રેહુંછ, મ્હારૂં નામ બહાદુરજી ગાંધી છે, ને હું તમારા બાવાને એક ચોકસ કામને વાસ્તે મલ્યો તેની યાદ પાછી દેવરાવવા અહીં આયોછ ને જરા તરા તમારૂં મકુજે ઘેરબારબી જોવા આયોછ."

" હંઅ " પેલીએ કહયું " એમજ આપરા પારસીઓએ બગારીયું તો, ના ઓરખાણ—ના પીછાણ ને એમ લોકના ઘેરબાર વગર બોલાવવે તેરાવવે જોવા જઇને અમથી જુઠ્ઠી ચાવાચાવી કરીનેજ તો આપરે ઇરાનનું રાજ ખોહયું કેની ? તેમ વરી ત્હમે આયાછ ! "

મી૦ બહાદુરજી તો તે બૈરીને જોતાંજ રહયા, ને ઇરાનના રાજનો નવો ઇતીહાસ સાંભલીને પોતાને મલેલા સરપાવથી તેવણને બરડે પાણી ઉતરયું !

" નહીંરેજી, હું તો ત્હમારા બાવાને મલવા આયોછ "

" બાવાજી તો બહાર સધાવ્યાછ—પણ ત્હમુને હું જે કેહું તેના જવાબ આપવા પરસે " પેલીએ સરખી બેસતાં કહયું.

મેમબર સાહેબ તો સમજી ગયા કે આએ કેઠું ચકરમ વાજું હતું, પણ હવે કરે શું ? હામા હા મેલવ્યા વગર છુટકો !

" જી, બોલો. "

" જોવની " પેલીએ હાંસીને ચલાવ્યું "મ્હારૂં નામ આંઇબાઇ રૂસ્તમજી બાપાસોલા છે. "

" આઇબાઇ કે આઇમાય ? "

" બરે, માય ને બાવા સું બર્યાછ ? હું સું ઘડડી ખોખી છેઉં કે મ્હારા નામ સાથે માય મુકે ? આઇ ને બાઇ, આઇબાઇ, હવે ત્હમે સમજ્યા ? અંહ, તે મેં સું કેહયું ? "

મેમબર સાહેબની હવે જરા વધારે ખાત્રી થઇ કે સામે બેઠેલું વાજું જરા વધારે ચકડોલ હતું, તેથી તેવણે અકરવકર કરતાં કહયું

"જી ત્હમે ત્હમારૂં નામ કહ્યું."

"હા, ખરેખર, જોવનીજી—મ્હારૂં નામ આઇઆઇ, હું મ્હારા બાવાજીની એક પુરી છોકરી થાઉં ને માયજી મ્હને નાલ્લી મુકીને મરી ગેયલાં."

મેમબર સાહેબે મનમાં વમાસ્યું કે માયજી નાલ્લી મુંકીને મરી ગયાં તેમાંજ એવણુ કેઠાં બીચારાં જરાં મેડ રહી ગયાં!

"માયજી મરી મીઆં ને હું કુમારી રેહી ગેઇ!" આઇ બોલી.

"પણ બાવાજીને કેહોની કે પણુણાવે!" મેમબરનું હવે પાકી જવાથી તેવણે જરા મોટે સાદે કહ્યું.

"બાવાજી તો કેહેછ કે એવણુને બધા પાધરીનાજ ઘરાક મલેછ, ને એમ બધા પાધરીના ને ફેંટાના ને બદીઆનના ઘરાક મલે તો પછી મ્હારૂં શું થાય?" કરીને આઇ તો રડી પડી!

મેમબરે મનમાં સરસવતી ભણી ને ઘેરમાંથી બહાર નીકલતાં સામબો હજામ મલ્યો તેના પાપ પોતાને આજે નડેલા સમજ્યો. તોબી તે બોલ્યો "ત્હમારા બાવાજી જો મ્હારૂં કામ કરે તો હુંબી ત્હમારૂં કામ કરી આપું."

"જો બાવાજી ત્હમારૂં કામ કરે તો ત્હમે મ્હારી સાથે પણુસો?"

મેમબરે જોયું કે આએ તો ગાંદાં પાસે કાંદાં છોલાવ્યા!

"નહીંરેજી, હું સાનો ત્હમારી સાથે પણુણું? હું તો પરણેલો છેઉં ને તન છોકરાંબી છે—એ તો મકુજે હું કોઇ મ્હારા ઓળખીતા પારખીતામાં ત્હમારે વાસ્તે બે બોલ કેહું, મકુજે ત્હમારી ઉંમર શું?"

"જી, બાવા સાથે ફરવા જાઉંછ તાહારે પચીસ વરસ ને ઘેરમાં હોઉંછ તાહારે ચાલીસ વરસ."

"ને નાટકમાં જાઓછ ત્યારે?" મેમબરે પુછયું.

"તાહારે તો વીસ વરસ પુરાં." બાઇએ કહયું "હવે હું મ્હારી વાતપર આઉંછ. મકુજે ત્હમે અહીં આજે સું કરવા આવા, મ્હારૂં કાજ કરવા?"

"નહીંરેજી, મકુજે હું કોરપોરેશનનો મેમબર છેઉં, ને હવે વધારે વખત તેમ રેહેવા માંગતો હોવાથી ઇલેકશનમાં ત્હમારા બાવા કંઇ મદદ આપે તો સારૂ એમ કેહેવા આયોછ."

"તે બાવા કોઇનેજ રૂપીયા ધીરતા નથી."

"પણ રૂપીઆ કોણ માંગેછ? હું તો દોસ્તીની મદદની વાત કરૂંછ. કોરપોરેશનના મેમબર———"

"કોરપોરેશન તે સું, હં મી૦ ભોમીશા?" બાઇએ કહયું.

"મ્હારૂં નામ ભોમીશા નહીં પણ મી૦ બહાદુરજી ગાંધી, ને કોરપોરેશનની ત્હમુને સમજ જોઇએછ તે એમ કે જાણે એક દરબાર જેવી દરબાર ભરાય———" પણ ઉંડી સમજ આપવા જતાં મી૦ ગાંધીનેજ ભારી પડી ગયું, કારણ કે દરબારની ખુબી સમજવા પેહેલ્લાં બાઇ બોલી ઉઠી.

"તે દરબારમાં સાહેલીઓ ગાએ બજાવેબી કે?"

"ત્હમે સમજ્યા નહીં, જાણે સભા મલે—મીટીંગ મલે ને ત્યાં શેહેરની અગત્યની બાબદો હાથ ધરીને તેમાં મુજાહેમત ચલાવી કામ સરંજામ ઉતારવામાં આવે."

" સંજાણુમાં કોણુને ઉતારે ? "

" સંજાણુમાં ને બીલાડમાં સાનું ઉતારે ? એતો મકુજે કામ સરંજામ ઉતારે, એટલે કામ પાર પાડે. "

" હુંઅ " આઇએ કહયું ને તેણે હવે ખુરસી વધારે આગલ ખેંચી " જોવનીજી, ત્હમે તો મરૂં મ્હારા બાવા બપાવા જેવા લાગો તે મરૂં ત્હમારી ઓપરેશનમાં મ્હારીઅી——"

" ઓપરેશન નહીં, કોરપોરેશન-કોરપોરેશન. "

" હુંઅ, તે જે હોય તે, તેમાં મ્હારીઅી એક દરાખશ મુકો તો ત્હમારી——"

" દરાખશ સાની ? અરે તાંહાં જારપાન નહીં મુકાય ! " મેમ્બરે ખુલાસો કરી દીધો.

" હું કાંહા જારપાનની વાત કરૂંછ જો મી૦ બોમીશા, અરે મકુજે મી૦ ખાનબહાદુરશાહા, હું તો કેહુંછ જે મ્હારીઅી એક વાત છે તે ત્હમારા કોપોરશનની સભામાં મુકી દેઓ. "

" તે ત્યારની વાત થઇ દરાખશ દરાખશ સું કર્યા કરોછ જો બીસ બાપાસોલા, એમ બોલોની કે દરખાસ્ત, ત્હમે ઇસકોલમાં ગયલા કે નહીં ? "

" જી, હું નાલ્લી ઉતી ને માય ગુજરી ગીઆ તે બાવાએ ઇસકોલ નહીં મોકલી."

મેમબર સાહેબ સમજી શકયા નહીં કે આઇ નાલ્લી છતાંઅી તેની માયના ગુજરવા સાથે સ્કુલને સું સંબંધ હશે ! પછી અખાડા કરી જઇને કહયું " ચાલોજી હું જાઉંછ. "

" નહીંરેજી, હવે ત્હમે એમ સું છેકજ દોરા ખારોછ ! હવે બાવાજીબી આવતાંજ હોસે—ત્હમુને ચાએ જોઇતી હોય તો મંગાઉં——આયા, ઓ આયા, એક કપ ચાએ અહીં આપરા મી૰ ખાનબાહાદુરશાહને વાસ્તે લાવ. "

" બાનુ, મ્હારૂં નામ ખાનાબાહાદુરશાહ નથી—પણ અમથા બાહાદુરશાહ છે. " મેમબર સાહેબે ખુલ્લાસો કીધો, ને હવે તો દુખે પાપે આઇના બાવા આવે ત્યાં સુધી બેસવાનો વીચાર કીધો.

" વારૂ, તે અમથા બાહાદુરશાહને વાસ્તે લાવ—આયા, સાંભરેછ કે ? એક કપ ચાએ લાવ, જો રકાબી ભાંગેલી ના લાવતી."

અને ચા આવી તે પીના મેમબર સાહેબ બોલ્યા " હંઅ, તે મીસ બાપાસોલા ત્હમારી દરખાસ્ત સું છે ? "

" ત્હમારી દરબારમાં મકુજે મ્હારા જેવી કુમારીં છોકરીઓના લગન કરી આપવાની બરખાસ્ત મુકી દેઓની. "

" અમારી કોરપોરેશનમાં લગનની દરખાસ્ત કદીબી મુકાયજ નહીં." મેમબર સાહેબ ભાર દઇને બોલ્યા.

" પણ ત્હમે એવી દરખાસ્ત મુકસો તો બાવા ત્હમારીપર ખુસી ખુસી થઇ જસે—જોવ મેં એક ચોપરીમાં વાંચ્યુંછ કે " આપણા ધેશમાં ગરદ કરતાં ઓરત બે પુરનાનગ ને એક અસથમાઉંસ વધારે છે." એ ધેશ સું બર્યુંછ હં મી૰ બાહાદુરશાહ ?"

" ત્હમે તે ચોપરીમાંથી કેહું એમનું એમજ માને કીધેલુ બોલોછ !—છાપનારની ભુલથી દેશને બદલે ધેશ છપાયુંછ. "

" હંઅ, તે મહને એ ચોપરીવાલાની વાત ખરીજ લાગેછ,

ત્યારે ત્હમે બીજી બીજી બાબદ કોપરેશનમાં લેઓ તેના કરતાં બે પુરનાનંગ ને એક અસઠમાઉંસ બૈરા વધારે છે તે ી વાત કાંય નહીં લેતાં ? "

" પણ એતો કુદરતની વાત છે. માટીડા કરતાં બૈરાં વધારે હોય તો તેમાં કારપોરેશન સું કરી સકે ? "

"રંડાયલા બૈરાંઓને બહારગામ મોકલાવી દેઓ, ને મ્હારા જેવી કુમારી છોકરીઓને પણુણાવી દેઓ. જોવની, એમ તો મ્હારા ફુઇની વાત ત્હમુને કેહુ, મ્હારા કરતાં ફુઇ મોટટાં ને તોબી ફુઆ ગુજરી ગીઆ તો ફુઇ નાતરૂં કરી ગીઆ ! એ તે કંઇ વાત કેહેવાય ? હું તેવણના કરતાં નાહ્લી ને કુમારી ઘેરમાં રેહું, ને તેવણ નાતરૂં કરી જાય ? "

" પણ ફુઇમાં ત્હમારાં કરતાં મીઠું વધારે હોસે. "

" અરે ધાનદારમાં તો હંમેસ મીઠું નાંખતાં ભુલીજ જાય "

મેમબરે મનમાં ને મનમા મીસ બાપાસોલાની અકલપર પુરો મુકયો ને ઉઠતાં ઉઠતાં બોલ્યા " બાવા તો હજુર નહીં આયા, હું જાઉં છ. "

"મ્હારા સમ ત્હમે જરા બેસો, બાવા બોય આવતા હોસે, આયા એવણને વાસ્તે જરા ચાએ લાવ. "

" અરે પણ કેટલીક ચાએ પીવરાવ્યા કરસો ? અમના તો પ્યાલું ભરીને પીધી "

" પણ ત્હમે મકુજે ઉઠી ઉઠીને જવા માંગોછ તે હું ચાએ પીવરાવ્યા કરૂંછ—શું કરૂં ? મ્હારા સમ, ત્હમે બેસો."

અને મેમબર સાહેબ બેઠા કે આઇબાઇએ દરબાર બરખાસ્ત કીધી, અરે નહીંરે, આઇએ દરબારમાં દરખાસ્ત મુક-વાની વાત પાછી શરૂ કીધી "જેવનીજી, મી૦ શાહબાહાદુર—"

" નહીરેજી, મ્હારૂં નામ બાદુરશાહ છે. "

" હંઅ, તે મકુજે ત્હમે એવી વાત ત્હમારી કોપરશનમાં મુંકો કે મ્હારાં ફુઇ કાંય નાતરૂં કરી ગીઆ ને હું કાંય કુમારી રેહા ગેઇ ? શું ફુઇજીનું એ કામ ગુનાહ ભરેલું નથી ? જયારે એક ઐરૂ આજમી એક મરદ આજમી કરતાં બે પુરનાનગ ને એક અસથમાંઉંસ વધારે હોય ત્યારે તે બીજો વર કરે તો તો પછી તો તે ચાર પુરનાનગ ને બે સોલાઆંઉસ વધી જાય તો પછી હું જે કુમારી છેઉં ને બે પુરનાનગ ને એક અસ્થમાઉસ વધારે છેઉ તો મ્હારા કરતાં ફુઇ જે ચાર પુરનાનંગ ને બે સોલાઆંઊંસ વધારે થઇ ગીઆછ તે કાંય નહીં બે પુરનાનગ પરથી ચાર પુરનાનગ ચરી જઇને મ્હને આઠ પુરનાનગનો ગેરફાયદો કરે ? "

પણ મેમબરે વીચાર કીધો કે તે પોતે એ પુરનાનગ ફુરના-નગની વીચીત્ર ગણતરી સમજીજ શકતો નહીં હતો !

" પણ મીસ બાપાસોલા, ત્હમે એ બધા પુરનાનંગ ને અપુ-રનાનંગના દોહરાં દોહવીને કેહેવાબી તે સું માંગોછ ? "

" હું કેહેવા એ માંગુછ કે જો ફુઇજી નવા ફુઆ સાથે પણતે નહીં તો ફુઆ કુમારાજ રેહેતે ને તેવણ કુમારાજ હોતે તો પછી બાવા મ્હારે વાસ્તે તેવણને પુછતે કેની ? "

કપાલ્ર એનું બાવા પુછતે ! એ નખોદગેઇ બોલ્યા કરે તેમ પેલાને ખુરસીમાં અકરવકર થયા કરે ને કાહારે પેલો બાપાસોલો આવે તો છુટકો થાય તેની વાર જોયા કરે !

"જાવ ત્હમારે કોરપોરશનમા એટલુંજ કરવાનું છે કે રંડાયલા બધા પુઇ જેવા બૈગંઓને બહારગામ મોકલી દેવાના."

"પાંજરાપોલમાં મોકલી દઇએ તો કેમ ?" મેમબર સાહેબે ચેષ્ટા કીધા.

"હા, તાંહાબી મોકલસો તો કંઇ અરચણ નથી, પાંજરાપોર કેવું છે? તાંહાં એ લોકની જગા થસે કેની ? મેં નામ તો સાંભરયુંછ પણ બાવાને પુછતાં ભુલી ભુલી જયા કીધેલી—ને બાવાબી એવા છે કે કદી મદી નુસ વાંચે તેબી મ્હને નહીં કહે. અ.એ.આખો દાહારો આયા સાથે ઘેરમાં ફાંફાં મારવાના——"

"હવે હું જાઉંછ" આખરે કંટાલીને મેમબર સાહેબ ઉઠતાં ઉઠતાં બોલ્યો.

"નહીંરેજી, ત્હમુને મારા સમ છે જરા બેસો. બાવા આવે તાંહાં સુધી બેસો—આયા, એવણને વાસ્તે ચાએ લાવ——"

"બરી ગઇ ત્હમારી ચાએ, મ્હને જવા દેઓ——"

"જો જો ના જાવ, જોવની દરખાસ્તમાં એટલીબી અરખાસ્ત મુકજોની કે જો આઠ પુરનાનંગ ને સોલ ચતુરથમાંઉંસ જેટલા પુઇજી મ્હારેથી વધી જાય ને કદાચ નવા પુઆબી ધપી જાય ને પુઇ તીજું ઘેર કરે તો સોલ પુરનાનંગ બત્રીસ અસ્મવનાઉંસ પુઇ વધે ને હું— .."

પણ તે બોલી રહે તેટલાં તો મી. ગાંધી ચચાર ફાંડીએ દાદર ઉતરીને ન્હાસવા લાગ્યા, તેવણે માની લીધું કે હવે જો વધારે વાર એ અસતમાઉંસ બસતમાઉંસની વાત સાંભલી તો ચકરમ સાથે ચકરમ થઇ જવાનો સોદો હતો !

૬.

કાદરના છોકરાએ લીલાઉં લીધું !

એક દાહાડો મુસાભાઇ વ્હોરા પોતાના પાડોસી કાદરભાઇને રસ્તામાં મલ્યા. મુસાભાઇએ કહ્યું " એ કાદરભાઇ શેઠ, આ ત્હમારા ઘરની પીછવારે બધો સામાન પરો છે એ નકામો છે, એ કાંહાંસી લાવ્યા ? "

" કાદર ભાઇએ કપાલ પર હાથ મારતા કહયું કે "અરે બાપા, આપણે બુધાઓ વેપાર કરીએ તે કયાં ને આ આપના બચ્ચાં છોકરાં વેપાર કરે તે કયાં ? હું જાણું જે હવે ઘડપણ આવું તે આખો દીવસ બેસીને ખુદાની બંદગી કરૂ તેથી વેપાર રોજગાર છોકરાના હાથમાં આપ્યો, તે છોકરો એવું કામ કરે છે કે હવે જો હું વીચમાં ના જાઉં તો એ ઘરબાર પણ વેચાવી નાંખસે."

" પણ હવે ત્હમે વીચમાં સું કામ જાઇને પહરેજગારી છોડી દઓ છો ? છોકરાને હુકમ કીધો કે ફલાણું કામ ના કરવું

ને ફલાણું કામ કરવું તો બસ." મુસાભાઇએ સમજણ આપી.

"પણ માને છે કોણ ?" કાદરભાઇએ અફસોસ કીધો: "એ ઇંગ્રેજી ઇસકુલમાં ગયો છે તે પોતાને બહુ આકેલ સમજે છે, પણ કસીને વેપાર કરવો તે જુદી ચીજ છે અને નાંખપર ચસમો મુકીને સોનાના ઘડીયાલ છેડા સાથે રમત કરતાં જઇને વેપાર કરવો તે જુદી ચીજ છે. એને જે કામ આવડે નહીં તે પણ કરેછે ને એકના બમણા કને મ્હારી ખુદની મીટટી બરબાદ કરવાનું કામ લઇ બેઠોછો. લીલાઉંની બારાખડી એ જાણતો નથી ને હમેશ લીલાઉમાં જઇને કાંઇ એવું ડોહાચાણુ દોહવી દે છે કે લાહોલવલ્લાકુવવત !"

"ત્યારે એ ઘરની પીછવારે નકામો માલ પરો છે એબી એ લીલાઉસીજ લાવો કે ?" મુસાભાઇએ સવાલ કીધો.

"લીલાંઉસીજ ! મેં એને ના કીધું, પણ માને છે કોણું ? ઓલા દીવસે નાટકવાલા લેસે કરીને લીલાઉંમાંસી પાંચસોવાર મખમલ ઉપારી લાવો, તો મખમલ એવી કે નાટકવાલો સું માથું ફોડવા લે ! બીલકુલ સરેલો માલ, તે આખરે ઘરનાં છોકરાંઓની લુંઘી ને ઇજાર બનાવી અને એની બાયડી હમણાજ વીઆઇ છે તેના પોરીઆના બોરત્યાં કીધાં ! મખમલના બોરત્યાં, એ આપણે વેપારી ભાઇને છાજે ?" મુસાભાઇની ગમ જોઇને કાદર ભાઇ બોલ્યા "અરે તેટલાસીજ વાત આવીને અટકી હોત તો સારૂં થાત ! મ્હારા ભાઇનો છોકરો અલી એ મખમલનો દગલો પેહેરીને કરનાક બંદર ઉપર આગ-બોટનો માલ ઉતારવા ગયો તો માલ છોડીને ઉપર જતી કીરીનના આંકડામાં દગલાનો છેરો ઘુંટાઇ ગયો ને અલી કીરીન સાથે અરધા

છેટાવેર ઉંચકાઇને દગલો ચીરાઇ જવાથી ઉંધો ને ઉંધોજ નીચે ટપ-કાઇ પરો ! હવે મખમલ સરેની ના હોત તો મગદુર છે કોઇના બાપની કે અલીના તંતીઆ નીચે ને માથું ઉપર થઇ જાત ! પણ છોકરો મુસાભાઇ કફોડો નીકલો તે કોને કેહેવા જાઉં ?"

"બહુ દીલગીરીની વાત છે." કાદરભાઇએ દીલસોઝી કીધી.

"અરે શું બોલું મુસાભાઇ, મ્હારા પેટમાં એવું જલે છે કે એ છોકરાને ઇંગ્રેજી ભણાવવાની સાથે સાથે ! એને મ્હાંજ મ્હાંજરે વેપારબી દેખાડયો હોત તો મને આમ જલીને ખાક ના થાવું પડતે ! મેં જાણું જરા મોટો થાય ને પછી શીખવાનું મેલાવી દેઉં, પણ મેતરૂક થાયા પછી કોની માગે શેર સુંઠ ખાધી છે કે એને શીખામણ આપે ! કોઇની પરવાહજ ના રાખેતો ! એ સરેલી મખ-મલના લીલાઉં પછી મેં એને સમજાવો કે હવેથી એને લીલાઉમાં ના જાવું ને લાખના બાર હજાર ના કરવા, તોબી ગયા મંગલવારે બચ્ચાંની રમવાની બસો બંદુક ને ચાર ભાંગેલી બાઇસીકલ ઉપાડી લાવો ! મેં કીધું 'છોકરા, પૈસા આ નકામી ચીજપર કેમ બરબાદ કરો ?' તો કેહે 'મ્હારો છોકરો સાઇકલ પર બેસસે ને બંદુક ફોડના શીખશે !' બોલો હવે મુસાભાઇ કે મેં જલીને ખાખ કેમ ના થાઉં ? અરે એનો છોકરો તો હજુણ ગયા સનવારે આવ્યો, એની બાયડીને હજી દસ દીવસબી પુરા થાયા નથી, છોકરો હજી હાથમાં આવ્યો નથી ને અત્યારથી બાઇસીકલ ને બંદુક ! એનો દાદો બંદુક ફોડીને મરી ગયલો તે પોરયાને એ બંદુક શીખવવા નીકલ્યો છે ! ને તેબી તે કેટલીક બંદુક ! એક નહીં, બે નહીં, ચાર નહીં ને એકદમ બસોં

બંદુક ! ! ને ભાંગી તુટીને ખરીઆ મુંડી થઇ ગયેલી ચાર ચાર બાઇસીકલ ! ! હવે બોલો હું વીચમાં ના પડું તો ઘર વેચાઇ ને પોરીઆં ભુખે મરતાં થાય કેની ? વલી એક બીજા લીલાઉંમાં એ જાઇને સુરજ જોવાનું કમપાસ લઇ આવ્યો, મેં કારણ પુછું તે કેહેવા લાગો કે સુરજ મશરેક તરફ ઉગે છે કે મગરીબ તરફ તે દરરોજ સહવારમાં જોવા સારૂ લાવ્યો.' હવે બોલો મુસાભાઇ, વલી સુરજ તે કોઈ દીવસ મગરીબસી ઉગતોબી હશે ?"

" કોણજાણે કદાચ આ કલજુગના જમાનામાં ઉગેબી કાદરભાઇ, નહીંતો ત્હમારો ભણેલો ને કીતાબ પરેલો છોકરો સુરજના ઉગવા સામે કેમ શક લઇ જાએ !" મુસાભાઇએ વીચારમાં પડી જતાં કહયું.

" અરે પણ સુરજ મશરેકસી ઉગે કે મગરીબસી તેની સાથે આપણુને વેપારી બચ્ચાને લાગે વલગે શું ? આપણે બારીયાની ચાવલ ખાઇને બેસીને વેપાર કરવો કે સુરજ મશરેકસી ઉગે છે કે મગરીબસી તેની પંચાતીમા આપણે પડવું ! મગરીબસી ઉગે તો એમાં ઈનાં બાપનું સું જાએ છે !" હાથપર હાથ થોકીને કાદરભાઇ બોલ્યા " સું કહું મુસાભાઇ, આ જીગર જલીને ખાખ થઇ જાએ છે તો ત્હમને સુ કહુ ! એજ મુઆરીક બીજા એક લીલાઉંમાંસી એ દસ દરજન ભાંગીતુટી ને ફાટેલી છત્રી ઉપાડી લાવો, મેં પાછું પુછું તો કેહે 'નવા કવર, નવા સલીઆ અને નવા હાથા મુકવાથી બધી છત્રીઓ નવી થાઇ જાસે ને સારો નફો પેદા થાસે' હવે બોલો મુસાભાઇ, છત્રીમાં વલી કવર, સલીયા ને હાથા

સીવાય બીજું બાકી સું છે જે એ નવું નથી મુકવાનો ? બધું જ્યારે નવુંજ મુકવું તો નવી છત્રીજ નહીં બનાવવા બેશી જવું ? લીલાઉંમાંસી લાવવાની જરૂરજ શી ?———

પણ હજુણુ તો કાદરભાઇ વધારે બોલે તેટલાં મુસાભાઇ છતરીના લીલાઉંની વાતથી ગભરાઇને લાંબી લાંબી ફલંગે ચાલતા થયા !

૭.

લગન પછી એક વરસે !

પેસી ને દીના પરણ્યા પછી બીજેજ મહીનેથી કુતરાં બીલા-રાંની કાણી મરાય, ને ઘેરમાં એવું એકબી અઠવાડયું કોરૂં જાય નહીં જેમાં તે લોકે એકમેકને સાવરણી બુતારાએ વધાવી લીધા નહીં હોય !

લગનને એક આખું વરસ વીટી ગયું અને બીજા વર-સને પેહેલે દીવસે તે લોકે ધાનદાર રાંધ્યું, ને હવેથી બીલકુલજ નહીં મરાવાના કસમ ખાધા. ધાનદાર ખાઇને બેઉ જણા આગલા વરસનો ઇનતેખાબ કહાડવા બેઠા અને પોતે મુરખાઇ વાપરીને મરા-યલા છુંદાયલા કે વાજબીપણાથી, તેનો હીસાબ કાહાડીને તેપર હસી

મશકેરી કરી ફરીથી એવી ઘેલી ગાંડી રીત નહીં વાપરવાનો વીચાર કરીને વાતે લાગ્યા.

"જોવની પેસી" દીના બોલી "તાહારે હું કબુલ કરૂંછ કે દુન્યાની સઉથી ખરાબ સભાવની બૈરીઓમાંની હું એક છેઉં."

"દીના" પેસીએ દીના તરફ જોઇને કહયું "તું ત્હારી આખી જીંદગીમાં કોઇબી વખત સાચું બોલી હોય તો તે આજેજ છે."

"પેસતનજી" દીના જરા ચીલો ચઢાવીને બોલી "ત્હમારૂં બોલવાનું તદનજ ખોટું છે. તે માટે ત્હમારે સરમાવું જોઇએ."

"પણ તું એમ ગરમ શાનીં થાવછ? મેં તો ત્હારા જેવી કલાંત બૈરી કેદેબી જોઇ નથી—સું તું કબુલ નથી કરતી કે તું ઘણીજ કલાંત છે?"

"નહી, ને ફર નહીં" દીના ચીરડાઇને બોલી "હું તો ત્હમારાજ જેવી સારા ખવાસની બાનુ છેઉં."

"તું સારા ખવાસની હોતે તો ગીએ બુધવારે મ્હને ચીપીઓ છુટટો નહીં મારતે" પેસીબી જરા ગુસ્સાથીજ બોલ્યો "એ તો તારા મોટા નસીબ છે કે મ્હારા જેવો ખમઉ વર તુને મલ્યોછ, નહીં તો કોઇ બીજો હોતે તો કોણ જાણે ત્હને કાંહાં અટવાઇ મરવું પરતે."

"તો-તો, મોટા ખમઉ માટીડા તો જોવ! વરી ખબર નથી કે અંદેરીમાં આપરી પાસેના બંગલામાં પેલી રૂપા વહુ વાણીયણી રહેતી'તી તે કેવી ઘેરમાં પોતાના માટીને તપીલે તપીલે મારતી'તી ને સેકંડ કલાસમાં આવીને અમગારીમાં બેસે તાહારે તો જાણે કે

વરની સું એક તાબેદાર હોય તેમ માટીની પાસે નીચી મુંડીએ મુંગી મુંગી ગગરતી'તી! ત્હમૂને તો એવી બૈરી મલતે કેની તાહારે ત્હમે સીધા પાધરા ઉતરતે."

"એવી બૈરી મલતે એટલે સું?" પેસીએ હવે બરાડ મારી "સું મ્હને વાણીઅણી સાથે પણવાવવા નીકરીછ? નખોદગેઇ જાણતી નથી કે અમના જુદદીનોને વાસ્તે બધા મરઇ છુંદઇ જાયછ ને તું વરી કાંહાં બરતું ઘેર માથે લેવા નીકરીછ!"

"મુઆ ચકરમ" દીના હવે ઉખડી "ત્હારી માયબેન હોય તેનું નખોદ જાયની! બોવાયું મારી ઉપરથી! જો વરી જાંહાં સુધી બોલતી નથી તાંહાં સુધી, મુઓ વાંદરો!"

"વરી ફાસ ચાલી કે? પોતાના ધણીને ચકરમ ને વાંદરા કેહેતી હોય એવી બૈરી આપરી કોમમાં એક તુંજ છે, તું તો પેલી વાણીઅણીને પેટેજ આવી હોતે તો પરવરતે!"

"પણ ત્હમારો સુધલો બરે, ત્હમારો" હવે જરા નરમ પડી જઇને દીના બોલી "તે વાણીઅણી તો મ્હારા કરતાં બે વરસ નાલ્લી છે, તાહારે હું તેને પેટે આવીજ કેમ સકું? મુઆ ત્હમારા મેહેતાજીએ ગુણાકાર ભાગાકારબી શીખવેલા કે નહીં?"

"અરે એમ તો ઢરભાંજકબી સીખેલો ને દેસીમલ પોંઇટમાં તો પેહેલ્લો આવતો'તો." પેસીએ ખુલાસો કીધો.

"આયા-આયા, ત્હમે પેહલે આયા-બેસી રેહોની મુંગા મુંગા, હવે જાંહાં સુધી આબરૂ ઢંકાઇછ તાંહાં સુધી આબરૂમાં ને આબરૂમાં ગગરી રેહોની. જે લોક પેહેલા આવે તે લોકનું જઇને

મોનું જોઇ આવો."

"અરે પણ તુને ખાત્રી નહીં થતી હોય તો મ્હારો મેહેતો હજુર જીવતો મુઓછ, જાઇને પુછી આવની. આય ધોબીનળાવના નાકાપર ભપપુની ઇસકોલ જોઇ કે? એની પાસેની દુકાનમાં તો એ રેહેછ. બીચારો અમણાં અમણાં બુઢ્ઢો થઇ ગીઓછ તે જરા કેહેછ કે સાંજ સાંજના અફીણ ખાયછ—તે તું રહાજે ના જતી, પુછવા જાએ તો રહવારે જજે, નહીં તો અફીણની ઝુમમાં તુને ઝુને મારી બેસસે તો પછી ત્હારે લીધે અહીં મ્હારો જીવ બગરી આવસે."

"ઓ મરૂંરે ત્હારીપરથી" વધારે પંચાતી થાય તો કામ લાગે કરીને હાથમાં ખાસડું લઇને બેઠેલી દીનાએ વહેલીકે ખાસડું મુકી દેતાં પેસતનજીને ઓવરણાં લઇને કહયું "કેવા મ્હારી અદર કદરના છેઓ, મરૂં."

"અરે અદરનો ને કદરનો છેઉં રે, છેઉં" દીનાના માથા પર હાથ મુકતાં પેસીએ કહયું "પણ ત્હારા આએ માથમાં ભુસુ નથી તે હું સું કરૂં?"

"ઓવાય, માથાપર હાથ મુકીને ભુસાનું નામ સાનું લેઓછ?" એકદમ પાછી છછણી પડતાં દીનાએ બુમ પાડી "ઓવાર્યું— ઓવાર્યું, મ્હારીપરથી સાત વખત. મરેરે, મુઓ માટી છે કે ગધેરો?"

"તુંજ ગધેરી છે, માથા પર તો ખોટા બાલ પેહેરયાછ ને જરા તેને હાથ લગારયો તો ત્હારા બાપનું એમાં સું લુટઇ ગીયું?" પેસીએ કહયું.

પણ તેટલાં તો દીના વીછ્છણની કાણી ઉઠી ને પેસીના માથાના બાલ મજબુત પકડીને ખેંચતાં બોલી " મુઆ, તાહારે આએ ત્હારા બાલ ખરા છે કેમ ? ખરા છે તેથીજ લાવ ખેંચી તાણીને હું તુનેબી મ્હારી કાણી બોરકી બનાવી દેઉં ?

" બાલ છોરી દે, નહીંતો ત્હારી આંખમાં આંગલા ભોંકીને આંખજ ખેંચી કહારસ—છોરેછ કે નહીં ?" પેસીએ ચીચવઇને બુમ પાડી.

" હું છોરૂંછ " આંખ ફુટી જાય તો ખાસડું કેમ મરાય તેની ધાસ્તીથી બીહીતાં પેસીના બાલ છોડી દઇને દીના બોલી " પણ હું આએ ઘેરમાં હવે એક કલાકબી રેહેવા ખુશી નથી, મ્હારી માયને તાંહાંજ ચાલી જાઉ છ. "

" કાલે જતી હોય તો આજેજ જાની " વગર ધાસ્તીએ પેસીએ ઠંડે કલેજે કહયું " હું નુસપેપરમાં જાહેર ખબર આપી-દેઉંછ કે મ્હારી બૈરી મ્હારો આસરો છોરી ગેઇછ. "

" ત્હમે એમ છાપસો તો હું મેત્રીમોન્યલ કોરટમાં જઇને ફારગછેડા માંગસ " દીનાએ વલતી ધમકી આપી " ત્હમુને નુસપે-પરમાં જાહેર ખબર આપતાં શરમબી નહીં આવસે ? "

" તે તુને કોરટમા જતાં શરમબી નહીં આવસે ? "

" પણ ત્હમે નુસપેપરમાં છાપવા કહયું તેથી મેં કોરટમાં જવા કેહયું, મ્હારા વ્હાલા "ન્યુસપેપરમાં રખે છપાવીને આબરૂની લેવરી કરાવી નાંખે તેથી ગભરાઇને દીનાએ ફેરવી તોલતાં પેસીને સમજાવવા માંડયો.

" પણ તું માયને તાંહાં જાય નહીં તો હું નુસમાં છપાઉં નહીં, મ્હારી મરઘી. " પેસીએ પ્યાર કીધો.

પણ વલી પાછી દીના છેડાઇ પડી " ત્હમારી એ સું ખરાબ આદત ! જરા જરામાં એમ ગાર સું દેઓછ જો ? મ્હને મરઘી કેહેતા ત્હમુને સરમ નહીં આવતી ? "

" અરે મરઘી કેહી તેમાં ચીડડાવાનું સાનું ? એમ તો કેહેછ કે રોમીઓ જાહારે જુલીએટ સાથે પ્યાર કરતો'તો તાહારે તેને બકરી કહેતો'તો. "

" ત્હારા બાપનું કપાર " દીના છછણી ઉઠી " પુરે પાધરી ચાર ચોપરી અંગ્રેજી સીખીઆ નથી ને રોમીઓ ને જુલીએટનો કીસ્સો કાંહાંથી જાણીઓ ! કોણે કેહયું જે રોમીઓ જુલીએટને બકરી કેહેતો'તો ? "

" ત્હારા બાપે કેહયું " પેસી હવે લાલ પીલો થયો " હું ચાર ચોપરી અંગ્રેજી સીખીઓ નથી તો તું સું ત્હારા બાપનું તોડકું શીખીછ ? તું તો ચાર ચોપરી ગુજરાતીબી નથી સીખી "

પણ હવે એ બેઉ ચકરમોને તે લોકની સુફયાણી તકરાર કરતાં છોડી દઇને આપણે ચાલી જઇએ, એ બેઉ હવે પાછા મરાસે ને પાછા વ્હાલા ને પ્યારા કરીને એકના એક થઇ જસે, રોજ એમ મરાયા કરે તેને આપણે કયાં સેકો તાણયા કરીએ !

૮.

નનનુનો બીલાડી મારવાનો અનુભવ !

ઇબ્રાહીમ કસાઇએ પોતાના છોકરા નનનુંને અંગ્રેજી ભણાવ્યા પછી એક કેમીસ્ટની દુકાને દવાદારૂનો અનુભવ જરા રતી મલે તેની ગણત્રીએ નોકરી રાખ્યો. હવે કેહું નનનુએ કોઇ ચોપડીમાં વાંચેલું કે તંબાકુના અરકના એજ ટીપાં જો બીલાડીની જીભપર મુકવામાં આવે તો તેથી બીલાડી મરી જાય. નનનુએ તે માન્યું નહીં અને અંગત અનુભવ મેલવવાનો એક દહાડે તેણે વીચાર કીધો.

કેમીસ્ટની એક પંદર રતલના વજનની બીલાડી જે દુકાનમાં ફરતી હતી તેપર નનનુએ એકસપેરીમેન્ટ ચલાવવાનો વીચાર કીધો, ને કેમીસ્ટ બપોરે ઘેરે જમવા ગયો ત્યારે નનનુએ તે બીલાડીને દોડાદોડી કરીને પકડી, દુકાનનો દરવાજો બંધ કીધો, બીલાડીનું મોંહું ખોલ્યું ને તંબાકુના અરકના ટીપાં તેની જીભ પર રેડી દીધાં. એક મીનીટ પછી બીલાડીએ તો દીલપરના બધા બાલ ઉભા કીધા, પુછડી ઉંચા કરી નાંખી ને એક લાંબુ “ મીઇઇઇઆઆઆઉં ” કીધું ! પછી તે ખુરસી ને ટેબલોની નીચે દર મીનીટે ચુમમોતેર આંટાં ગોલ ચક્કર ખાવા લાગી ને સતાવીસ વખત નનનુને કોટી કરવા તેના ચેહેરા પર કુદી !

નનનુએ વીચાર કીધો કે જે વખત જાય છે તેમાં બીલાડી

હવે તેને કાચો ને કાચોજ ખાઇ જવાની કસરત કરસે તેથી તે દુકાનની વચમાંનો નાનો દરવાજો ખોલીને જહાં દવા દારૂની બાટલી મુકેલી ત્યાં નાહાઠો, તો એક સપાટો મારીને બીલાડીબી તેની પછવાડે કુદી ને એઉની દોડા દોડીમાં પચાસ પચાસ રૂપીઆના દવાના બે મોટા બાટલા ભાંગી ગયાં ને હેરડાઇની ચાર દરજન બાટલીઓ ઉંધી વલી ગઇ ! નનનુએ જેયું કે બીલાડી તો ત્યાંબી આવી, ત્યારે તેને દુકાનનું બારણું ખોલીને રસ્તા ઉપર કુદકો માર્યો તો જતાંને વાર એક જાડી ગવલણના દીલ પરજ પડયો ! ગવલણ તો દુધના તામરા સાથે ક્રીકેટની વીકેટની કાણી ગોલાંટ ખાવા લાગી, ને અધુરામાં પુરૂં પેલી બીલારી આવીને તેના દીલપર ને મોંઢાપર બાંચકા ભરવા લાગી. વાત તો હજુણ વધી જતે પણ તેટલાં એક બીજું "મીઇઇઆઆઊં" કરીને બીલાડી પેલા ગવલણના દીલપરજ મરી ગઇ !

નનનુ ગવલણની મારની ધાકથી ત્યાંથી ન્હાસી ગયો, ને ન્હાસતો ન્હાસતો છેક ઘરવેર ગયો - અરધા કલાકમાં તો કેમીસ્ટ, ગવલણ, પેલી મુએલી બીલારી ને લોકના મેજરાંનું એક સરઘસ ઇબ્રાહીમના ઘર આગલ ધસી આવ્યું—ઇબ્રાહીમે જેમ તેમ બધાંને સમજાવ્યાં, કેમીસ્ટને બીલાડીના તથા તેના માલના પૈસા ભરી આપ્યા ને ગવલણને પચીસ રૂપીઆ આપીને મોકલી દીધા ને કાન ચીમટયો કે છોકરાને દવા દારૂનો અનુભવ આપવાના કરતાં બાપીકા ધંધાનો અનુભવ આપવોજ બહેતર હતો.

૯

પ્રાણુલાલે ભરેલું મરઘાંઓનું પ્રદરશણ.

અમારા ગામના ધારમીક લાગણીવાલા રહીશ પ્રાણુલાલે વીચાર કીધો કે "ગામના બધા પારશીઓ ને મશલમાનો મરઘાં ખાઇ જાય છે તે આપણા મલુકને અભડાવી મેલે છે" તેથી તેવણે ગામમાં જેટલાં મરઘાં મરઘી હોય તે બધાં એક હાથ કરવા માંડયા ને તે લોકને વાસ્તે એક મોટું પીંજરૂં પોતાના ઘરની સામે ખાસ બંધાવ્યું.

આંઠ દહાડામાં તો પ્રાણુલાલનું ઘેર બધું જુવા ને તુવાથી ભરઇ ગયું ને અલી વઢવા લાગી, તેથી તેવણે જોયું કે પોતાની મતલબ હવે જેમ બને તેમ જલદીથી કાહાડી લેવા પારસી અને મશલમાનો સામે પોતાના તમામ મરઘાંઓનું એક પ્રદરશણ ભરવું અને ત્યાં તેઓને નહી કાપવા ઉપર એક લાગણીભરેલું ભાશણ કરવું.

વાત નક્કી થઇ, પોતાનેજ ખરચે પ્રાણુલાલે મેદાનમાં એક માંડવો બંધાવ્યો અને બે દહાડા સુધી બધાં મરઘાંઓને ટોપલામાં ભરી ભરીને માંડવામાં મોકલ્યાં અને પોતે ભારે શ્રમ લઇને એક તતરાવેલું ભાશણ લખીને મોંઢે કરી નાંખ્યું.

પ્રદરશણમાં આવવાને આખા ગામને બોલાવ્યા અને ઠેડવેલે દીવસે લોક એકઠું થયું, અને પ્રાણુલાલ પોતાને માટે બંધાવેલા સ્ટેજપર ઉભા થઇને એક ખંખાર મારી તથા ધોત્યાએ કપાલ ઉપરનો પસીનો લુછી તેવણ હજુણ તો ભાશણ શરૂ કરવા ગયા કે ટોપલામાંથી એક

મરઘો વાસ્યો! હવે મંડપમાં બધા મળીને લગભગ બસો મરઘા હતા એટલે મરઘાઓના રીત મુજબ એક પુઠે બીજાએ ને બીજાની પુઠે ત્રીજાએ વાસવા માંડયું ને એક મીનીટ નહીં થઇ તેટલાં તો પચીસ પચાસ મરઘાં સામટાં વાસવા લાગ્યા! તેથી ઘોંઘાટ એટલો થઇ રહયો કે પ્રાણલાલ ગભરાઇને એક બોલબી બોલી શકયો નહીં! જેમ તેમ પંદર વીસ મીનીટે બધા મરઘા મુંગા રહયા કે પ્રાણલાલે રાહતનો એક દમ ખેંચીને કહયું "બાનુઓ અને ગ્રહસ્થો!———"

પણ તે ત્રીજાથી ચોથા શબ્દપર જવા ગયો કે એક લાલ મરઘો પાછો વાસ્યો! જેને સાંભળીને પાસેના ટોપલામાના બીજા ચાર મરઘાઓને શુર થઇ આવ્યું ને તેબી વાસવા લાગ્યા અને એમ પાછી મરઘાના વાસવાની ધધુખર શરૂ થઇ! પ્રાણલાલ તો બધો પણી પાણી થઇ ગયો, લોક બધું ધુમ હસવા લાગ્યું, અને પોતાનાં વસા વેચાતાં જોઇને હવે જેમ બને તેમ જોરથી તેવણે મોટે મોટે ભાશણ કરવા માંડયું.

એક તો મરઘાની ધધુખર ને ઉપરથી પ્રાણલાલની ઘાંટેઘાંટા પાડી નાંખનારી બુમ, એ બેથી એટલી બધી તો ધાંધલ ને ગડબડ તે માંડવામાં થઈ રહી કે લોકોએ કાનપર કંટાલીને હાથ મુકયા ને બાંકરાપર અકરવકર કરવા લાગ્યા.

"બાનુઓ અને ગ્રહસ્થો —————————પાછું શરૂ કરતાં પ્રાણલાલે મોટેથી બુમ પાડી.

પણ તેટલાં સતર મરઘાએ સાથે બુમ પાડી "કુકરેકુઉઉઉઉક." પ્રાણલાલ તો બધો લાલ પીલો થઇ ગયો.

"બાનુઓ અને ગ્રહસ્થો, આ મરઘાંઓની જાત એવી હોય છે કે એમને કાપી નાંખવા————————"

પણ પાછા પચાસ મરઘાએ સાથે બુમ પાડી "કુકરેએએ કુઉઉઉક"

પ્રાણલાલે તો હવે હાથ ને પગ થોકયા ને અધો ઘેલો દીવાનો બની જતો હોય તેમ તેને પોતાને લાગ્યું, તોબી તે ગલે ગાંઠ ને મોંઢે ડુચો મારીને આગલજ બોલ્યો.

"બાનુઓ અને ગ્રહસ્થો, આ મરઘાંઓની જાત એવી હોય છે કે એમને કાપી નાંખવા એ મહા દુષ્ટ કામ છે————————"

પણ પાછી બુમ પડી "કુઉઉઉકઅઅરે કુઉઉઉઉક."

હવે તો પ્રાણલાલ ઘેલો દીવાનો બની ગયો, તે સ્ટેજ ઉપરથી નીચે ઉતરીને મરઘાંના ટોપલાંપર ઢરોઢર લાત મારતો બોલ્યો "બાનુઓ અને ગ્રહસ્થો, હું તો ધારૂંછ કે હવે તો આ મરઘાં-ઓની જાત એવી છે કે એમને કાપી નાંખવાં એજ મહા પુન્યનું કામ છે, એમને કાપીને પારશી અને મશલમાનો ખાય છે એ બહુજ સારૂં કરે છે————"

પણ મારેલી લાતોથી મરઘાંના ટોપલા ઉંધા વલીને ખુલી ગયાં અને રૂસ્યન ઉલટે તેમ ટોપલામાંથી મરઘાં મરઘી બહાર ઉલટવા લાગ્યા ને લોકોમાં દોડાદોડી કરવા લાગ્યા, પોણોસોએક મરઘા મરઘી તો પ્રાણલાલના દીલપરજ કુદયાં ને ચાર દાહાડાના ભુખા હોવાથી પ્રાણલાલના આખા દીલપર ચાંચ મારવા લાગ્યાં! પ્રાણલાલ તો

ા મામલો જોઇને મરઘા મરઘી છોડીને પોત્યું પકડીને ઘરે
ાશી ગયો અને તે દાહાડા પછી વીચાર કરવા લાગ્યો કે 'પારશી
મશલમાનો મરઘાં ખાય છે તે સારૂં કરતા હશે કે કેમ !'

૧૦

હકીમનો દરદી.

" હકીમ ઉરનછુ કંઇ દવા દારૂનું શીખ્યો તો નહીં હતો
ણ ખપાવાની સાથે ફસ કેમ ખોલવી તે જાણી ગયો હતો ! ખપા-
ના ને ખાવાના ધપી જવા પછી હકીમજીએ તે લોકની ફીનાઓ
ાંચીને દોહરાં દોહવવા માંડયાં, જેમાંથી કેટલાંક ઘરાક બચતાં તો
ટલાંક બીચારાં હકીમની દવા પીને પોતાનાં સગાવ્હાલાને મલવા
ાદાયજીને ઘેર જતાં !

હવે થયું એમ કે ગામમાં એક શખ્સને ખદી થઇ આવ્યો
તે હકીમની દવા કરવા ગયો. હકીમે મોટી મોટી લમભાસ
ાકતાં કહયું કે તેના દીલમાંથી ખરાબ લોહી ફસ ખોલીને કાહાડી
ાખવું પડશે ને નવું લોહી આમેજ કરવું પડશે.—હવે નવું લોહી
ાણના દીલમાંથી લે ? હકીમે પોતાને ત્યાં આવના ગરીબ ઘરાકોને

લાલચ આપીને લોહી લેવા દેવા કહયું, પણ તે લોક જોકે ગરીબ હતા તોપણ પોતાના દીલને તો ઇજા આપવા બીલકુલજ ખુશી નહીં હતા, એટલે હકીમજી ચાંઇ પડયા! આખરે એવું ઠરયું કે હકીમે પેલાના દીલમાં કોઇ બકરાનું તાજું લોહી ઉતારવું અને તે પ્રમાણે ફસ ખોલીને ખરાબ લોહી કાહાડી નાંખીને સાત રૂપીએ લીધેલા એક બકરાનું લોહી દરદીના દીલમાં હકીમે ઉતર્યું. બકરાનું લોહી દીલમાં દાખલ થયા પછી દરદીને જાણે નવુ સુર આવ્યું ને તે એકદમ બીછાનામાં ઉઠીને બેઠો, એક મીનીટ સુધી એમથી તેમ ડોકું હીલવ્યું ને પછી એકદમ ઉઠીને હકીમના કપાલપર પોતાનું માથુ મારી દીધું! હકીમે જોયું કે આએ તો ધરમ કરતાં કરમ નડયું, દરદી બકરાના લોહીને લીધે બકરાની ખાસીયત ઉપર ગયો હતો! પણ હજુ-ણતો હકીમ વધારે વીચાર કરીને પોતાની સંભાલ લે તેટલાં દરદીએ વારાફરથી ચાર વખત માથું મારીને હકીમને ઉભેલો ને ઉભેલોજ ઉથલાવી નાંખ્યો! પાસેજ મોરી હતી તે હકીમ ઉથલઇને મોરીમાં પડયો ને તેના દીલપર પાણીનો હાંડો ઉંધો વરી ગયો!

દરદી હવે માથા મારીને દરવાજો ખોલીને રાંધણીમાં પોતાની સાસુ આગલ ગયો અને તેના કપાલ સાથે માથું અફાલવા લાગ્યો! સાસુ તો ચીસ પાડતી જાય ને હકીમને ગાલ દેતી જાય! આખરે જ્યારે તે રાંધવાની તપેલી ને કડછી લઇને બ્હાર ચાલી ગઇ ત્યારે દરદીએ તેનો પીછો છોડયો.

બે ચાર આડોસી પાડોસીને તેડીને તેને જેમ તેમ પકડીને સુવાડયો ને સુતેલો ને સુતેલોજ બાંધી દીધો, બાંધ્યાં પછી તેની

સાથે બધા વાત કરવા લાગ્યા તો જવાબમાં તે ફક્ત બકરાની માફક "બાઆઆઆ" કરવા લાગ્યો ! જેબી પુછે તેનો જવાબ દરદી તો "બાઆઆઆ" કરીનેજ આપે !

હવે ? દરદીની સાસુ ને બૈરીએ તો હકીમને માથે ઝાડે ઝાડ તોડી પાડયા કે તેણે આ શું કીધું હતું ? આખરે જ્યારે હકીમથી નહીંજ સંભલાયું ત્યારે તેને ફસ ખોલીને દરદીનું લોહી પાછું કાહાડી નાખ્યું. ફરીથી લોહી કાહાડયા પછી દરદી જરા જરા બોલવા લાગ્યો, ને બે મહીના પછી તેની તબીઅત સુધરી ગઇ !

તબીઅત તો સુધરીજ પણ બકરાનું થોડું લોહી અંદર રહીજ ગયલું કે શું તે કોઇ કોઇ વખત ભર રસ્તામાં માંથું મારીને લોકોને ચાલતાજ ઉથલાવી નાંખેછ !

૧૧.

ન્યુસપેપરવાલાની આપદા !

ન્યુસપેપરવાલાઓનેબી હજાર જંજાલ હોય છે અને તેઓની આપદા ને પીડાબી એટલી હોય છે કે તોબા કરીએ એ બીચારાઓ પોતેજ પોતાનું દુઃખ જાણે છે. ગયે શનીવારે "સુનામખી ગેઝેટ"ના અધીપતીએ પોલીસના એક પારસી અમલદારને તેડીને કહયું "મી૦ દરોગા, જોવની મ્હારૂં કામ જે ત્હમારી સાથે પરીચુંછ તે જરા ખાનગી છે."

"બોલો." મી૦ દરોગાએ ગોઠવાતાં જવાબ આપ્યો.

"મકુજે ત્હમુને તો ત્હમારા ધંધાની બરકતના સબબે ખુની ને ગલા ફાંસું આદમીઓ સાથે કામ પરતુંજ હોસે, ને એવા ખુનીઓની ત્હમે ઓરખાણુ રાખતાજ હોસો—તે મકુજે એકુ એવો ખુની માણસ કોઇ હોય તો જરા તેને મ્હારી સાથે મેલવી આપસો તો હું ત્હમારી મ્હેનત ભુલસ નહીં."

"હાલમાં તો તેવા કોઇને હું ઓરખતો નથી." અધીપતીના ચેહેરા સામે કાંઇ અજાયબીથી જોતાં તે અમલદારે જવાબ આપ્યો.

"કંઇ નહીં, ધીરે સાસતે રહીને બે ચાર દાહારામાં મકુજે તેવો કોઇ હોય તો મ્હારી આગલ લઇ આવજો—હું તેને સારૂ દામ આપસ, ફક્ટ એક જુવાન છોકરાને મારી નખાવવાનો મ્હારો વિચાર છે."

"પણ તે કોણ છે ? ને તેને ત્હમારૂં સું બગારયુંછ કે ત્હમે તેને મારી નખાવવા નીકરયાછ ?" અમલદારે સમજાવીને સવાલ પુછ્યો.

"અરે આખા ગામનું કોઇએ કંઇ બગારયું નહીં હોય તેટલું મ્હારૂં એને બગારયુંછ. મ્હારૂં ભેજુંજ ખીસારી મુકયુંછ ને ?" અધીપતિ ફફડી ચટકીને બોલ્યા "જોવની, એ છોકરો પોતાને કવી ઓરખાવેછ ને નખોદ ગીયાનું નામ એદુ પપાઉં કરીને છે. એ ભેજાનો ધસેલો મ્હારો પીછો છોરતોજ નથી ને આજે આંઠ આંઠ મહીના થયા દરરોજ મ્હારે તાંહાં એવી એખરા જેવી કવીતાઓ લખીને મોકલેછ કે મ્હારૂં તો હવે ઉભઇ આયુંછ કે સું કરૂં, એવું મન થાયછ કે હુંજ એને મારી નાંખું, પણ મી૰ દરોગા આપરે કોઇ દાહારે એક મરઘીબી કાપેલી નહીં તે એક આખા પપાઉંને, અરે આઇ મીન, એદુને કેમ કાપી નાંખી સકીએ ? ત્હમેજ કેહોની !"

"પણ એને એવું તે સું લખ્યુંછ કે ત્હમે એટલા બધા ઉસકેરઇ ગીઆછ ?" મી૰ દરોગાએ સવાલ કીધો.

"અરે લેઓની, આજે સહવારેબી એક કવીતા એને લખીને મોકલીછ તે વાંચોની—ત્હમારીબી ફીફરી ફાટી જસે—એ લખેછ,

"હું બેઠો તો ફાટેલી સાદરી ઉપર,
ને બાવામાય બ્હાર ગયલા બ્હેનની મુજ પાસ,
આવ્યા મુજ માથામાં ચક્કર એ ખાસ,
ને ધોલ્યાપર થઇ ગયો કોણ જાણે લાસ !"

હવે બોલો મી૰ દરોગા એને પોતાનીબી કંઇ સુધ્ધી છે ?

સાદરીપર એકબારગી એ બેઠેલોબી હોય તો ચકકર થઇને લાસ થઇ ગીઆ પછી એ ઢોલ્યાપર કેમ જાય ? સું કંઇ ભમરડો ચકરડો ઉતો જે ફરીને સાદરી પરથી ઢોલ્યા પર ચરી ગીઓ ! એ કહેછ કે એના માય બાવા તો એની બ્હેનને તાંહાં ગેયલા, તો પછી એને ઘોલ્યા પર મુકયો કોણે ?"

"પણ બ્હેન ભઇ કોઇ ઘેરમાં હોસે કેની ?" મી૦ દરોગાએ પુછ્યું.

"અરે સાનું જો, બ્હેન તો એકજ ઉતી તે પણુણીને કલકતામાં ગેયલી—ઘેરમાં બીજું કોઇજ નહીં !" અધીપતિએ ખુલાસો કીધો "વારૂ એ તો થયું, હવે ગેઇ કાલે એ લખેછ તે સાંભરો

'માબાપ વન ચાલતો નહીં ઉંડો સંસાર,
પણ મ્હારા માબાપ આજે છે મુજ પાસ,
અરે બરી ગયો એવો મુજ કંગાલ અવતાર,
નાટક જોવાનીબી નહીં મલતી એક પાસ !'

એના બાપનેબી રાહીમ ને મીટર લખવાની સુધ્ધી છે ? આએ સંસાર ને અવતાર લખ્યા ને પાસ ને પાસ લખ્યા તેથી કવી થઇ ગીઆ કે ? પણ એ નખોદના ગેયલાનો કંઇ ઢંગ ધડોબી છે ? આજે લખેછ કે માય બાવા કલકતામાં બ્હેન પાસે છે ને કાલે એ લખી આપેછ કે એની પાસે છે, તો બોલો મી૦ દરોગા અહીં મુંબઇમાં હજુર એરોપ્લેન આયુંછબી કાહાં જે એના માયબાપ એમ ચટ ને પટ એક દાહારામાં અહીંથી તાંહાં ને તાંહાંથી અહીં

આવે ! ને એક નાટકની પાસ વગર તો એ મરી જવા તૈયાર થયોછ ! અરે કાલે મરતો હોયને આજે મરી જાય તો હું ખુસી થાઉં કે મ્હને એનું ખુન નહીં કરાવવું પરે ને પૈસો નહીં બરબાદ કરાવવો પરે !"

"આગલ ચાલો" અધીપતીએ વધુ આપદા દરશાવી "તેજ દાહારે બપોરે વરી એ એક બીજી કવીતા મોકલેછ, તેમાં એ લખેછ

'અંધારામાં જોઇને તુજ હસ્તી તે આંખ,
દીલમાં મુજ એવું થઇ આવ્યું દીલ,
કે ચુમી આપતા હોઠ ત્હારા બોલ્યા સુખન,
અરે ઓ વ્હાલા તેં લુટયું મુજ દીલ.'

હવે ત્હમેજ મ્હારી કદર બાઓ કે નહીં મી૦ દરોગા ? હું એવા ચકરમોની કવીતા વાંચીને પોતેબી ચકરમ નહીં થઇ જાઉં તેમાં કંઇ નવઇ છે ? અરે એ લખેછ કે અંધારામાં એને તેની આંખ જોઇ જે હસ્તી ઉતી ! ત્હમારા માનવામાંબી આવેછ મીસતર કે અંધારામાં કોઇ માણસની આંખ જણાય ને તેબી વરી હસ્તી જણાય ? ને એ તન તન વખત દીલ વાપરેછ તે જોયું કે ? દીલમાં દીલ થઇ આયું તે સું હોસે ? ને ત્હમેજ મ્હને જરા સમજાવોની કે એને હું મારી નહીં નખાઉં તો સું કરૂં ? એ કેહેછ કે 'ચુમી આપતા હોઠ ત્હારા બોલ્યા સુખન' તે મી૦ દરોગા ત્હમેજ બોલોની કે ચુમી આપતી વખતે તો હોઠ ચુમી કરવામાં રોકાયલા હોય તો તે વરી ચુમી આપતાં આપતાં બોલીબી કેમ સકે ?"

"કોણ જાણે બા, હું પોતેબી કંઇ સમજી શકતો નથી." મી૦ દરોગાએબી હવે અજાયબી બતાવી

"ત્હમે ગમે તે કરો" અધીપતીએ કહયું "ત્હમુને ગમે તો છરી ચુલીઓબી હુંજ અપાવસ, મ્હેરબાની કરીને ત્હમે પોતેજ જઇને એને મારી નહીં નાંખો? રૂપીઓ સવા રૂપીઓ જે ખરચ થસે તે હું ત્હમુને આપસ, ત્હમે જીવસો તાંહાં સુધી મ્હારૂં પેપર ત્હમારે ઘેર મફત મોકલસ, ત્હમારી જાહેર ખબર અરધે ભાવે લેવસ ને ખોદા ના કરે ત્હમારે ઘેરનું કોઇ મરી જસે તાહારે પાદસની ખબરબી મફતજ છાપસ—હં, મી૦ દરોગા, બોલોની એટલું મ્હારૂં કામ કરસો?"

પણ મી૦ દરોગા કંઇ બોલે તે અગાઉ તો એક આદમી અધીપતી આગલ એકદમ ધસી આવ્યો, સલામને બદલે તેને આવતાને વાર અધીપતીના દીલપર છુટી ખુન્સી મારી, પછી તેવણના માથાના બાલ પીખ્યા, ત્રણ વાર અધીપતીનું માથું ટેબલ સાથે અફારી દીધું ને બોલ્યો "મુરખા, કાલના ન્યુસપેપરમાં જો ખબર નહીં આવસે તો ત્હારૂં માથુજ ફોરી નાંખસ." એટલું બોલીને અધીપતીના માથાપર સહીનો ખડીઓ ઉંધો વાલી તેનીપર સહી ચુસવાની રેતી નાંખીને પેલો ચાલતો થયો. પોલીસ ઈનસપેકટર તો આ તમાશો જોઇને હયરતજ થઇ ગયો કેમકે અધીપતી આટલું બધું થવા છતાંબી હસતો હતો!

પેલા કોઇના જવા પછી મી૦ દરોગાએ કહયું "ત્હમારે પેલા કવીનું ખુન કરવાને બદલે પેહલ્લાં આએ માણસનું ખુન કરવું

જોઇએ."

"અરે નહીરે, ત્હમે એ સું બકોછ?" અધીપતી માથાપર સહી સુકાઇ જાય તેથી બ્લોટીંગ મુકતાં મુકતાં ગભરાઇને બોલ્યો "અરે એ તો રોજીનો દરવાજો છે, એ તો લીલાઉંવાલો છે ને વરસ દાહાડે એ હજારનો જાહેર ખબર આપેછ. એને કંઇ બોલાવબી? મ્હને મારી ગીઓ તો સું થઇ ગીયું! મારના બદલામાં બીલમાં આવતે મહીને આંકરો જરા વધારી દઇસું. એ બીચારો તો કાલે એની લીલાઉંની ખબર ભુલથી નહીં છપઇ તેની યાદ દેવરાવવા આવેલો."

"તે ત્હમુને કોઇબી ચીજ યાદ દેવરાવવાની હોય તે એમજ દેવરાવવાની કે?" પોલીસ ઇનસપેકટરે પુછ્યું.

"એ તો હોય, સઉ સઉની આદતપર તેનો તો આધાર રેહેછ–કોઇનો સભાવ કેવો ને કોઇનો કેવો!"

પણ હજુણ તો વધારે વાતચીત થાય તેટલાં બીજો કોઇ આદમી અંદર દાખલ થયો, ફેંટો ઉતારીને તે બેઠો, ગજવામાંથી રોમાલ કાહાડીને પસીનો લુછીઓ, નાંખપર થયલી એક અરઇ બચ દઇને ફોડી નાંખી ને પછી બોલ્યો "ત્હમે મી૦ અધીપતી, એવણ તો પોલીસના માણુસ લાગેછ કેમ? વારૂ ત્હમે મી૦ અધીપતી મ્હારી બૈરીને જોયલી કે?"

"નહીં, મ્હને તેનું માન નથી." અધીપતી નમનતાઇથી બોલ્યો.

"તેવણ મ્હારા ધણીયાણી ઉતા. તેવણ કેટલોક વખત થયો

રીક ઉતા, પણ ગેઇ કાલે મકુજે તબીઅત વધારે બગરી આવી ને એ તન અચાચી ખાઇને બેહેસતણુ તો ઠંડી ગાર થઇ ગેઇ! મરી ગેઇ, પેલી જેહાંન ગેઇ!"

"બેહેસ બીચારીને." અધીપતી બોલ્યો.

"ત્હમે અમથા બેહેસ માંગીને બેસી રેહો ને નહીં ચાલે, હું તો તેવણુને સારૂં એક કવીતા લખવા ને ત્હમારા પેપરમાં તે છપાવા આયોછ."

"છાપસું" અધીપતી તતાર બેસીને બોલ્યો.

"વારૂ, ત્હમે કેહોછ કે ત્હમારી ધણીયાણીને, નહીંરે મકુજે ત્હમે મ્હારી ધણીઆણીને ઓરખતા નથી."

"પણ ઓરખાણ આપો, વીગત આપો તો તેનું તોલ કરીને હું ખુસીથી લખસ—એમાં સું મોટી વાત છે."

"જોવની બેહેસતનની જરા દોલાના ઘોરા જેવી ચાલ ઉતી, નાંખતો બધી ગમથી ગોલ ગોલ ઉતું, જણાતું'તુંબી નહીં કે નસકોરાં ફીઆં ને ચીચકી કેઇ! ત્હમે જો એને વાસ્તે કવીતા છાપો તો એના નાંખનો ફોટોગરાફબી ત્હમુને આપવોજ જોઇએ, નહીંતો ઓરખીતાં પારખીતાંઓ બેહેસતનને ઓરખેબી કાંહાંથી? ને એવ-ણુની એક આંખબી પાડવી જોઇએ."

"આંખ કેવી ઉતી?" અધીપતીએ આતુરતાથી સવાલ કીધો.

"ગેઇ, સાહેબ, ગેઇ! એક દહારે રમતાં રમતાં જાહારે એ બચ્ચું ઉતી તાહારે એક આંખતો ગેપ, પણ પણણી આવી તાહારે મહીરેથી કાચની આંખ મુકાવની આવી. આપરે સામજે જોઇએ

તાહારે જણાઇ આવે કે ખોટી આખ એમની એમ ઉભેલી, ને ખરી અહીંથી તાંહાં દમક્યા કરે! બેહેસતણુ એ આંખને લીધે એલાર જોવાના હોય તાહારે પેલાર જોય. એક દહાડે મારકીટમાં પપેતા-વારાની દુકાનપર પપેતા લેતી'તી તે હું જાણું જે જોખ ને તોલ તરફ જોતી હોસે પણ એતો કેટી પપેતા તોલાતા જોવાને બદલે આસમાન પર તારા સેતારા કેટલા છે તેની ગણુતરી કરતી'તી! રાત રાતના એ આંખ કાહારીને બહાર મુકે તે મેં એક દહારે તેને ગુંદર લગારીઓ, બીજે દહારે જાહારે આંખ પાછી કાઢારવા ગેઇ તાહારે પંદર કરસીઆ પાણીના આંખમાં રેરીઆ તાહારે આંખ બહાર આવી. બસ હમે હવે એની ઉપર મુજાહેમત કરી એક કવીતા લખો——"

"ઉભા રેહો, હું નર્મદાશંકર કવીની ચોપરીમાં જોઇ આઉં કે તેવણે કાંઇ એવા વરણનનું આદમી ચીતારયુંછ!" કરીને નર્મદાશંકરની ચોપડી તપાસવા અધીપતી ઉઠીને બીજા ઓરડામાં ગયો કે દરોગા ઇનસ્પેકટર ગુપચુપ ત્યાંથી ચાલી ગયો અને અમથું માથું નહીં ઢીખવા સારૂ પેલા ચકરમનેબી સમજાવીને પોતાની સાથે લઇ ગયો!

૧૨

છુટાછેડાના કારણો.

મી૦ નરભેરામ જામનગરવાલા બી. એ., એલ. એલ. બી. બીચારો ઓફીસમાં બેસીને એક બપોરે કોપરાં જોખતો'તો તેટલાં મી૦ અને મીસીસ વાહાડીઆ દરવાજો ખોલીને અંદર દાખલ થયા.

ખુરસીપર બેસતાં બેસતાં મી૦ વાહડીઆએ કહયું "જોઓ મી૦ નરભેરામ, હું જાણુંછ કે મ્હારો કેસ ઘણો સીરીઅસ છે ને તેવા કેસમાં કોઇ એવા વકીલની ખાસ જરૂર છે જેણે કોઇ બાપ જનમમાં માકડ જેવા નાહ્લામાં નાહ્લા જીવનેબી માર્યો નહીં હોય—ત્હમે તો હીંદુ છેઓ ને ત્હમે તો હું જાણુંછ કે માથલીબી નહીં ખાઓ ને ગોસબી નહીં ખાઓ ને————————"

"પણ હું એમ પુછું કે આપ મ્હારે ત્યાં કાંઇ સલ્લાહ લેવા આવ્યા છો કે મચ્છી ગોષ્ટપર ભાશણ કરવા આવ્યા છો?" નરભેરામે ખુરસીમાં તડો બેસતાં બેસતાં પુછયું.

"મકુજે હું મ્હારો પરથમદરશક મુકદમો ત્હમારી આગળ રજુ કરવા આવ્યો છું." ખુરસીપરથી ઉઠીને ઉભો થઇ છાતીએ હાથ દઇને મી૦ વાહાડીઆએ સમજાવ્યું.

"નહીં મી૦ વકીલ" મીસીસ વાહાડીઆ તેટલાં વચમાં બોલી ઉઠી "ત્હમે પેહેલાં તો મ્હારી વાત સાંભરો--જોઓનીજી, હું આએ મ્હારા ધણી નવરોજી ઉકરજી ભીમપોરવાલા ઉરફે વાહાડીઆ

સાથે ચોથે વરસેજ મકુજે પણુણી————————"

"સબુર, સબુર" વધારે બોલવા જતા મીસીસ વાહડીઆને નરભેરામે અટકાવીને પુછ્યું "હુ એમ પુછું બાઇ કે ત્હમે ચાર વરસના ઉતા ત્યારથી એમની સાથે પરણેલા ?"

"અરે મરેરે, એમ બેમ જો પણુણી હોતે તો એના જુલ-મથી હું કયારેકની પોંહતીબી થઇ ગેઇ હોતે—-નહીંરેજી, હું એમ કેહુંછ કે મ્હને પણ્યાને ચાર વરસ થયા"

"હં" વકીલે નોંધ લીધી.

"હવે મેં વીચાર કીધોછ કે એવણુથી છુટાછેડા 'લેઉ."

"ખરેખર!" વકીલે અજાયબીથી પુછ્યું "એવણુ શું ત્હમને મારે છે કે કરડે છે ?"

"તો તો, મારે ને કડડે ?——"

"રતાં, મ્હને————————"

"જોઓ નવરોજી, ત્હમે મુંગા મુંગા ગગરીજ રેહજો—હું વકીલ સાહેબને બધું કેહું, ત્હમે જોયું તો હોસેજ મી૦ વકીલ કે એવણુ કેટલા ઉછાછલા, ઉતાવલા ને નાદાન છે. હું એવણુની એવી એવી રીત ખમી શકતીજ નથી, તેથી હું છેડાજ છુટા કરવા માંગુછ."

"એમનો ગુનોહ શું છે ?" વકીલે સવાલ કીધો.

"ગુનોહ શું છે ? બલા જાણે કોઇ પારસી વકીલ પાસે ગીઆ હોતે તો એવી માથાકુટ નહીં થતે ! હું જાણું જે ત્હમે માકર ચાંચર મારો નહીં ને ગોસ મછી ખાઓ નહીં તે નરમ

દીલના હોત તો કોરટ દરબારના બીજા ઘણાં આકરા કરો નહીં તેથી ત્હમારે ઘેર આયા તો ત્હમે તો અમારા પારસીઓની કંઇ રીત રીવાજ જાણુતાજ નથી---"

"પણ" વકીલે મીસીસ વાહાડીઆ તરફ જોઇને કહયું "બાઇ ત્હમારો પારસી વકીલ હતે તેબી ત્હમારી ને ત્હમારા ધણીની પંચાતીની વાત એમ મોઢાંપરથીજ કેમ જાણુતે?"

"લેઓ તાહારે સમજો" ટણુકો કરતાં જરા મીજાસથીજ મીસીસ વાહાડીઆએ કહયું "મ્હારા આએ ધણીના ખરાબ મીજાસને સબબે----"

"વકીલ સાહેબ, જરા તમે જેમ વાત ચાલતી જાય તેમ નોંધ લેતા જાઓની એટલે મીજાસ એવણુનો ખરાબ છે કે મ્હારો તે ત્હમુને તાબરતોબ જણઇ આવસે" હવે મી૰ વાહાડીઆ વચમાં પુરાયા.

"હવે ટોપલો ઓઢીને મુંગા ગગરી રેહોની" મી૰ વાહાડી-આના બરડાપર મીસીસ વાહાડીઆએ એક છાપટ મારીને કહયું.

"બાઇ, આ વકીલની ઓફીસ છે એ કાંઇ ત્હમારૂં ઘર નથી, તેથી આપ જો છાપટ મારવી હોય તો ઘરે જઇને મારજો—મ્હેરબાની કરીને આપ શેને માટે છુટાછેડા માંગોછો તેજ જણાવો તો બસ છે." વકીલે છાપટ પછી ત્યાં કંઇ ગડબડ સડબડ વધી નહીં જાય કરીને ગભરાઇને કહયું.

"આએ એવણુ છેલ્લા છ મહીના થયા હારમોન્યમ સીખેછ, ને લગભગ સાતમો મહીંનો એવણુને ચાલુ છે તોબી હજુર તો

"ગમકા તરાના" ને "ધીમા ધીમા ચાલો" એ બેજ ગીત વજારીને બધું માથું ખાઇ જાએછ"

"નહીં વકીલ સાહેબ" હવે મી૰ વહાડયાએ કહયું "એમ તો "મેરી જાની શરાબ" બી——–"

"વકીલ સાહેબ ત્હમે નોંધ લેઓ, એવણુ પોતાને મોંને કોઇ મુઇ શરાબને જાની કેહેછ—ઘેરમાં પોરીઆંને ખાવા–પીવાના વાખા ને એવણુ જાની ને પ્યારી કરતાં ફરેછ.–બરો ત્હમારા સકાર બરે" ને દશેદશ આંગલાનાં કટકા મોરતાં રતનબાઇએ ઉઘરો લીધો. "ને વકીલ સાહેબ એવણે એક દાહારે મ્હારી એક વરસની બુચીના મોનામાં દુધની બાટલી મુકવાને બદલે તેના નાંખમાં મુકી દીધી ને તેની બીજેજ દાહારે મ્હારી માસીના કાવસે એવણુને ભુગોલમાં નરમદા નદી કાંહાં આવીછ કરીને પુછયું તો કેજે કે મરવાસેરીમાં. મારીનો કાવસ બીચારો ઇસકોલમાં માર ખાતો ખાતો અરધો થઇ ગીઓ. બોલો, હવે મ્હારાથી એવણુનો એવો જુલમ કેમ ખમાય!" કરીને દાંત તો એવા બીડયા જે વકીલ ગભરાઇ ગયો કે રખે રતનબાઇ તેને પોતાનેજ સામેજ બેઠેલી એટલે ભુલમાં ને ભુલમાં બાચકું મારી દે!

"વરી એક દાહારે અંગરેજ લોકો બચ્ચાને બાથ આપેછ તે ટબમાં નાંખીને આપે કરીને એવણે ઘરમાં ટબ નહીં ઉતું તે મોરીને પાટીઆ મારીને તેમાં કુચા ખોસીને પાણી ભરી દીધું ને પછી મ્હારી નાહ્લી બ્હેન જરાંને તેમાં ઉંધે મસતક નાંખી દીધી! જરાં તો નાહવાને બદલે તેમાં તફરીઆ મારવા લાગી, ને જો હું તાંહાં જઇ

નહીં લાગતે તો બેહેસતનનો આજે માસીમોની થઇ ગીઓ હોતે."

"કોણની માશી ગઇ?"

"અરે માસી સાની જાય જો?" મી૦ વાહાડીઆએ વચમાં બોલીને કહી દીધું "એ તો ત્હમે હીંદુ તે સમજો નહીં, એવણ એમ કેહેવા માંગેછ કે જરાંને મરી ગીઆને આજે તો મહીનોઓ થઇ ગીઓ હોતે, પણ વકીલ સાહેબ ત્હમે આએ બાઇનું એક તલભારબી ખરૂં ના માનતા, એ બધું જુઠું બોલેછ. જરાં મરી જાયજ કાંહાંથી? તેના પેટમાંનું પાણી બ્હાર કાહાડી નાંખવાને વાસ્તે તો મેં તેને સોડાવાટરના ગારાના પૈડાં સાથે બાંધીને ગોલ ગોલ ફેરવી."

"મેં તો તેના પેટપર પગ મુકીને પાણી કાહાડી નાંખવા કહયું'તું વકીલ સાહેબ, પણ એવણજ ઉંરભંગ જેવા ખટારાના પૈડાં સાથે બાંધીને તેને ફેરવવા લાગા."

"પણ ઉરભંગ હતો કે જેબી હતો, તોબી પેટમાનું પાણી તો નીકલી ગીયું ને જરાં જીવી ખરી કેની? કેમ વકીલ સાહેબ?"

"પણ એ બધી વાતતો રહી, ત્હમે હવે કેહેવા તે શું માંગોછો?" વકીલે સવાલ કીધો.

"સું કેહું વરી!" રતનબાઇ છેડાઇ "ત્હમે પોતે વકીલ થયાછ તે જરા સમજી નથી સકતા કે હવે સું કરવું જોઇએ! છુટાછેડાની ફરીયાદી માંડો, ને જજ સાહેબને તેવણને બંગલે લખો કે મ્હારો વર સાત મહીના થયા હારમોનીયમ વજાડીને બધું માથું ભેજું ખાઇ જાયછ ને———"

પણ તેટલા વચમાં વકીલજ બોલી ઉઠયો "હું ધારૂં છ કે મી. અને મીસીસ વાહાડીઆ ત્હમે બેઉ જણાં હમણા તો ઘર જાઓ અને ચાર પાંચ દહાડા વીચાર કરીને હું ત્હમને તેડાવીશ-- હાલમાં મ્હને સુજતુ નથી માટે હાલ તુરત ત્હમે ઘેર પધારો."

રતનબાઇ ને તેનો વર દાદર ઉપરથી નીચે ઉતર્યા, નવરોજી ખુશી લાગતો'તો પણ રતનબાઇ ફફડતી'તી કે "વકીલોમાના કેટલાક ઘાઘરા પેહેરીને નકામાં ઓફીસની અંદર બેસી રેહેછ તેનું સઉથી મજબુત કારણ એ હતું કે તે લોકને છુટાછેડા અપાવવાનીબી સમજ નથી હતી."

૧૩.

તેમુરસનો ઘોડો !

અમારી પાસેના તેમુરસને ઘોડાની પરીક્ષા કરતા તો આવડે નહીં, તોબી તેવણ બૈરી સાથે બ્હોંસ કરીને એક મુરદાલ ઘોડું કેહેથી ઉચકી લાવ્યા ! બૈરી બબડે કે ઘોડું નકામું છે, તો તેમુરસ કહે કે જા—જા એ તો આસમાન ચલ્લી ઉડારે તેવું મજબુત છે !

થોડા દહાડામાં આજુબાજુના બધાં આડોશી પાડોસીઓ તેમુરસની ઠીઠી ઠાઠા કરવા લાગ્યા અને તેના ઘોડાને જોઇને હસવા

લાગ્યા! મેં જઇને તેમુરસને પુછ્યું "બાવા, એ એવો કેવો ઘોડો ત્હમે ઉંચકી લાયા."

તો ભવાં ચઢાવીને તેમુરસે કહ્યું "એને છે સું? લોકને મોને કંઇ તારૂં છે? સમજણ વગરના લોકો બોલેછ કે મ્હારો ઘોરો જોરથી દમ લેછ, પણ એ જોરથી દમ લેછ તેજ બતાવી આપેછ કે એના પેટમાં હવાનું જોર ઘણું છે. ત્હમે એક સાધારણ ઘોરો લેઓ ને ત્હમે તેને દમ લેતા કદીબી કાને સાંભરી શકસોજ નહીં. તેનાં આંતરડાં ને ફેફસાં નબલાં એટલે દમ લેવાનો નીકરેજ કીઆ ચુલામાંથી? પણ મ્હારો ઘોરો તો પોતાના ફેફસામાં હવા ભરેછ ને પછી જોરથી બ્હાર ફુકેછ જેથી લોક સાંભરી સકે કે તે પોતે ચોખી તાજી હવાની મજાહ ચાખી સકેછ. ત્હમુનેબી જો ઘોરો વેચાતો લેવાનો હોય તો એવોજ ઘોરો લેજો. જોવ, ઘોરાને અરધો માઇલ દુર ઉભો રાખવાનો ને પછી સાભરવાનું કે તે દમ લઇ સકેછ કે, જો દમ લેતો સંભરાય તો જાણવાનું કે ઘોરાની કીંમત સુન્નાને મુલની, નહીં તો કોડીનીબી નહીં.

"એમ તો પેલા ઇડીઅટ ફલુ કોપરબરાસને ત્હમે ઓરખોછ? એ નખોદગીઓ જાણે સું એક સમજી મરતો હોય તેમ મ્હારી મસકેરી કરેછ કે "ઘોરો તો લંગરો છે." પણ એ નખોદગીઆને સમજજ કાંહાં બરીછ જે? જોવ હું ત્હમુને સમજાઉં--જાણે જે ઘોરાના પગ એમ મ્હારા ઘોરાના પગની માફક ફલ્લા ફલ્લા હોય તેજ પસંદ કરવાના, સીધા ને બરોબર દેખાય તેવા તાંતીઆના ઘોરા તો તદનજ નકામાં, કારણ કે સીધા તાંતીઆ ઉપર ગુહણના

હારકાનું વજન આવે તે થોરા વખતમાંજ ઘોરોનો પગ તે વજનના સબબે ભાંગી જાય, પણ જે ઘોરાના પગ મ્હારા ઘોરાના પગ જેવા વાંકાં ચુકા હોય તેના પગપર ગુડણના હારકાનું વજન નહીં પરી શંક ને તેથી ઘોરો વરસો સુધી જેવો ને તેવોજ રેહે.

"એમ તો લોક કેહેછ કે મ્હારા ઘોરાની પુછરી નથી ને તે બોરો બાંડો છે, પણ મીસતર ત્હમે જાણતા નહીં હોસો કે મેં હાથે કરીને એવીજ બોરકી પુછરીવાલો ઘોરો ખાસ વેચાતો લીધો, કારણ કે આપરા ફીઆની બાપદાદાઓ પુછરી વગરના ઘોરાજ લરઇના મેદાનપર વાપરતા'તા. રૂસતમ પેહેલવાન જે આટલો બધો હુશીયાર ઉનો તે સાથી? ફકટ એટલાથીજ કે તે વગર પુછરીના ઘોરાપર બેસીને બધી લરઇ મારતો'તો– ફીરદોસી પોતાના શાહનામામાં લખતાં ભુલી ગાઆછ તો સું થઇ ગીયું, પણ હું પોતે જાણુંછ કેની કે બેહેસતી રૂસતમ પેહેલવાનના રખસને પુછરીજ નહીં ઉતી કરીને! તે લોક મ્હારી કાણી જાણુતાતાજ કે જે ઘોરાની પુછરી લાંબી હોય તે ઘોરો ઘાસ ખાતી વખ્તે માંખ મચ્છરને પેલી પુછરાથી ઉડારી સકે ને પછી પોતે ખુસાલ જીવે દમ બાધીને ઘાસ ને ચણા ખાઇ સકે, તેથી જેમ બને તેમ ઘાસ ચણાનો ખરચ ઓછો કરવાના ખ્યાલથીજ મેં આએ કામ કીધુંછ, આજે નહીં ને પાંચ વરસે કોઇ મ્હુને યાદ તો કરસે કે મેં આએ જાતની સ્કીમ અમલમાં મુકેલી કરીને! અરે લાંબી લાંબી પુછરી રાખીને ઘોરાને રોજ વધારે ઘાસ ને વધારે ચણા ખાવા દેવું એ તો દેસની દોલત લુટાવવા જેવું થયું! એ ફુડીયટો સમજે નહીં ને અમથા માંથું જીબેછ.

"ત્હમે જ્યહરે તેનાં બ્હાર નીકરી આવેલા પાંસરાંને વાસ્તે પુછોછ તાહારે તો મ્હને ત્હમારી આગલ ખુલાસો કરવોજ જોઇએ–. જાણે એમ સમજો કે ત્હમે એક ઘેર વેચાતું લેઓ તો તેની દીવાલ એમની એમ સીધી સપાટ હોસે તે પસંદ કરસો કે મજાની નકસી-વાલી? અલબત, નકસીવાલીજ પસંદ કરસો,–ત્યારે હવે ત્હમુને સમજ તો પરીજ હોસે કે મેં જોઇ જાઇને ખાસ નકસીવાલોજ ઘોરો વેચાતો લીધોછ બધા એક સરખા સીધી સપાટ પાંસરીના ચરબ-દાર ઘોરા આપરે જોઇએછ તે શું કામના છે? અરે એક દોહરી-આને કામના નહીં, ઘોરાના પાંસરાં તો એવા જોઇએ કે તેનો ધણી તેમાં આંગલાં ખોસીને ગણી શકે કે આએ એક પાંસરી, આએ બીજી, આએ તીજી–જો પાંસરીઓની ગણત્રી બરોબર હોય ને એકુ ઓછી નહીં હોય એમ આપરે ગણી લઇએ તેજ ઘોરો ઘણો ટકાઉ. એમ તો પરમ દાહારે જંગબારથી આવેલો એક ઘરાક એના બહાર નીકરી આવેલા પાંસરા જોઇને ખુશી થઇને વેચાતો માંગવા લાગો, પણ આપરે કીંમત એવી કહી કે તેના બાપતેબી નહીં પોસાય, તેથી બીચારો દાંતમાં આંગલાં પકરીને નાસીપાસ થઇને જતો રહયો.

"ને એની એક આંખ નથી તે તો ઘણીજ સારી, કારણકે કાણા ઘોરાઓને આંખે અંધારી નહીં બાંધવી પરે. હું તો નાહ્લો હતો તાહારથીજ વીચાર કરતો'તો કે ઘોરો લેવો તો કાણોજ લેવો, કારણ કે અંધારીનો ખરચ બચે ને તે વરી એક નોવેલટી જેવો ગણાય."

આપણે તો તેમુરસની ઘોડા પારખવાની હુસ્યારીને ગણત્રી સાંભલીને હબનાઇજ ગયા, અને ત્યાંથી ઘરે ગયા.

થોડા દહાડા પછી તેમુરસને આગ્રામાં એક કામને વાસ્તે એક અઠવાડીયું સુધી જવું પડયું ને તેવણની ગેરહાજરીમાં ઘોરાની સંભાલ લેતા તેવણના ધણીઆણીને આવડી નહીં તે તેવણે દોહરૂં દોહવી માર્યું! આગ્રાથી પાછા ફરતાં ધણીઆણીને પેહેલી ખબર તેમુરસે ઘોડાનીજ પુછી. તેમુરસના ધણીઆણીએ જવાબ આપ્યો "વ્હાલા, આપરા ઘોરાએ તો ત્હમારી ગેરહાજરીમાં કંઇ કંઇ ગોધીયારૂં કીધું!"

"ખરેખર!"

"હા, પ્યારા. મ્હને એની પછવારે બે હજાર રૂપીઆનો ખરચ થઇ ગીઓ."

"બે હજાર રૂપીઆ!" હેભતથી ગભરાઇને તેમુરસે બુમ પાડી "બસોનો ઘોરો ને તેનીપર બે હજારનો ખરચ!"

"હું ત્હમુને બધું સમજાઊ, મ્હારા ધણી" તેમુરસનું માથું પસવારતા જઇને તેવણના ધણીઆણીએ કહયું "ત્હમે સધાવીઆ ને બીજેજ દાહારે એને ઠાંસો થઇ આયો, ને છાતીનો અવાજ તો એટલો મોટો નીકરવા લાગો કે એક માઇલ સુધી સંભરાય. બધા અરોસી પરોસીઓ રાતના ઉંઘ નહીં આવે તેથી ફફરવા લાગા, પાસેના નવરોજીએ કહયું કે ઘોરાને ફીનાઇલ પાઓ તે મેં તામરી ભરીને ફીનાઇલ પાયું."

"તામરી ભરીને ફીનાઇલ! બાપરે, ઘોરો સું, ઘધેરોબી પીએ તો મરી જાય!" તેમુરસ પોકારી ઉઠયો.

"ફીનાઇલ પીવાથી ઘોરો તો ચાર દાહારા સુધી એમનો એમ સીધો ને સીધો ભોંયપર સુઇ રહયો મેં નવરોજીને પુછયું એમ કાંય? તો કેહેજે કે એતો સારી નીસાની છે, જે ઘેરા સુઇ રહે તે ઘણાજ સારા, કેજે કે મહારાજા ને શાહ શેહનશાહો ઘોરા પસંદ કરે તે એવા સુતેલા ને ઉંઘાયલા ઘોરાજ પસંદ કરે."

"પછી-પછી?" અધીરાઇથી તેમુરસે પુછયું.

"પછી સું? ઘોરો પાંચમે દહારેબી નહીંજ ઉઠયો, તાહારે નવરોજી ઘોરાના એક ડાકટરને તેડી લાયા. ડાકટરે ઘોડાને વીજલી આપવી જોઇએ એમ કહીને તેના પગપર વીજલીનો તાર મુકયો. વીજલીના તારની અસર ઘોરા ઉપર થઇ ને તે એકદમ ચમકીને ઉઠયો. ઉઠતાને વાર તેને તબેલાને લાત મારીને લાકરાના ચઉદ પાટીઆં ભાંગી નાંખીઆ, પછી કુદકો મારીને તબેલાની બ્હાર ગીઓ, નવરોજીના પોતાના કંપાઉંદમાંજ ધુસ્યો, કોણ જાણે એ સ્યાણા જનાવરે જાણેલું હોસે સું કે નવરોજીએજ એને ફીનાઇલ પાવા કહયું'તું કરીને તે એ તો તેવણના કમપાઉન્દમાં કુદયો ને તાંહાં મરઘાં બતકાંઓને છુંદી નાંખીને નવરોજીની એ ગાયને લાત મારીને પારી નાંખીને સફરચનના આંહ ઝાર છુંદી નાંખ્યાં ને નવરોજી તો કેહેછ કે ઘેરો તેવણના બુચાને ગરી જવા માંગતો'તો, પણ મેં તો ઘેરાને બુચો ગરતાં જોયોજ નહીં! કોણ જાણે એવણ જુઠુબી બોલતા હોએ!"

"ઘોરા વરી માણસને ખાએ એતો મેં આજેજ સાંભરીયું." તેમુરસ બોલ્યો.

"પણ નવરોજીના બુચાને તો હજુર તીજું વરસ ચાલેછ કેની? તે એ સમજેલોજ હોસે કે હજુર કુમરૂ બચ્યું છે તે દપાટી જાઉં, કેમ ડીયર?" તેમુરસના અકલવાલા ધણીઆણીએ સમજાવ્યું. "હા, પણુ આગલ તો સાંભરો, જેમ તેમ ઘોરાને પકરીને તબેલામાં લાયા તો જણાયું કે તેના આખા દીલપરથી બાલ વીજલીના શૉકથી નીકલી ગેયલા. હવે? ડાકટર તો કે જે એને મોરફીઆ ઇનજેકટ કરવું જોઇએ, તે ઇનજેકટ કરવાનું હથીયાર ડાકટર દવાખાનામાં લેવા ગીઓ તેટલાં નવરોજીએ કહયું કે ડાકટર આવે તેની પેહેલાં ખરચ બચાવવા તેવણુ પોતેજ ઘોરાના પેટમાં છેદ પારીને તેમાં અફીણનું પાણી દોહવીને મુકી દેસે—તેથી તેવણુ સુથારને તાંહાંથી ગીરમીટ લાવીને ઘોરાના પેટમાં છેદ પારવા લાગા, પણ કોણ જાણે આપરા ઘોરાને ગીરમીટ ગમી નહીં કે સું તે તેણે તો દાબીને એક લાત જે મારી કેની તે નવરોજી ચતતાપાટ ભોંય ઉપર પરી ગીઆ ને તાંતએ ભાંગી જવાથી ભીમને તાંહાં ગીઆ!"

"પણ ચાલની જોઇએ તો ખરા ઘોરાને હુ તો જોઉં?" તેમુરસે કહયું.

"ઘોરો તો કાલનો દતફ્ન્યા ગીઓ."

"દતફ ગીઓ?"

"હા, ડાકટરે મોરફીઆ ઇનજેકટ કીધા પછી નેતો પગ ઉપર

ઉભો રેહેવાને બદલે ચારે પગ ઉંચા કરીને માથાપર ઉભો રેહયો !

ડાકટરે તેથી એક કુહાડો લઇને તેના બરડાપર માર્યો કે તે પાછો સીધો થઇ જાય, પણ કુહાડો માર્યા પછી તો ઘોરાએ ચારે તાંતીઆં છોરી દીધા ને નીચે ભોંયપર પરીને બીચારો ગુજરી ગીઓ !"

"બે હજાર રૂપીઆ ખરચવા છતાંબી ઘોરો મરી ગીઓ ?"

"હા, બે હજાર તો ડાકટરના બીલ, નવરોજીની નુકસાની, તબેલાની સમરામણી ને માણુસોની ઘોરો દાટવાની મજુરીપર થઇ ગીઆ–જોવની ડીયર દોરીએ દોરીઆનો હીસાબ આએ કાગલપર મેં લખેલો છે, વાંચોની."

પણ હીસાબ વાંચવાને બદલે તેમુરસ કપાલપર હાથ મારીને ખુરસીપર ફસડાઇ પડયો, ને મનમાં ને મનમાંજ બબડયો કે "બૈરાંઓને તો કદીબી ઘોડાની સંભાળ રાખવાનું સોંપવુંજ નહી જોઇએ."

૧૪.

અલીભાઇનો સોદો.

વ્હોરા બીરાદરો વેપાર ધંધો કરવામાં ઘણાજ હુસ્યાર અને ચાલાક હોએ છે એતો જાણીતી બીના છે, પણ આપણા સ્કેચના અલીભાઇજ કોણ જાણે મગજના કેવાક ઉલટા હતા! હોય, એમ તો હજાર હુશીયારોમાં એક એવોબી હોય, ને એવો નહીં હોય તો પછી દુન્યા ચાલેજ કેમ!

એક દાહાડો માણેકજી વાત્રમારૂ એક સોભઇતી મોટી બીલ્ડીંગ આગળ ઉભા રહીને કાઇની વાર જોતા'તા તેટલા અલીભાઇ તેવણ આગલ જઈ લાગ્યા, અલીભાઇએ માણેકજીને તે ઘરના માલેક સમજીને કહયુ "આ સામેની બારીનો કાચ ભાંગેલો છે શેઠ."

"હા" માણેકજીએ ડોકું હલાવીને કહયું.

"તે બીજો નવો કાચ મુકવાનો વીચાર હસેની?" અલીભાઇએ પુછયું.

"હશેજ તો." અલીભાઇના મોંહા ગમ તગર તગર જોતાં માણેકજીએ જવાબ આપ્યો.

"મ્હારી પાસે બહુ મજાના ટકાઉ કાચ આવેલા છે—આ જુઓ, બહુજ સારા છે—અને આ લાંબોબી મજાની છે. હું કાચ બેસાડું છું તે બહુ ટકેછે—જો આપને અડચણ નહીં હોય તો હું

કાચ બેસાડું."

"મ્હને કાંઇજ અડચણ નથી" માણેકજીએ કહયું.

અલીભાઇ તો અડચણ નથી સમજીને લાગલી હાથની બાંય ચઢાવી કાચ લાંબી હાથમાં લઇને બારીની બેરપર ચઢી ગયો અને થોડાજ વખતમાં એક ફાંકડો કાચ બેસાડી દીધો.

બારીપરથી નીચે ઉતરતાં ઉતરતાં અલીભાઇએ કહયું "આ જો મ્હારૂં પોતાનું ઘર હોય તો હું એ બારીની ઉપરનો કાચબી કાહાડી નાખું અને મેં બેશાડયો છે તેવોજ કાચ બેસાડી દઉં."

"તો વરી ઓર બહેતર" માણેકજીએ કહયું.

"એમ છે, તો ઠીક" કરીને અલીભાઇએ પાછી બાંય ચઢાવી દીધી, બારીની બેરપર ચઢી ગયો, ઉપરનો જુનો કાચ ટપટપ ટપ-ટપ ભાંગી નાંખ્યો અને તેની જગ્યાપર નવો કાચ બેસાડી દીધો.

વલી પાછો નીચે ઉતરતાં અલીભાઇ બોલ્યો "હવે એની બાજુમાની એકજ બારી છે જે બહુ ખરાબ લાગે છે-તેનો કાચબી જો બદલ્યો હોય તો પછી બધું બરાબર થઇ જાએ, કેમ શેઠ?"

"મ્હનેબી એમજ લાગેછ." માણેકજીએ કહયું.

"તો ભલા કામમાં ઢીલ કેવી?" અલીભાઇએ પાછી બાંય ચઢાવીને લાંબી ગોલો કરતાં કરતાં કહયું "આ એબી તૈયાર."

એમ બોલીને અલીભાઇ તે બારીની પાસેની બીજી બારી-પરબી ચઢી ગયો અને તેના કાચ તોડી નાખીને પોતાની પાસેના બે કાચ નવા બેસાડીને નીચે ઉતર્યો.

"ચાલો શેઠ, હવે મ્હને મગરીબની નમાજ પરવા જવું છે,

હીસાબ આપી દો."

"હીસાબ સાનો?" માણેકજી જે હીસાબનું નામજ સાંભ-
ળીને ફાટી ગયો, તેણે અજાયબીથી પુછયું.

"હવે કામ ખલાસ થયું છે તો પૈસા આપસો કે ની?"
અલીભાઇએ કહયું.

"હું સાનો પૈસા આપું?"

"સાના પૈસા આપે? આ બે બારીના કાચ ત્હમારા ઘર
ઉપર બેસાડયા તેના પૈસા આપો."

"મ્હારૂં ઘર?" માણેકજીએ બુમ પાડી "એ મ્હારૂં ઘર છે!
અરે એતો ઇસ્પીતાલ છે, ઇસ્પીતાલ."

"એ ઇશપીતાલ હોય કે જે હોય તે, પૈસા દીઓને." અલી-
ભાઇએ બુમ પાડી.

"પણ તુને કાચ બેસાડવા કહયો'તો કોણે?"

"કાચની વાત મેં કરી તે ત્હમે ડોકું કેમ હાનું હલાવ્યું?
ત્હમે ઇસ્પીતાલના માલેક નથી તો અહીંઆ ઉભા રહીને શું
કરોછો?"

"મ્હારા દોસ્તની બૈરીએ છોકરો જણીઓ છે તે ઉપર
ગયો છે——"

"ત્હમારા દોસ્તની બૈરીએ છોકરો જણીઓ, પણ ત્હમે અહીં
શું કરોછો? ત્હમે તો છોકરો નથી જણીઓની?" અલીભાઇએ
કાચના ફુટીઆં હરામમાં જવાથી છેડાઇને બુમ પાડી.

"મ્હારા દોસ્તની આવવાની અંહીં વાર જોઉંછ, તેમાં ત્હારા

બાપનું સું ગીયું? મેં કંઇ તુને એમજી કહયું કે 'ભઇ તું કાચ મુક,' તેં પોતેજ વેતરીયું, પોતેજ કાતરીયું ને પોતેજ સીવીયું તેમાં હું સું કરૂં?"

અને જ્યારે અલીભાઇએ જોયું કે માણેકજીની ભુલજ નહીં હતી પણ પોતેજ ઉતાવલમાં કાચું કાપી દીધું હતું ત્યારે તે માણેકજીને સલામ કરી પોતાની હરામ ગયલી મહેનતપર અફસોસ કરીને ચાલી ગયો.

૧૫.

એક કુતરાના બે ભાગીદાર.

એક માણસ પેસતનજી સોલીસીટરની ઓફીસમાં ગયો, અને બોલ્યો "સોલીસીટર સાહેબ, મહારૂં નામ પેસુ પાઉં છે, પાઉં તે મકુજે આએ ગેપાઉંઓ બનાવેછ તે ખાવાના પાઉં ના સમજતા હં કે, એતો એવી મારી ઓખાર છે. મકુજે મહારૂં નામ પેસુ પાઉં છે, આપરે બેઉ નામરાસીઆ છઇએ."

"મહને આજે જરા કોરટમાં વધારે કામ છે તે મી૦ પાંઉં ત્હમે હું ધારૂંછ કે જેબી બોલવાના હોવ તે જલદીથી બોલી દેશો." સોલીસીટરે પેસુના ચેહેરા સામે જોઇને કહયું.

"એમ છે, તાહારે તો મકુજે હું બોલીજ દેઉં" પાઉંએ ચલાવ્યું "જોવની પેસતનજી શેઠ, મેં મહારી પાસેના ખટલા સાથે ભાગીદારીમાં એક કુતરો વેચાતો લીધો, ભાગમાં કુતરો લીધો તો ખરો પણ કદીબી તે કુતરાના ભાગલા અમે પારેલા નહીં."

"એટલે?"

"એટલે એમ કે જાણે કદીબી ઠેડવેલુજ નહીં કે કુતરાનો ફીઓ અરધો ભાગ ખટલાનો ને ફીઓ અરધો ભાગ મહારો. પણ મેં મહારા મનમાં ધારીજ મુકેલું કે કુતરાનો આગલો અરધો ભાગ ખટલાનો ને પુછરાં ગમીનો ભાગ મહારો પોતાનો. એમ સમજવાથી જાહારે કુતરો ભોંસેં તાહારે હું મનમાં કેહું કે "આએ ખટલો ભોંરયો" ને જાહારે કુતરો દુમચી હીલાવે તાહારે હું કેહું કે "આએ મેં મહારી પુછરી હીલવી." અને બેશક જ્યારે મહારાવારો પાછલો ભાગ જાહારે ખટલાવાલાના કાનને ધવરે તાહારે હું મનમાં કેહું કે "એ આએ હું ખટલાને ધવરૂંછ." ને જાહારે કુતરો ચાંચર મારવા દાંતે દાંતે પુછરી ચાવે તાહારે હું કેહું કે ખટલો મને ચાવેછ."

"એમ કામ શાંતીથી ચાલતુંતું" પેસુએ આગલ બોલવા માંડયું "તેટલા એક દહારે કુતરો પોતાની પુછરી દાતમાં પકરીને ગોલ ચકકર ફરવા લાગો ને એટલો તો ગોલ ગોલ ફરીઓ કે તેને ફેર આવી ગીઆ ને ભોંસીબી સકયો નહીં. મેં જોયું કે એમ જો રોજ પુછરીની આસપાસ કુતરો ફરીઆ કરસે તો પછી તે ઘેલો થઇ જસે, તેથી મેં વીચાર કીધો કે એની પુછરી કાપી નાંખું તો

કેમ? આજે સવારે કુતરો ધ્યાનમાં ને ધ્યાનમાં અગાસીપર બેઠેલો તે અલકસે છરો લાવીને મેં તેની પુછરીપર એક સાબુત ફટકો મારી દીધો. પુછરી કપઇ જવાથી કુતરો તો ઘેલો ગાંડો જેવો ચીસ પારવા લાગો ને ફરી જઇને માહરા પગમાં ડાપું મારી દીધું. જોઓ આએ મહારો પગ, કુતરો નવટાંક જેટલું માંસ ખાઇ ગીઓછ.

"હવે મહને ત્હમારી સલ્લાહ જે જોઇએછ તે એ છે કે ત્હમે મહારી તરફથી લરીને ખટલા પાસેથી કોર્ટમાં મહને દામીજી નહીં અપાવો? ત્હમુને એટલીજ ચીજ યાદ રાખવાની છે કે મેં જે પુછરી કાપી નાંખી તે તો મહારો માલ ઉતો, પણ ખટલાના માલે મહને કાંય ડાપું ભર્યું? તેથી હવે જાહારે ખટલાના ડાચાએ ડાપું માર્યું તાહારે હું ખટલાપર દામીજીની ફરીઆદી માંડું કેની? કેમ, ત્હમારૂં શું મત છે સોલીસીટર સાહેબ?"

"હું સું એમાં કેહું મી૰ પાઉં" સોલીસીટરે જવાબ આપ્યો. "મેં મ્હારી પચાસ વરસની ઉમરમાં ત્હમારા જેવો પુછરાં—મોનાની ભાગીદારીનો કેસ તો કદીબી સાંભરેલોજ નહીં. પણ વારૂ, ખટલો પોતે એ બાબદમાં સું કેહેછ?"

"ખટલો તો કેહેછ કે મેં કુતરાનો ભાગ ખોટી રીતે પારીઓ. તે કેહેછ કે ભાગીદારીનો કુતરો તો એમ કેહેવાય કે કુતરાના નાંખથી લઇને બડડાની કરોડપર થઇને પુછરીપર જઇએ તાંહાંથી સરખે હીસ્સે બરોબર વચમાંથી કુતરાને કાપી નાંખીએ તાહારે સરખે અરધે ભાગે કુતરો બેઉ જણ વચ્ચે વહેંચાયલો કેહેવાય. હવે બોલો

મી૦ સોલીસીટર, એમાં ત્હમારૂં મોત સું છે, અરે આઇ મીન, ત્હમારૂં મત સું છે?"

"મ્હારૂં તો મત એવું છે કે એ કુતરો આખો ત્હમારોજી કેહેવાય ને આખો ખટલાનોજી કેહેવાય. હવે જાહારે કુતરાએ ત્હમારા પગમાં ડાપું માર્યું છ તો ત્હમુને દામીજી લેવાને બદલે બદલો લેવા સારૂ ખતલાના દીલપર કુતરાને ઉસકેરીને છોરી મુકવો જોઇએ કે કુતરો ખતલાના પગનેજી ડાપું મારે—પણ ત્હમારેથી ખટલાપર દામીજીની ફ્રીયાદી તો નહીંજ મંડાય."

"સું ખટલાપર ફ્રીયાદી નહીં મંડાય?"

"હું ધારતો નથી." સોલીસીટરે સુચવ્યું.

"મ્હારા તાંતીઆમાંથી ખોટું નીકળી ગીયું તોજી સું હું ફ્રીઆદી નહીં માંડી સકું?"

"હું એમ ધારૂંછ."

"એમ ધારોછ? તાહારે ત્હમે સોલીસીટર થયા તે સું ફકટ ધારવા ને નહી ધારવા સારૂ થયા કે? આએ એમ બધાનો ઇનસાફ કરોછ કે? ચાલો સાહેબજી."

"મી૦ પાઉં, જરા ઉભા રેહો, મ્હારી ફી આપતા જાઓ." સોલીસીટર સાહેબે ઠંડે કલેજે કહયું.

"ફીઇઇઇઇ? હું જાહારે ફ્રીયાદી માંડું નહી તો પછી ત્હમુને ફી સાની આપું?"

"મ્હારી સલાહ લેવાની. મારી ફી દસ રૂપીઆ છે."

"દસ રૂપીઆ? આએ જરા મોના-પુછરાની વાત પુછી તેના

દસ રૂપીઆ? મકુજે ગજવામાં દસ રૂપીઆ તો નથી તેથી હું ત્હમુને મહારો અરધો કુતરો તેના બદલામાં આપી દેઉંછ, મેં એ અરધીયાંને દસમાંજ લીધેલોઓી, એ અરધો કુતરો આજથી ત્હમારો થયો, હવે જો કોઇબી દાહારે એ કુતરો મહને કડસે તો હું ત્હમારીપર ને ખટલાપર બેઉપર દામીજીની ફરીયાદી માંડસ, ચાલો હું જાઉંછ."

૧૬.

સતી કમલાનો પતી !

હવે હું આએ એક ઇતીહાસીક સ્કેચ લખુછ, ત્હમે હવે તો બોલીજ નહીં સકસો કે આએબી મેં નાલીયુંજ ફેંકેલું છે, કારણકે બીલકુલ ઇતીહાસીક બનાવ છે.

ઘણા ઘણા વરસોની વાત ઉપર શાહ અકબરના ઝમાનામાં લડાઇ થઇ, એ લડાઇમાં સરદાર પ્રતાપગઢ, પદ નહીં ગઢ, ગોલી લાગવાથી પડયો અને તેણે તાબરતોબ પોતાના એક માણસને પોતાને ઘરે અલીને કહેવા મોકલ્યો કે પતીનું મરણ સાંભલીને સરદારની મ્હેરદાર કમલાએ સતી થવું. કમલાને પતીના મરણની વાત એક-

દમ જતાંને વાર નહીં કહેવાને પણ ધીરે ધીરે સમજાવવાને પેલા નોકરે રસ્તામાં વીચાર કીધો અને તે તો યાહોમ ગધેડો દોડાવીને, નારે ઘોડો દોડાવીને, કમલાને ગામ જઇ લાગ્યો. હવે કેહું થયલું એમ કે કમલા પોતાના ધણીના લડાઇના મેદાનપર જવા પછી ઘર ખાલી કરીને બીજે ઠેકાણે ગયલી અને કમલાની જગ્યાએ કોઇ બીજી બાઇ આવીને રહેલી ! પેલો તે વાત શું જાણે ? તેણે તો જતાંને વાર પેલી બાઇને કમલા સમજીને કહયું "બાઈ, હું સરદાર સાહેબની સાથેજ છાવણીમાં રહેલો અને મ્હને તેવણ સાથે ઘણું સારૂ હતું. સરદારનું દીલ બહુજ ઉદાર હતું અને તેવણ જો કે માકડ નહીં મારતા, પણ રણક્ષેત્ર ઉપર માણુસોના માણુસો રહેસી નાંખતા. તેવણ મ્હારી સામેના બાઇ સાથે પ્યારથી પરણેલા, હું તેવણનો બહુ વ્હાલો મીત્ર ને નોકર થાઉં, હું તેમના તરફ ત્હમારીજ માફક ચાહા રાખતો હતો."

"ભાઇ, હું ત્હમારૂં સમજી શકતી નથી." પેલીએ કહયું. "ત્હમે કોણુની વાત કરોછો ?"

"સરદારની પોતાની. હું ધારૂંછ કે ત્હમારો પ્યાર તેમનાપર મ્હારા કરતા સ્હેજ વધારે હતો—ને ત્હમે તેમના—"

"હું ત્હમારા ટીકકા સમજી શકતી નથી. મ્હને સરદાર સાથ શું લાગેવલગે !"

"બોલો—ત્હમને ગમે તે બોલો, ત્હમે ગમે તેમ બોલશો પણ હું સમજું છું કે ત્હમારો ને તેમનો ગાંઠ મજબુત હતો. તેથી ત્હમને તેમની હકીકત કહેવી એ ધ્રાટકીપણું કેહેવાશે, પણ મ્હને

મ્હારી ફરજ બજાવવાની છે. ત્હમે શું કહી શકો એ બાઇ જ્યારે હું ત્હમને એટલુજ કહું કે સરદારનો એક તાંતીઓ ભાંગી ગયો. બોલો ત્હમે તે સાંભળીને શું કહી શકો ?"

"હું શું જાણું? હું જો કોઇ પગ ભાંગેલા સરદારને જાણતીજ હોઉં તો તેને સલાહ આપું કે બીજો નવો પગ મુકાવે. હું તેમને કહું કે લાકડાની ઘોડી કરાવે."

"ત્હમારૂં દીલથી ત્હમારા સરદાર જેવુંજ કહણુ છે." પેલાએ લાકડાની ઘોડીની વાત સાંભળીને કહી દીધું "પણ બાઇ ત્હમે એમ સમજો કે સરદારે માત્ર એકજ પગ ગુમાવ્યો નથી, પણ બન્ને પગ ગુમાવ્યા છે, બન્ને, અને હવે તેમની કને એકબી પગ નથી તો પછી ત્હમે શું કહી શકો?"

"ભાઇ, આ વીચીત્ર વાત ત્હમે કરો છો! એમાં હું શું કરૂં? ત્હમારા સરદારને કાનકચુરા માફક હજારો પગ હોય કે બીલકુલ એકબી ન હોય તો તેની મ્હને શી દરકાર છે! ત્હમને મ્હારી જોડે કાંઇ કામ હોય તો કહી દો."

"બાઇ, મશકેરી કરવાની આ અજબ વરતણુક છે. સરદારે પોતાના પગોજ માત્ર ગુમાવ્યા નથી પણ સાથે સાથે હાથોબી ગુમાવ્યા છે. તે બીલકુલજ હાથ-પગ વીનાના છે, હું તો ત્હમને માત્ર કહુંછું, તેથી આપ ગભરાઇ જશો નહીં."

"મ્હને ગભરાવાની આદતજ નથી"

"ઠીક ત્હમે એ વાત ઠંડેપણે લઇ લોછો, પણ વધારે સાંભળો, સરદારની બધી પાંસળીઓબી ખોવાઇ ગઈ છે, નાંખ પણ ગયું છે,

અને તેમની એક આંખ અને અરધું ધડ બાકી રહેલું છે. હું સાચુંજ કહું છું, હું નહીં જાણતો કે તે સાજા થઇ પણ શકે."

"ક્યાંથી થાય? ત્હમારા કહેવા મુજબ બધું તો ગયું છે તો પછી બાકી એવું તે શું રહયું છે કે સરદાર જીવે!" પેલી બાઇ બોલી "પણ ભાઇ, મ્હને એ બધું કહીને આપ શું કેહેવા માંગોછો?'

"હું શું કેહેવા માંગું છું? અરે હજી તો અરધુંએ નથી કહયું. સરદારની ખોપરી આખી ખપી ગઇ છે, ફેફસાં-કાલજાં ને આંતરડાં પણ જતાં રહયાં છે————————"

"પણ હવે બાકી શું રહયું છે? કપપાલ!"

"કપપાલ પણ ગયું. એમ સમજોની કે સરદાર પોતે પણ ગયા—— ———————"

' રીડા પટી" બાઇએ કંટલાઇને કહયું.

પેલો તો આ શોખી જોઇને ગભરાઇજ ગયો, તેના ડેળા આસમાનપર ચઢી ગયા અને બોલ્યો "અરે, તે ત્હમને મરતા મરતા યાદ કરીને બોલી ગયા કે "મ્હારી કમલાને સતી થવા કહેજો." તો ત્હમે આમ સતી થાઓ છો કે?"

"પણ મેર મુઆ ચકરમ, હું કયાં કમલા છું કે તું મ્હને સતી થવા સમજાવે છે? ત્હને ગામમાં કોઇ બીજું મલ્યું નહીં કે મહને મારી નાખવા આવ્યો? ત્હારી મા બ્હેન હોય તેને સતી થવા કહેને."

"પણ ત્યારે ત્હમે કમલા નથી તો કોણ છો?

"ત્હારી મા છું, મુઆ ભુત" ખાસડું કહાડીને એક મારતાં પેલીએ બુમ પાડી "નેકલ અહીંથી, નકર માથું ફોડીને રાતું કરી દઇશ. જા મુઆ, કમલા તો હીંઆથી ખાલી કરી ગઇ છે—બદામપુરી મોહલ્લામાં મહીં મર ને તેને સતી થવા કહે—જા."

પેલો ખાસડું ખાઇને હવે બદામપુરી મોહલ્લામાં પતીની સતીને શોધવા ગયો! કમલા તો મજેહ તરેહથી લાડવા ને શીરો ખાઇને પલાંઠો મારીને પાનબીડું બનાવતી હતી, તેટલાં પેલો જઇ લાગ્યો ને ત્યાંબી તેને એક પગ ગયો ત્યાંથી શરૂ કીધું તે છેક માથાની ખોપરી ગઇ ત્યાં સુધીનું દાસ્તાન કહી કહીને છેલ્લે કહયું કે સરદાર મરણ પામ્યા હતા! પતીના મરણની વાત સાંભળીને ધારવા મુજબ કાંઇ કમલા પતીની પાછળ સતી તો નહીં થઇ, પણ અમસ્થું અમસ્થું ખુબ રડી અને પછી દરબારમાં ધણીનું ચઢેલું સાલીઆણું લેવા ગઇ! સરદારની એક બ્હેન હતી તેની સાથે લડી લઢીને કમલાએ એક ઘર પોતાને હસ્તક લઇ લીધું અને છાતીથી અધ્ધર હાથ રાખીને દશ દીવસ કુટી, અને પછી પાછા લાડવા શીરો ને દુધપાક પુરી ખાવા પડી ગઇ!

એક મહીનો ગયો નહીં તેટલાં તો કમલાબાઇ બીજો ધણી કરીને પુનરલગનની પહેલ કાહડવાનો વીચાર કરતી શામલસીંહ નામના જુવાન્યા જોડે પ્યારની વાતો કરવા પડી! શામલસીંહ હતા તો શામલા શામલા, પણ કમલાને મન તો એમ કે આવો ધણી મલી જાય તો પછી સ્વર્ગની જરૂરે શી હતી! આ દુન્યાજ તેમને મન સ્વર્ગ હતી!

શામલસીંહ અને કમલા એક સ્હાંજના બગીચામાં બેસીને પ્યારનીજ વાતો કરતા અને પુનરલગનની ખુબી એકબીજાને સમજાવતા તેટલાં કમલાનો કહેવાતો મરી ગયલો ધણી સરદારજી તે ગામમાં આવી લાગ્યો ! સરદાર રસ્તે ચાલતો ઘરે આવતો હતો તેટલાં તેને એક ચપરાશીએ ગલાં મહીથી પકડયો, દરબારમાં લઇ ગયો અને મુવા પછી પાછા જીવતા થવાના અપરાધ માટે તેમને માહારાજા સામે ઉભા કીધા ! સરદારે માહારાજાને વીનંતી કરીને કહયું કે તે પોતે જો કે રણક્ષેત્રપર જખમી થયો હતો અને તેને મુએલો માની લેવામાં આવ્યો હતો, છતાં તે દવાદારૂ કરીને સાજો થઈ પાછો ગામ આવ્યો હતો ! મહારાજાએ ભરદરબારમાં ઇનસાફ કીધો કે કાંતો સરદારને મુઆ પછી જીવતા થવાના અપરાધ માટે જીવતો ભોંયમાં દાતી દેવો, કાંતો તેને જીવતો મુકવો ! દરબારીઓનું મત લેવામાં આવ્યું, તો બૈરી છોકરાંવાલા દરબારીઓએ જણાવ્યું કે પાછા પોતાને ઘર જઇને સરદાર પોતાની બાયડીને હાથ હાડમાર થાય તેના કરતાં તો તેને જીવતો દાતી દઈને મારી નાખવોજ પુણ્યનું કામ હતું—પણ કુંવારા કુંવારા દરબારીઓ જેઓ બાયડીને હાથના સમોસા ખાધાનો અનુભવ ધરાવતા નહીં હતા તેઓએ સરદારની અને સરદારની બાયડીની કદર ખાતા ખાતા કહયું કે "ના, સરદારને જતોજ મેલવો."

માહારાજા પોતે હજી કુંવારાજ હતા એટલે તેઓએ કુંવારાઓની વાત કબુલ રાખી અને સરદારને જીવતો છોડી મેલ્યો.— સરદાર ત્યાંથી છુટેલો ઘરમાં ગયો તો ઘરમાં તેની બાયડી કમલા

તો શામલસીંહના કાનપર પડીને કાંઇ કહેતી જણાઇ! જતાંને વાર કમલાની અને સરદારની આંખ્યો એક થઇ ગઇ, તે સરદાર તો તમાશો જોઇને ફાટીજ ગયો અને કમલા તો સરદારને જીવતો જોઇને ગભરાઇજ ગઇ!

"કેમ કમલા, આ ત્હમે શું કરો છો? સતીપણાનો ભાશ તો આવનો નથી ને આતો સતીયાનાશીનો ખેલ થાય છે!" સરદારે ચેષ્ટા કરતાં પોતાની સ્રીને કહ્યું.

પણ કમલાએ તો એવું કરી નાંખ્યું કે તેણે પોતે સરદારને કદી જનમારામાં દીઠાંએ ન હોય, તેથી તે શામલસીંહ તરફ ફરીને બોલી "પ્યારા, આ કોણ છે? હું તો એને ઓળખતીએ નથી!"

"કમલા, તું મ્હને નથી ઓળખતી? હું ત્હારો ધણી થાઉં."

"ધણી!" કમલાએ અજાયબી બતાવી "ધણી તો ત્હમે જીવતા હતા ત્યારે હતા, પણ હમણાં શેના ધણી? કોણના ધણી?"

"તો શું હમણાં હું મરી ગયો છું? હું તો જીવતો છું" સરદારે કહ્યુ.

"જીવતા છો તો નોકર પાસે મરણની ખબર કેમ મોકલી? ભર દરબારે ત્હમે મુઆ છો કહીને મ્હને સાલીઆણું પણ આપી દીધું! તો હવે મ્હને કેમ ખાત્રી થાય કે ત્હમે મુઆ છો કે જીવતા છો!"

"પણ હું હાલમાં તો જીવતો છું ને?" સરદારે બુમ પાડી

"લોક કહેછે કે ત્હમે મરી ગયા, તો મરેલા પાછા જીવતા કેમ થાય? હું તો ત્હમને સ્વર્ગમાંજ મલીશ." સતી કમલાએ

ચુકવ્યું.

પણ સરદાર હવે શામલસીંહ તરફ જોવા લાગ્યો, અને બોલ્યો "શામલસીંહ, આ મહારી સ્ત્રીને કહોને કે હું જીવતો છું તો મહને કબુલે."

"પણ કોણ કહે છે કે ત્હમે જીવતા છો? જીવતાની ખાત્રી શી?" શામલસીંહે કહી દીધું "ત્હમે કદાપી જીવતા થયા પણ હોવ તો ત્હમારે આ બાઇના માનને ખાતર પાછા મરી જવુંજ જોઇએ. ત્હમો કહો તો અગનીસંસકાર કરવાની હું તૈયારી કરાઉં, ત્હમે કહો તો ત્હમને હું ભુમીદાહ કરવા સારૂ માણસોને ઘોર ખોદવા કહું-- શો હુકમ છે સરદાર?" શામલસીંહે ગરજના કીધી "ત્હમે હવે પાછા પરમેશવરને ઘર જાઓ છો કે નહીં? જવું હોય તો ઉતાવલ કરો, અહીંથી ખશી જાઓ, આ બાઇ બીચારી મુએલાના જીવતાને જીવતાના મુએલાના ચીત્રવીચીત્ર દેખાવ જોઇને ગભરાઇ જાએ છે- એને હીસતીરીઆ થાએ છે!"

અને ખરેખર કમલા તરતજ ડોળા ઉપર ચઢાવી દઇ હાથ પગ ખેંચી તાણીને ભોંય ઉપર લાંબી થઇને સુઇ ગઇ! મહને પોતાને સમજ પડતી નથી કે અકબરના ઝમાનામાંથી શું બૈરાંઓને હીસ્ટીરીઆ થતો'તો!

"શું ત્હમારી પકકી ખાત્રી છે કે હું મરી ગયલો છું અને જીવતો નથી?" સરદારે શામલસીંહને પુછ્યું.

"પકકી ખાત્રી." શામલસીંહે જવાબ આપ્યો.

"ત્યારે મુએલું માણસ કાયદો તોડી શકેજ નહીં કેમ?"

"બીલકુલ નહીં."

"તો ઠીક" સરદારે અંગરખો ઉતારીને પોતીયું ઉપર ચઢાવતાં કહયું "હું કાયદો તોડીને ત્હને મેઠી ખવાડું છું, ચાલ આવી જા, શામલસીંહ કુસ્તીમાં આવી જા, અને કુસ્તીના પરીણામ પછીજ તું કહેશે કે ગામનું આ સઉથી વીચીત્ર મુરદું હતું!"

કુસ્તી થઈ, પણ સરદાર હાર્યો અને તેણે પોતાની બૈરીને એકની બે નહી થતી જોઇને તે ફીટકાર નાંખીને ત્યાંથી જતો રહયો!

કુસ્તી પછી ચાર દીવસે સરદારને ખબર મલી કે શામલસીંહ અને કમલાના શુભ લગન થયા હતા, અને તેથી કમલાના તે પતીને દીલમાં માઠું તો બહુ લાગ્યું! પણ બે મહીના ગયા નહીં તેટલાં તો શામલસીંહે તેનાપર એક કાગળ લખ્યો કે "ભાઇ હવે હું ધારૂંછું કે તું ખરેખર જીવતોજ છે-ત્હારી બૈરી ત્હને મુબારક, તું જો મદને ખાસડાના મારથી નહીં બચાવશે તો હવે હું તલાવ પુરીશ, કાંતો ઝહેર ખાઇશ!"

પણ સરદાર તે માથેથી ઉતરેલી પીડાને પાછો શાનો માથે ચઢાવે?--તેણે તો મજેહ તરેહથી શામલસીંહનું કાગળ વાંચીને ધુમ હસી લીધું અને ફસચા માટે ઉલટી મુબારકબાદી લખી મોકલી!

૧૭
ઇંડાંનો વેપલો.

ઇંડાંવાલો ખશરૂ ઇરાની બીચારો છે તો પ્રમાણીક, પણ જયાંબી ઇંડાં આપવા જાય કે તેને વાત કરવાની આદત, અને ઘરાક સાથે વાત કરતાં કરતાં ઇંડાંની ગણત્રીજ ભુલી જાય, તેથી કોઇ દાહારે કોઇ ઘરાકને ત્યાં વધારે ઇંડાં આપીને ઓછા પૈસા લઇ આવે-નહીં તો કોઇ દાહારે વધારે પૈસા લઇને ઓછા ઇંડાં આપી આવે!

પરમ દાહાડે ફુઇના રતનને ત્યાં ઇંડાં આપવા ગયો. રતનની બૈરી, આયા કામમાં હોવાથી, પોતેજ ઇંડાં લેવા બહાર આવી અને બોલી "ખસરૂ ઇંડાં તાજા છે કે?"

"તાજા—એકદેમ માખેણ જેવા. મોરઘીએ જેવા મુકયા તેવાજ ઉં ઉંચકી લાયાછ."

"મને નવ દજન આજે જોઇએછ, જોની તેં તો આપરા નવલખી કાકાના કુટુંબને જોયલા છે—એ બધા કાલે આવવાના હોવાથી મને નવ દજન આજે તો જોઇસે, નવ દજન ટોપલામાં છે કે?"

"અરે વેધારે ચે" ઇરાનીએ પલાંઠો મારતા કહયું "તું ત્હારા બાસકીટ આપ બાઇ, ઉં તુને એટલા ઇંડાં આપેચ કે ત્હારા

નેવલેખીબી ખાએચ ને પેંદર લેખીબી ખાએચ ને ઉપેરથી વેરી વેચેચ."

"હંઅ, તાહારે ચાલ ગણી આપ."

"વારેમજી" ઇરાનીએ બાસકીટ લઇને ભોંયપર મુકીને ઇંડાં ગણતા કહયું "આએ એક, બે, તેન, ચાર, પાંચ, ચે, સાત, આંત, નેવ, દાસ. તોમે બીલકુલ ખાત્રી રાખેચ કે એ તાજા તાજા ચે. પેણુ બાઇ, ઓ બાઇ, ત્હારા ચુકરા એદેલજી ચે તે કોંહ ચે?"

"એદલ તો ઇસકોલ ગીઓછ."

"ઇસકુલ ગીઆચ!" ઇરાનીએ બીજા ઇંડાં હાથમાંજ રાખીને પુછ્યું "એટલા મોટા ચુકરા, ને હેજુર ઇસકુલ જાએચ!"

"મોટો સાનો? એ તો જરા દીલે માય મરે ભરેલો છે તેથી મોટો લાગેછ—નહીં તો અદારમું વરસ તો કાલે હસતો ઉગસે."

"એઢાર વેરેસ!"

"હા—અદાર."

"વારૂ, આએ અદાર, (ઈંડાં ગણતાં) ઓગનીસ, વીસ, એકવીસ, બાવીસ, તેવીસ, ચોવીસ, પાચચીસ, ચેવવીસ, ને ત્હમારા પેલા એન ઉતા તે કોંહ છે?"

"કોણ, જરબઇ બ્હેન?"

"હા—તેજ—તેજ" ઇરાનીએ કહયું.

"જર તો કેદારની સાસરે ગેઇબી, છોકરાં બચ્ચાં તપાસવાના તે અહીં કંઇ ઘણા દાડારા રેહેવાય? અખઇ રહયા પાંચ છોકરા છે."

" પાંચ ચોકરાં ! તાહારે એવણુના ઉમમેર કેટલા હોસે ? "

" ઉમમર ? ઉમમર તો કંઇ તેત્રીસ હોસે "

" હંઅ " અને ઇરાનાએ હુંકારો પુરતાં પાછાં ઇંડા ગણવા માંડયા " આએ તેતરીસ, ચોત્રીસ, પાંત્રીસ, ચેતરીસ, સાહાનતીસ, આનતીસ, ઓગેનચાલીસ, ચાલીસ, એકચાલીસ, બેચાલીસ, તેનચાલીસ,— તે બાઇ, મેકુજે તેમારા બેન એટલા બધા મુટ્ટા ચે તો તેમારા માય કેટલા ઉતા ? "

" માય તો વરી એકજ હોય. " નવજે કહયું.

" ઉં કાં કેચ કે બે માય હોય ! ઉં એમ કેચ કે તેમારા માય તાહારે કેટલા મોટટા હોસે. " ઇરાનીએ કહયું.

" હોસે, માયજીને બાવનેક હોસે. "

" નેવાજબાઇ, તેમુને તો માય બેરાબર યાદ રેહી ગયલા હું, બાવેન વેરસ ! " ઇરાનીએ કહયું, અને પછી પાછા ઇંડા ગણ્યા " આએ બાવેન, આએ તેપપેન, ચોપેન, પેનચાવેન, ચાપપેન, સતતાવેન, આંઠતાવેન, અગુનસાઠ, સાહાઠ, એકસાઠ, બેસાહાઠ, તેનસાહાઠ, ચારસાહાઠ,—ઉફ ! બહુજ ગેરમી પારેચ " એકદમ ઇંડાં મુકીને રેમાલ કાહાડી પસીનો લુંછતાં તે બોલ્યો " ઉં જાણુંચ કે બુધ્ધા માણુસનેજ વેધારે ગેરમી પેરતા હોસે—હા, આપરે એવે બુધધા તેઇ ગીઆ, મેને બેરાબેર યાદ ચે કે તેમારા બાવા ને ઉં રેમતા'તા, તે મારા બાવાબી મ્હારાજ જેટલા ઉમેરના ચે. સીતેર વેરસ હોસે કેમ ? "

"અરે નહીંરે, લગભગ પંચોનેર." નવાજે જવાબ આપ્યો.

"એમ?" પછી પાછા ઇંડાં ગણુતાં કહયું "પંચોતેર, છોતેર, સીસતોતેર, ઓગનાએંસી—ને તેવણુના માય?"

"બપઇને વરે પુછેછ કે ખસરૂ?"

"હાજી—બપોઇજી વારે પુચેચ."

"બપઇજી તો બીચારા છનનું વરસની ઉમરે મરી ગેયલા." નવાજે ગજવામાંથી રોમાલ કાહાડીને આંખ નુંછતા કહયું.

"છેનનું? ના રરો, બાઇ, ના રરો" એમ બોલીને તેને પાછાં ઇંડાં ગણુવા માંડયાં "છેનનુ, સેતતાનુ, એઠ્ઠાનુ, નેવવાનુ એકસો, એકસોએક, એકસોબે, એકસોતેન, એકસોચાર, એકસો પાંચ, એકસોચો, એકસોસાત, ને એકસોઆંઠ. લેઓ, આએ એકસોઆંઠ. નેવ દજન બેરોબેર તાંજા ઇંડાં ને આએ એક બીજા તેની ઉપર કેમીસનના, જાએચ, ખાએચ, ખુસી થાએચ. તું ખુસી તો ઉં ખુસી, ને ઉં ખુસી તો તું ખુસી. ત્હારા બાવાને મ્હારી સાથે નાલ્લા ઉતા તેરે ઘેણ્ણા દુસ્તી ઉતા, તું મ્હારા ચુકરી જેવા લાગેચ, તું ખાસે તો જાણે મેં ખાધાં."

એમ કરીને ખશરૂ તો પૈસા લઇને ગયો, ને ખશરૂની વાતપર ખુશી થતી થતી નવાજ ઇંડાં લઇને અંદર ગઇ.

બીજે દીવસે આખો દહાડો બાસકીટમાંથી લઇ લઇને ઇડાં વાપરયા પછી જ્હાંજે ગણુત્રીમાં ધટયાં ત્યારે નવાજે પોતાના વર રતનજી આગળ ફરીયાદ કીધી "રતનજી, આએ મુઇ આયા મરેરે,

મુઇ તો દાહારે દાહારે લુચ્ચાઇ કરતાં સીખીછ, કાલેજ મેં મ્હારે હાથે જાને ખસરૂ પાસેથી ગણીને નવ દજન ઇંડાં લીધા તો આજે લગભગ અરધા અરધા ઇંડાં ચોરીજ લઇ ગેઇ હોસે! ઓ મરેરે, ભુસુંરે એવાં નોકરને."

રતનજીએ ચીરડાઇને બીજે દાહારે આયાએ જેટલુંબી ના કહયું તોબી તેને રજા આપીને કાહાડી મુકી!

૧૮.

વસતીની ગણત્રી.

અમારા ગામમાં વસતીની ગણત્રી ચાલતી'તી તેટલાં ગણત્રી કરવાવાલો એકાએક માંદો પડી ગયો અને એ કામ મ્હને પોતાને કરવા જવાનું ઠડયું. હવે સવાલો શું શું પુછવાના તે તો પેલોજ જાણે, અને તેને પુછવા ગયો તો તે તો નહીં આએ દુન્યામાં કે નહીં પેલી દુન્યામાં તેવો અથા તથા થઇ રહેલો ઘોલીયાપર પડેલો તે હું પુછુંબી શું? જેમ તેમ વગર પુછવે મેં મહારા નીચલા સવાલો તૈયાર કીધા અને તેનું લીસ્ટ બનાવ્યું અને જે ઘરમાં જાઉં ત્યાં એજ સવાલો પુછીને ગણત્રી વીગેરેની નોંધ લેવાનો વીચાર કીધો.

ત્હમારી ઉંમર શું?

ત્હમે જનમેલા કયાં ?

ત્હમે પરણેલા છો કે, અને પરણ્યા હોવ તો માથાની તાલકી ને બરડાની હાડકી સાબુત છે કે ?

ત્હમારા છોકરાં બચ્ચાં કેટલાં છે, ને તે લોકો માય જેવા લાગેછ કે બાવા જેવા ?

ત્હમારા પગમાં આંટણુ પડીછ કે, અને પડી હોય તો કેટલી ?

ત્હમારો જોડીઓ ભાઇ છે કે, અને તે હોય તો તે ત્હમારા કરતાં કેટલા વરસ મોટો છે ?

ત્હમારા મમાઇ કેટલા છે ?

ત્હમારૂં અને ત્હમારા હાથપગનું વજન છુટું છુટું કેટલું ?

ત્હમે આંધલા, બેહેરા, ઇડીઅટ કે ચકરમ હોવ તો જણાવો.

ત્હમે વેજીટેરેનીઅન છેઓ કે નોન-વેજીટેરેનીઅન ?

ત્હમારા ઘરમાં મરઘીના પીલાં કેટલાં છે, અને નહીં હોય તો થોડાં વખતમાં ઇંડાં વીઆએ એમ લાગેછ કે ?

ત્હમે નાટકમાં જાઓછ તે ખેલ જોવા જાઓછ કે લોકના કપડાં ?

ઉપલું લીસ્ટ તૈયાર કરીને હું એક ઘરમાં ગયો તો ત્યાં એક ડોસી બેઠેલી, ડોસીની ઉંમર પુછતાં તેણે ચાલીસ વરસ બતાવ્યા. મહને વહેમ ગયો કે ચાલીસ કરતા વધારે છે. તેથી ઘોડાનાં દાંત જોઇને લોક વરસ પારખે તેમ ડોસીનું ડાચું દાબી દુબીને ખોલીને દાંત જોયાં, દાંત તો ડાચામાં ફકટ બેજ હતા, પણ તેની તેહેકીક

વધારે ચલાઉં તેટલાં ડોસી ઘરમાં દોડી ગઇ અને ઘર ઝારવાની લાંબી ઝાડુ લાવીને ધમાધમ તેના ફટકા મહને મારવા પડી ગઇ — મેં જોયું કે મુહુરતમાં તો ઝાડુ પડી, તે પાછો એમનો એમ ઘરેજ ગયો અને પેલો સારો થાય તેટલાં વસતીની ગણત્રી મુલતવી રાખી.

૧૯.

સ્વપ્નાની આગાહી.

અમારી પાસેના અરધીઆંલાલ એક દીવસે બહુજ બારીક સમયમાંથી બચી ગયા! તેમણે સ્વપ્નામાં એવી આગાહી થઇ કે સનવારની રાત્રે તેમનું મરણ નીપજશે. સ્વપ્નાની વાત અલી આગલ કરતા અલી અને તે, બેઉ જણા ઉંડા વીચારમાં પડયાં, કેમજે બેહુને એવો ખ્યાલ હતો કે સ્વપનાની ચેતવણી ખરીજ પડેછે.

તેથી સનવારે મરણ નકકી નીપજવાનું માનીને અરધીઆ-લાલે મોતનાં કપડાંની તૈયારી કીધી. પોતાનું વીલ લખી નાખ્યું, શમશાનમાં બાલવા જનારા માણસોને બોલાવીને રોજ ઠેડાવ્યો અને બાર ખટારા ભરીને લાકડા લાવીને ઘરની પછવાડે ઢગલો મારી મુકયો કે પોતે જલદી બલી જલીને ખલાસ થઇ જાય અને અને થોડા લાકડા મુકવાથી મુરદાને બલતાં વીલંબ લાગે તેટલો

વીસર'ય તેમને લાગે નહીં! વળી પોતાના મોટા છોકરાને બોલાવીને કહ્યું કે 'દાદી મલુકમાંથી જો આવવાની બારી હોય અને મોઢું જોવાની રહી ગઇ હોય તો તાર કરીને દાદીને ગામથી બોલાવી લેવી, અને બરફના કારખાનામાં જઇને બરફનો ઓરડર કરી આવવો કે દાદી આવે ત્યાં સુધી મુરદાંને બરફમાં મુકી રાખવું. જે સડી નહીં જાય.'

વળી તેણે અલીને હુકમ કીધો કે બચ્ચાં છૈયાંને બરોબર સંભાલવા, તેમણે કાંઇ નહીં તો મહીનામાં એકવારબી બાસુદી પીવરાવવી અને જો બની શકે તો બબે દીવસે તેમને નહવડાવવા!

"એ અલી" તેવણે મરી જવા અગાઉ બૈરીને વધારે સમજણ આપી "એ છોકરાં બચ્ચાં તો રશનામાં કાંઇ ને કાંઇ ખાએ તે તાહારે એમણે હાત હાત દીવશે એરંડીનો જુલાબ આપવો હો, નકર પેટ ફુલી જાશે અને છોકરાંબી મારી પેરે મરી જાશે."

અને મરી જવાની વાત આવી તે અલી, અલીના છોકરાં છૈયાં અને અરધીઆંલાલ પોતે ફોક મુકીને રડવા લાગ્યા!

"એ અલી" રડતાં રડતાં અરધીઆંલાલે કહ્યું "એ આ વખને તું ઘઉં બહુ નો રોપતી હો અને રોપવા હારૂ જમીન ખેરે તો નાંગરે પાડા નો જોડતી હો—પાડા જોતરહે તો તે ત્હારે હાથે બહુ નીહીં ચાલહે, ને બહુ નીહ ચાલહે તો જમીન બરોબર નીહ ખેરાહે, ને જમીન બહુ નીહ ખેરાહે તો ઘઉં હારા નીહ પાકહે."

અને આટલું બોલી રહીને તે પાછો રડવા લાગ્યો.

આખરે મોત મરણની બધી તૈયારી કરીને અરધીઆંલાલ

ખેતરમાં ગયા, ખેતરમાં જઇને જુએ છે તો કાંદાંના રોપ મોટા થયલાં. નોકરોને બોલાવીને રોપ કહાડીને તેવણુ ત્રાનસપ્લાન્ટ કરવા પડયા, તે ખેતરમાંને ખેતરમાંજ ચાર દાહાડા નીકળી ગયા.

કાંદાંની વાતમાં મરણની વાત ભુલાઇ ગઇ, અને સનવાર આવ્યો ને રવીવારની સહવાર થઇ તો તેનીબી અરધીઆંલાલને ફેમ નહીં રહી! સનવારની રાત્રે આખી રાત મોટું ચાંદરણું હોવાથી અરધીઆએ રોપેલા કાંદાંના વાફાઓમાં કોસ ચલાવીને પાણી છોડેલું, ને પાણીનું કામ છેક પરોઢીયા સુધીમાં પુરૂં કરીને થાકેલો પરાગેલો અરધીઓ ઘરે ગયો.

ઘરે ગયો તેટલાં કોઇએ દરવાજો ઠોકયો, અલીએ બુમ પાડી "એ કોણ છે?"

"આ અમે મુંબઇવાલા છીએ, અરધીઆંલાલ નામનો કોઇ ત્હમારા ઘરમાં મુઓ છે તેની લાશ બરફમાં મેલવા આવ્યા છીએ." હવે અરધીઆને યાદ આવી કે તેતો સનવારે રાતના મરી જવાનો હતો, પણ સ્વપ્નાથી તે કેવો મુર્ખ બન્યો હતો તેનો વીચાર કરીને બારણું ખોલ્યા વગરજ બોલ્યો "એ ભાઇઓ, ત્હમે હમણાં તો જાઓ, મુરદુ હજી મરી ગયું નથી, અને હું નહીં ધારતો કે ત્હમે જીવતા માણસને બરફમાં મુકવા ઇચ્છતા હોવ. તેથી આપને જે તસ્દી પડી છે તે ક્ષમા કરો, ને જાઓ."

"ના, અમે તો આ ઘરમાં જે મુઓ છે તેના શરીરને તેમની દાદી આવે ત્યાં સુધી સંભાલવા બરફ નાંખવા આવ્યા છીએ."

"અરે બરફ નાંખવા આવ્યા એ તો ભલે આવયા રે પણ

ઘરમાં કોઇ હજી મરી ગયુંજ નથી તેનું કેમ કરવું ?"

"મરી નથી ગયું તો મરી જાઓને, એમાં ચીંતા શી છે ?" બહારથી અવાજ આવ્યો "પુન્ય કરવા કેટલાકો પોતે ખાતા નથી અને બ્રામણને ખવડાવે છે કેની ? તો ત્હમે અમારી રોજી ચલાવવા સારૂ કદાપી મરીબી જશો તો તેમાં વાંધો શું છે ? કોક દી મરવાનું તો ખરૂં કની, તો આજેજ મરી જાઓને કે અમારી મહેનતને જશ મલે."

અરધીઆંલાલે જેમ તેમ તે લોકને સમજાવીને જવા દીધા, અને અરધો કલાક ગયો નહી તેટલાં તો મુરદાંને બાલવા સારૂ બોલાવેલા આદમીઓ આવ્યા ! તે લોકોએબી દરવાજે ઠોકતા બુમ પાડી.

"એ અલ્યા અરધીઆંલાલની વહુ, ઓ અરધીઆંની વહુ, ત્હમે જો દેશનો રીવાજ બગાડીને મદડાંને બરફમાં મેલશો તો પટેલે કહ્યું છે કે ત્હમને ન્યાતની બહાર કાઢશે–માટે ત્હમે અમોલા અમોલા બેશી જાઓ ને અમને અરધીયું આપી દો કે તેને શમશાનમાં બાલી દઇએ."

"પણ અરધીયું પોતે જીવતું છે તો ત્હમને કેમ આપી દેવાય ?" અરધીઆંએ અંદરથી પાટલાપર બેઠા બેઠાજ કહ્યું.

"શું મદડું જીવતું થયું ?" બહારથી અવાજ આવ્યો "બરફ નાંખવાથી એ આ ચમત્કાર થાએ છે ?"

"એ ના—ના" અલીએ પોકાર માર્યા "એ આ અરધીઆલાલ મરી ગયાજ નથી––એ તો જીવે છે."

" કાલે શનવારે મરવાના હતા તે કેમ થીયું? ન મરી ગયા?
" એ ના ના, નથી મુઆ—ત્હમે હવે જાઓ--ત્હમારૂં ક
નથી " અલીએ ચીચવાઇને કહયું.

આખરે અરધીઆંલાએ પેલાઓની ખાત્રી કરવા સારૂ પો
બારણું ઉંઘાડીને બહાર ગયા અને થોડાક પૈસા આપીને તે
સમજાવી પટાવીને મોકલી દાધા, તે લોક ગયા તો ખરા પણ જ
જતાં બબડયા કે 'આવી જાતનો દગો તેમની સાથે કદીબી કોઇ
કીધો હતો નહીં.'

હજુણુ તો તે લોક ગયા ને પાંચ મીનીટ નહીં થઇ કે દા
રડતી રડતી આવી લાગી અને અરધીયું મરી ગીયું તે પર છા
ફાડી નાંખે તેવું રૂદન કરવા લાગી--પણ દાદીનેબી અરધીઆં
પોતે જાતે હાજર થઇને સમજાવી દીધી ત્યારે દાદી મુંગી રહ

તે વાતને પાંચ વરસ વીતી ગયાં છે પણ હજી સુધી અ
ધીયું મરી ગયુંજ નથી અને તેથી તે જ્યારે સ્વપ્નાની આગાહ
યાદ કરે છે ત્યારે મનમાં કહે છે કે ખરાબ સ્વપ્ના તો કેહા ઘણ
લાડવા ખાધાથી આવે છે!

૨૦.

ઉત્તેજન વગરનો વેપાર.

એક દહાડો હું અગાસીપર ઉભેલો હતો તેટલાં મ્હારા ઘરની સામે રસ્તાપર એક રખડતો શખ્સ હાથમાં કોહેલો સરેલો એક કુતરો લઇને ઉભેલો દેખાયો. મ્હને જોતાને વાર તે બોલ્યો "શેઠ, મેં સાંભરયુંછ કે ત્હમુને કુતરો વેચાતો જોઇએછ તેથી હું આએ મ્હારા જેકીને લાયોછ, એ બહુજ ખાનદાની કુતરો છે, એનો બાપ દમણનો ઉતો ને માય અમદાવાદની ઉતી."

પણ મેં પટાવ્યું ને કહયું કે મ્હને કુતરો લેવાનોજ નહીં હતો ને જો એકબારગી લેવાનો હોય તોબી એવા દમણના બાપ ને અમદાવાદની માયના કોહેલા કુતરાને લઇને સું કરૂં? મેં ના કહયુ એટલે તે શખ્સ ત્યાંથી ચાલતો થયો, પણ તેણે ભુલ કીધી ને બીજાનું ઘર સમજીને મ્હારાજ ઘરની પાછલી બાજુએ જઇને ત્યાંનો પાછલો દરવાજો ખખડાવ્યો. મ્હારા બોયે તે ખોલ્યો ને મ્હને આવીને કેહેવા લાગ્યો કે કોઇ મહને મલવા માંગે છે. મેં જઇને જોયું તો કુતરો વેચવા આવેલો તેજ શખ્સ હને, પણ તેણે મ્હને પીછાણ્યા વગર કહયું "સાહેબ, મકુજે એક ઘણો ખાનદાની ને લાયક કુતરો વેચવાનો છે, એવો તો ખાનદાની છે કે મરઘા બટકા ચોરી નહી થાય તે તપાસવા સારૂ રાતનાં એને પીંજરા

આગલ બેસારયો હોય તો મગદુર છે કોઇના બાપની કે એક જરાબી કોઇને પીંજરા આગલ આવવા દે, ત્હમારી માથે સુંઠ ખાધી હોય જે પીંજરાં આગલ જાઓ--પગનું બોટું જ કાહારી નાંખે."

"બા, મહને કુતરો જોઇતોજ નથી" મેં જરા ગરમ થઇને કહયું.

"ત્હમુને મહારી સખત ભલામણ છે જે કુતરો પાલવો હોય તો એવોજ પાલવો ત્હમે એને ચાર દહાડા રાખી તો લેઓને પછી જોવ કે એ કેવો હલીમલી જસે."

"પણ બાવા મહને કુતરો જોઇતોજ નથી તે સું કરૂં ?" મેં કંટાલીને કહયું.

"ત્હમારી મોટી ભુલ છે મીસતર." પેલાએ બોલવાનું ચાલુજ રાખ્યું "આએ કુતરો ત્હમુને આખી દુન્યામાં કેઇકેજ મલસેજ નહીં—બહુ ખાનદાની કુતરો છે,એનો બાપ દમણમાં રેહેનારો ઉતો ને એની માય અમદાવાદની રેહેવાસણ ઉતી——"

"બા, ત્હમે હવે અહીંથી મહેરબાનીકરી સીધારો, નહીતો બોયને કહીને બ્હાર કરાવસ—જાઓ, માથુ ના ખાઓ." મેં આખરે બાંગ મારી.

મ્હારી બાંગ સાંભલીને તે ગભરાઇ ગયો ને બ્હાર ચાલી ગયો.

અરધો કલાક રહીને ડ્રેસ કરીને હું મ્હારી ઓફીસમાં જવા ઘેરમાંથી બ્હાર નીકલ્યો અને હજુણ તો રસ્તાને છેડેબી પુગ્યો નહીં તેટલાં તેજ કુતરો વેચનારો મહારી સામે આવીને બોલ્યો "સાહેબ, મેં સાંભરયુંછ કે ત્હમુને એક કુતરો વેચાતો

જોઇએછ, તે મકુજે આએ કુતરો ઘણોજ સારો છે, એની આંખ તો જોવ, એ આંખજ એવી છે કે કંઇબી કેહો તો તે તરતજ બજા લાવે ને હુકમસર ચાલે."

"બા, મ્હને કુતરો જોઇતોજ નથી. રસ્તામાં ચાલવાબી દેછ કે નહીં" મેં જરા ઝડપથી ચાલતા કહયું.

પણ તે તો મહારી પછવાડે ને પછવાડેજ આવ્યો! "જોવ મોંસ્તર, કુતરો ખાનદાની છે હં, એવો કુતરો ત્હમારા બાપ જનમમાં મલસેજ નહી! ત્હમારી ગાંડ મીસતેક છે કે એને લેતા નથી. અરે એનો બાપ જાપાનીસ ઉતો ને એની માય ચીનની ઉતી."

"નંખોદગીઆ તું મ્હને ઘેરમાં કહી ગીઓ કે એનો બાપ દમણનો ઉતો ને એની માય અમદાવાદની ઉતી ને હમણાં તેજ કુતરાને વાસ્તે તું કેહેછ કે એનો બાપ જાપાનનો ને માય ચીનની ઉતી? સું ઘેરમાં જે, દમણ ને અમદાવાદ હોયછ તે રસ્તાપર જાપાન ને ચીન થઇ જાયછ?"

"નહીં–નહીં સાહેબ ત્હમારી ભુલ છે, દમણ ને અમદાવાદવાળો કુતરો તે કોઇ બીજાનો હોસે, હૂં તો જાપાન ને ચીનનાજ બચ્ચાં વેચુંછ! ત્હમે એમ માણસ સું ભુલોછ જો! તે કોઇ બીજો વેચનારો હોસે!" પણ જયારે મેં તેને નો કોઠાં કીધાં ત્યારે તે આખરે કંટાળીને ચાલી ગયો.

હું પછી ઓફીસમાં ગયો. બેએક કલાક ગયા પછી જોઉંછ તો કોઇ દરવાજો ઠોકેછ, દરવાજો ખોલ્યો તો પેલોજ આવીને ઉભો, તેણે તરતજ કુતરાને અંદર છોડી મુકયો અને પોતે બોલવા લાગ્યો

"સાહેબ ત્હમારૂં નામ હું જાણુતો નથી, પણ મકુજે મેં સાંભરયું છે કે ત્હમુને એક કુતરો જોઇએછ. આએ મહારા જેકી કરતાં ત્હમુને કોઇબી બીજો સારો કુતરો આખી દુન્યામા ફરસો, આસમાન ને જમીન તરે ઉપર કરસો, સેતારા ને તારાપર જસો તોબી ત્હમુને મલસેજ નહીં—મહારો જેકી——————"

"ત્હારા જેકીને નાંખ ચુલામાં, મહને જેકીબી નથીં જોઇતો ને ત્હારી માથાકુતબી નથી જોઇતી––એને લઇ જા અહીંથી."

"ત્હમારા લોકમાં વેપારીઓને ઉત્તેજન આપવાની કુનેહજ નહીં મલે––અરે મહારા સાહેબ, હું સહવારનો ત્રણ જણાને પુછી આયો, ને ચોથા ત્હમે મલ્યા તોબી ચારેમાથી એકુ શખ્સેબી માહરો કુતરો વેચાતો લીધો નહીં."

"સહવારથી ચાર વખત તો તું મહારૂંજ માથું ખાઇ ગીઓ" મેં ચીરડાઇને કહયું "તુને મુરખાને માણસ ઓરખવાનીબી કેઠા સુધ્ધી નહીં મલે!"

"ત્યારે કુતરો નહીંજ લેતા?" તેણે પાછું પુછયું.

"નહીં." મેં મક્કમપણે પગ ઠોકીને કહયું.

મેં જેવું પગ ઠોકીને ના કહયું કે પેલાએ કુતરાને કમરમાંથી પકડીને એક લાત મારીને ફુટબોલની કાણી બારીએથી ઉરાડી મુકયું ને ચીરડાઇને ફફડતો ચટકતો ચાલી ગયો. તેના જવા પછી બારીએથી વાકાં વલીને મેં જોયું તો કુતરૂં બીચારૂં પોતાના બાપને દમણ ને માયને અમદાવાદ મલવાં જતું'તું કે સું તે ડચકાં ખાઇ ખાઇને લાંબું છર થઇ ગયું!

૨૧.

જોડાં સાંધવાનો ધંધો.

કાવસજીઆએ મનમાં વીચાર્યું કે આ દુન્યામાંથી મરી ગયા પછી વગર અડચણે એકદમ સીધા ને સીધા બેહેસ્તમાં જવાય તેવું કામ દુન્યાની અંદર કંઇ કરવું જોઇએ, તેથી તેવણે બહુજ લાંબો ખ્યાલ કરી કરીને વીચાર્યું કે દુન્યામાં સઉથી મોટું સવાબનું કામ તો જોડાં સાંધવાનું હતું. જોડાં સાંધવા એટલે પગમાંના જોડા સાંધી સીવીને મોચી બની જવું એમ ના સમજતા, ના-ના એ તો જોડાં સાંધવા એટલે વર બૈયરને સાથે જોડી તેમના લગન કરી આપવા માટે કાજ કરવાનું કામ હતું! જોડા સાંધવા એટલે ખાસડાં બનાવવા તેમાં વલી બઇરાંઓની ઉંચી એડીના બુટ્ટી આવી ગયા, અને જોડા ખાવા એટલે ખાસડાં ખાઇને પેટમાં નાંખવા એમ નહીં પણ જાણે કે બઇરીના બાપ પાસે રીત લીધી હોય તો વાંક પડે ત્યારે બઇરીના ખાસડાં બરડાપર લઇ લેવા—અને જોડાં સાંધવા એટલે તો કાજ વસતારા કરવા, હવે હું ધારૂંછ કે ત્હમે એ જોડા ને જોડાંનો ઘોંટાલો સમજી ગયાજ હશો.

વારૂ ત્યારે, કાવસજીઆએ વીચાર કીધો કે આ દુન્યામાંથી ગયા પછી એકદમ કોઇ અટકાવે નહીં તેવી રીતે સીધા બેહેસ્તમાં જવાનો એકપુરો માર્ગ ફકટ એજ હતો કે બીચારા બે જુમાતા

જુફાતા છોકરા-છોકરીને વચમાં પડીને માથા દુગણુ કરીને પણુણાવી દેવા, ને જો બની શકે તો સવાબની સાથે જરા પૈસા લઇને પેટનો ખાડોબી પુરવો!

હવે ભોગચોવડીએ અમારા ગામમાં કાવસજીબાએ વીચાર કીધો તે વરસે માટીડા થોડા ને બૈરાં ઘણાં થઇ ગયા એટલે માટીડા ધપી ગયા અને બૈરાંઓ ધકેલા ખાવા રહી ગયા—તેથી રંડાયલા પંડાયલા માટીડાઓને પાછા લગન કરવાને સમજાવવાનું પાનબીડું, કે અમથુ બીડું, કાવસજીબાએ ઝડફયું, તેવણુ છત્રો લાકડો ખભા-પર મારીને રંડાયલા માટીડાઓ કાંહાં છે તે શોધી કાહાડાને તે લોકને સમજાવી પટાવીને પણુણાવવા ગયા.

પેહેલે ગયા તે કાવસજી અમારા ગામના એદલજી લંગરાં આગલ ગયા, એદલજી જો કે હમણાં હમણાં લંગરા થયા હતા પણ જમારે તેવણુ લંગરા નહીં હતા ત્યારે તેવણે બએ પગે કુદીને પૈસા ઘણા એકઠા કીધેલા. જે દહાડે એદલજી લંગરા થઇ ગયા તેની બહારવણે તેવણુની બૈરીબી અધુરામાં પુરૂં એદલજીને માથે સાત છોકરી ને ચાર છોકરાં મુકીને મરી ગઇ! કાવસજીએ વીચાર કીધો કે લંગરો તો લંગરો, પાસે પૈસા છે તે કોઇને પેહેરાવસું તેને ખવરાવસે તો ખરો, ભુખી તો નહીં રાખશે. તેથી નદી મામા તો લંગરા મામાબી સદ્દી, કરીને તેવણુ એદલજી લંગરાને ઘરે પેહેલે ચઢયા.

ઘરમાં જતાંને વાર સામાં એદલજીજ મલ્યા, તેથી કાવસ-જીએ હરખાઇને કહયું "એદુબા, ઓ એદુબા, મકુજે એક વાત

કરવીછ."

"શું છે?" એદલજીએ કાન આગલ હાથ ધરતાં પુંછયું "જરા મોટેથી બોલો—ત્હમે કોણ, માસીના કાવસ કે?"

કાવસજીએ જોયું કે એદલજી લંગરો થઇ ગયો હતો, અને કેંઠો છોકરાઓની ગડબડથી બેહેરોબી થઇ ગયો હતો, તેથી તેણે મોટેથી કહયું "નહીં હું મારીનો કાવસ નહીં—પણ મોહલ્લામાંનો પેલે નાકેનો કાવસ છેઉં. હું ત્હમુને અગતના કામસર મલવા આયોછ."

"મરવા આયાછ?" પેલાએ કાન તરફ હાથ રાખીને પુછયું "તે ત્હમુને કોઇ બીજી જગા મરવાની નહીં મલતી બા-કે અહીં મરવા આયાછ?"

"અરે મરવા નથી આયો, મરવા નથી આયો, મલવા આયોછ, મલવા આયોછ" કાવસજીએ જેમ બને તેમ મોટેથી ઘાંટો પાડીને કહયું.

"પણવા આયાછ?" પેલા બેહેરાએ પગપર હાથ થોકીને કહયું, "હંઅ, તે મ્હારી મોટટી છોકરી સાથે વીચાર છે કે?"

"અરે નહીં-નહીં." કાવસજીએ દાંત કચકચાવીને તે બેહર-કુટને સંભળાય તેમ મોટેથી બાંગ મારી "હું પણવા પોતે નથી આયો પણ ત્હમુને પણણાવવા આયોછ. મકુજે બીજું ઘેર કરવાનો ત્હમારો વીચાર છે?"

"કોણ બીમાર છે?" બેહરકુટે પુછયું.

"બીમાર કોણ છે!" કાવસજીએ કંટરઇને કહયું "ચાલો જરા

આપરે બેસીને વાત કરીએ" એમ કહીને કાવસજીએ જાણે તે પોતાનુંજ ઘર હોય ને એદલજી તેને મળવા આવેલો હોય તેમ એદલજીનું પાંખડું પકડીને અંદર લઇ ગયો. બેઉ જણ બેઠા પછી કાવસજીએ કાનપર પડીને કહયું "એદલજી-ઓ એદલજી"

"હું" એદલજી જાણે કડવા જતો હોય તેમ ડાચું આગલ કરીને બોલ્યો.

"તહમે નાતરૂં કરવા માંગોછ કે?"

"આંથરૂં જોઇએછ? તે મ્હારી દીના પાસેથી માંગી લેઓની, આપસે, તેમાં સું છે?'

"અરરરરરરરરરરરર" કરીને કાવસે આજુબાજુ જોતાં કંટલઇને બુમ પાડી, તેટલાં તેની નજર સામે મુકેલા ભુગલાંપર પડી. તે સમજી ગયો કે એદલજી સાથે વાત કરવાની તે ભુગલાં સાથેજ કરવાની હશે તેથી તેણે તરત ભુગલું ઉંચકયું ને એદલજીના કાનપર મુકીને કહયું "મકુજે તહમારો બીજું ઘેર કરવાનો વીચાર હોય તો ગામમાં બે ચાર છોકરી છે."

"તે કેટલીએક બૈરી પણણાવોછ જે!" એદલજીએ હવે કાવસજીની વાત સાંભલીને પુછયું

"બધી સામટી તહમારીજ સાથે નથી પણણાવાની, જે તહમુને ગમે તે તહમે લેઓ ને હવે મકુજે બૈરીવાલા થાઓ." કાવસજીએ સુચના કીધી.

"તે મેં તો બઇરી કીધી" એદલજીએ કહયું.

"તે તો મરી ગઇ કેની?" કાવસજીએ કહયું.

પણ એદલજી કાવસજીના કાનપર પાછું ભુમલું મુકીને બોલે તેટલાં કોઇ અરીમ ધરીમ જેવી બઇરી હાથમાં સાવરણી લઇને ઉપર આવી ને સાવરણીનો એક સપાટો કાવસના બરડાપર જોરથી મારીને બોલી "મુઆ, ત્હારી બઇરી મરી જાયની. અહીં કાંડાં અરે ધરે પખોરી લેવા આયો! જોતો નહીં કે જીભરૂં એદલજીએ તો મ્હારી સાથે દાણા પારયા, ને હું તુને કાચો ને કાચોજ ખાઇ જાઉં તેવી જીવતી જાગતી છેઉં તે."

કાવસજી તો ઝાડુ પડવાથી એકદમ ભુગલું મુકી દઇને ઉડયો ને બીજી સાવરણી નહીં પડે કરીને ચચાર ફાંડીએ કુદીને નાહાઠો.

ત્યાંથી માર ખાઇને નીકલેલો કાવસજી પુછી પરછીને બીજા ઘરમાં ગયો. અંદર હજુણ તે દાખલ થાયછ તેટલાં જેલી ને માખણથી ખરડાયલાં પાંચ પોરીઆં તોરીઆં "કાકા આયા, કાકા-આયા" કરીને કાવસજીને વલગી પડયા અને હાથ ધોવાને બદલે તે લોકોએ કાવસજી કાકાના કપડાંએજ હાથ ને મોંઢા સાફ કીવાં! ભઇ વગરના કાવસજી આજે કાકા થયા હતા એટલે તેવણનો જીવ તો સખએ ગયો, ને ગજવામાંથી અકેકું દોઢીયું બધા છોકરાંનાં હાથમાં મુકતાં બોલ્યા "છોકરાંઓ, બાવા કાંહાં છે?"

"ધી બાવાધી તો માયધી આગલ બેતીને પપેતા કાપેત." બધાં છોકરાં સામટા બોલ્યા.

"બાવાજી પપેના કાપેછ? તે માયજી સું કરેછ?" કાવસ-જીએ ગભરઇને પુછયું.

"ને માયધી કાંદાં તોલેત." છોકરાં બોલ્યાં.

"તે તાહારે સું બાવાજી માયજી સાથે પણુયાબી?" કાવસજીએ ખોટી ખબર મલીછ કે સું તેથી જરા ફેરવીને પુછયું.

"અમે લગન તઉ ખાવા ગેયલા" છોકરાંઓ છાતીપર હાથ થોકીને બોલ્યાં "નવા માયધીએ અમુને કેરાંના પાંતરાંપર માવાના તમુતાબી ખવારીયા."

ચાલો, કાવસજીએ જોયું કે તેવણુ પોતે જરા મોડા આવ્યા હતા, કેમજે નવા માયજી તો આવીબી ચુકયા હતા ને તેવણુ પોરીયાંઓને માવાના સમુસા ખવાડીબી ચુકયા હતા! તેથી તેવણુ નાસીપાસ થઇને ત્યાંથી પણ ચાલી ગયા.

બેઉ ઠેકાણે નાસીપાસી મલવાથી ત્રીજી બાજુએબી એવો રખડાત નહીં થાય તે સારૂ કાવસજીએ હવે તો પુખ્ત વીચાર કરીને પગલું ઉછાલ્યું. તેવણે ગામના કેટલાંક બૈરાંઓને એકઠાં કરીને બરોબર પુછી પરછીને પછી રૂસ્તમજી ઘાસવાલાના ઘર તરફ ચાલુ મુકયું. રૂસતમજીના ઘરપર જોતાં આખું ઘર બંધ બસ લાગવાથી કાવસજી સમજ્યા કે રખે રૂસ્તમજી ધપી બપી ગયા હોય, તે પેહેલાં મોટે મોટે સાદ મારીને પછીજ ગામના લોકને ખબર કરવાનો વીચાર કીધો. તેથી તેવણે બુમ પાડી "ઓ રૂસ્તમજી, ઓ રૂસ્તમજી, રૂસ્તમજી ઘાસીઆ."

જવાબ નદારદ!

પાછી કાવસજીએ બુમ પાડી, અને જો કે એદલજી બેહેરાને ત્યાં બુમ પાડતાં પાડતાં કાવસજીનું ગલું બધું બેસી ગયલુ ને સાદ

બદલાઇ ગયલો તોબી પેટ પાંસરાં પકડી પકડીને કાવજીએ પાછી જોરથી બેડેલા સાદે બુમ પાડી "એ રૂસ્તમજી, એ રૂસ્તજી ધાસીઆ "

તેટલાં કાવસજીની અરમાન પુરી પડી, કોઇએ ધબ દઇને બારી ખોલી નાંખી ને ઉપરથી ચુંચી ચુંચી આખે જોઇને કહયું "જાઓ બૈરાં, અહીંથી જાઓ, મ્હને ના સતાવો. આએ ત્હમે પાંચમાં બઇરાં અહીં મ્હને સતાવવા આયાછ, મ્હને મકુજે પાછું નાતરૂં કરવુંજ નથીની, ત્હમે ઘેર જાઓ, હું ત્હમારી સાથે પણ-ણીને દુખી થાઉં તેનાં કરતાં ઇંડાંની અકુરી ને ઇરાનીને તાંહાંનું પાઉં ખાઇનેજ સુખી રેહુંની! પેહેલીએ વરી મ્હને ખાસરાં ખવારી ખવારીને સું સુખી કીધો જે તું વરી સુખી કરસે? જાઓ બઇરાં, અહીંથા પતો."

"અરે હું બઇરી નથી માટીડો છેઉં, ત્હમારી શોર્ટ સાઇટ ત્હમુને દેખાતું નથા તો મ્હુને ઉપર તેરીને જોવની!" કાવસજીએ બુમ પાડી.

"બઈરી નથી ને માટીડો છે તો તું ઉપર આવીને મ્હારી શોર્ટ સાઇટનો લાભ લઇને કંઇ ચાઉં કરવાનો વીચાર રાખેછ સું ?"

"અરે નહીં-નહીં, હું તો ત્હમારૂં જોરૂં સાંધવા આયોછ."

"બા મેં ત્હમુને ના કહહુંની કે હું હવે બીજું ઘેર કરવાજ નથી માંગતો" રૂસ્તમજીએ કહયું.

"અરે ગામમાં આબરૂદાર ખાનદાનની ઘણી રંડાયલી છોક-રીઓ છે, મહારૂં કહયું માનીને પણણો—મહને ને ત્હમુને બેઉને સવાબ લાગસે."

"ખાસરાં ખાઇને સવાબ કરવું એ કોણના બાપે કહયું?" રૂસ્તમજીએ ચુચી ચુંચી આંખેજ ઉપરથી સવાલ કીધો.

"હવે જે બાકી રહેલી છે તે કોઇ ખાસરાં મારે તેવી નથી, બધી નમાની ને ગરીબ છોકરીઓ છે."

"કાકા, મેં ત્હમુને એક વખત ના કહયું, બે વખત ના કહયું, આએ તીજી વખત ના કેહુંછ કે મહારે નાતરૂં નથી કરવાનું, હવે જો ત્હમે અહીં ઉભા રહીને ગરબર કરશો તો પછી જે બનાવ બને તેના જોખમદાર ત્હમે છેઓ." રૂસ્તમજીએ ઉપરથી રોકડું પરખાવતાં અંદર જઇને બારી બંધ કીધી.

પણ કાવસજીએ વીચાર્યું કે એ તો હોય, એવાં કામમાં તો ચાલુ સમજાવત પટાવત જોઇએ કરીને પાછી બુમ પાડી "ઓ રૂસતમજી શેઠ, ઓ રૂસ્તમજી ઘાસવાલા—મકુજે આએ જરા વધારે સાંભરો, બારણું ઉંઘાડો કે હું અંદર આવીને બેસીને ત્હમારી સાથે વાત કરૂં."

પણ કાવસજી બારણું ઓય ઉંઘાડશે કરીને બારણા તરફ ટીકી ટીકીને જોવા લાગ્યા તો ઉપરથી ધરરરરરર દઇને કોઇએ પાણીનો હાંડો ઉંધો કરી દીધો! કાવસજી તો બધો પાણીમાં બોલી કાઢેલા ઉંદર જેવો તડબોડ થઈ ગયો!

હજુણ તો કપરાં જોઇને ગાલ દે કે બબડે તે અગાઉ બારણું ઉંઘડયું અને અંદરથી એક બુલડોગ જેવો કુતરો બાઉ-વાઉ-વાઉ કરતો કાવસજીના દીલપર કુદી પડયો.

કાવસજી તો ગજવું પકડીને ત્યાંથી જીવ લઇને નાહાઠો, ને

કુતરો તેની પછવાડે જેમ તે દોડે તેમ જોરથી દોડીને તાંતીઓ પકડવા જાય! દોડના દોડતા કાવસજીને કુતરાની આંટી આવી ગઇ અને મોહલ્લાને નાકે જઇને તેવણ ચીભરાની કાની ઝીખાયા, ત્યારેજ પેલો કુતરો પાછો ફર્યો!

નસકોરી ફુટેલી લોહી લુહાન થયલી લઇને કાવસજી ઘરે ગયા અને બીછાના પર સુતા સુતા તેવણે વીચાર કીધો કે જોડાં સાંધવાથીજ જો બેહેસ્તમાં જવાતું હોય તો પછી દોજખમાંજ ગેયલું ભલું! અને તે દીવસથી તેવણે કાજ કરવાનું છોડી દીધું.

૨૨.

કોપરબરાસનો બકરો.

મીસીસ કોપરબરાસની બુચીની ગાડીને જે દીવસે અકસમાત નડયો તે દીવસથી મીસીસ કોપરબાસ બુચીને ગાડીમાં બેસાડવાનું ભુલીજ ગઇ છે અને હવે આયાના હાથમાંજ ફેરવે છે.

થયું એમ કે મી. કોપરબરાસે ધાર્યું કે બુચાની ગાડી રામો ખેંચે તેના કરતાં જો બકરો ખેંચે તો બચ્ચાને મજાહણી પડે ને ગાડી જલદીથીબી ચાલે, તેથી તેવણે એક દાઢીવાલો મોટો બકરો વેચાતો લીધો ને તેને ગાડીમાં જોડયો! બે ત્રણ દાહાડા તો કામ

ઠીક ચાલ્યું, પણ છઠ્ઠે દાહાડે કોપરબરાસના બકરાની ગાડી ખેંચતા ખેંચતા સામેથી આવતા એક બીજા બકરાની ઉપર નજર પડી, અને કોણ જાણે બેઉ બકરાનો સું વાંધો પડ્યો તે લડી પડ્યા અને એક બીજાને માથાં મારવા પડ્યા ! રામો તો ધ્યાનમાં ને ધ્યાનમાં પોતાની કોઇ સગી સાથે દુર ઉભો રહીને વાત કરતો'તો એટલે બેઉ બકરા-ઓને કુસ્તી રમવામાં ફાવીતુંબી થઇ ગયું !

દર વખત જ્યારે કોપરબરાસનો બકરો આગલા બે તાંતીઆ ઉભા કરીને માથું મારવા ઉછલે કે કોપરબરાસની ગાડીમાં બેઠેલી બુચી ગાડીમાં ચતનીપાત પડી જાય, ને જેવો બકરો પેલા સામેના બકરાને માથું મારવા પગ નાંખીને વાંકો વલે તેવીજ બુચીબી ચતની પડેલી ઉછલીને ઉંધી પડી જાય !–એવામાં વલી અધુરામાં પુરૂં જો સામેનો બકરો કોપરબરાસના બકરાપર ટાંકેલી નેમ ચુકી જાય તો તેનું સીધું માથુંજ જઇને ગાડીમાં બુચી બેઠેલી હોય તેને વાગે, ને બુચી તેથી મોટે મોટે ભેંકરો તાણે ! બેઉ બકરાની માથા માથાની લડાઇમાં કોપરબરાસની બુચીનો વચમાં મરો થાય, ને તેના પેટમાંનું દુધ એમથી તેમ ને તેમથી એમ ધકકામુકી ખાતા દહી થઇ જાય !

એમ બકરા બકરાની લડાઇ પાઓેક કલાક ચાલી તેટલાં બે કુતરા એ પંચાતીમાં સામેલ થયા ને બકરાપર તુટી પડ્યા. કોપર-બરાસનો બકરો કુતરાની ધાસ્તીથી હવે ચચાર પગે ઉછલવા લાગો ને અંદરનું પોરીયું જાણે બલુનમાં ઉડીને પાછું નીચે સેહેલ કરતું હોય તેમ ઉછલી ઉડીને ઉપર નીચે અફલાવા જીખાવા લાગ્યું ! આખરે કોપરબરાસનો બકરો પટા પુટી તોડી નાંખીને છુટો થઇને

ન્હાસી જઇ શકયો અને પેલો બકરો તેની પુઠે પડયો તો કુતરા વલી તે બેઉની પાછલ લાગ્યા! કોપરબરાસની બુચી તો ગાડીની સાથેજ પાસેના ખાડામાં પડીને ભેંકરો તાણુવા લાગી ને રામો તો તે મામલો જોઇને કોપરબરાસને ઘર જવાને બદલે પગાર ને ભાંગેલી પેટીની દરકાર કર્યા વગર ત્યાંથી રસ્તો માપી ગયો!

બકરો જ્યારે ગાડી ને બુચી વગર ઘરે ગયો ત્યારે બેઉ કોપ-રબરાસ ચકરબતીઓ બુચીને શોધવા નીકલ્યા અને લોકનું મેજરૂં મલેલું જોઇને આગલ ગયા. બુચી તો મરે હાલ ને મુરદાલ થઇ ગયલી.

ઘરે આવ્યા પછી માટી બઇયર આંઠ દાહાડા સુધી એકમેક સાથે બોલ્યા નહીં ને નવમે દાહાડે જ્યારે બોલ્યા ત્યારે પેહેલાં તો રામાની પેટી સલગાવી દીધી ને પછી બકરાને પાંજરાપોલ મુકી આવ્યા!

૨૩.

વગર પપપાના પપપા !

જમશેદજી બટકી પુનાથી મુંબઇ આવવાના હતા, ત્રેનને આવ-વાની વાર હોવાથી તેવણે વેટીંગ રૂમમાં જવાનો વીચાર કીધો ને ધ્યાનમાં ને ધ્યાનમાં લેડીઝ વેટીંગ રૂમ ખોલીને અંદર ગયા. હસતો તેવણ પુરા અંદર જાય છે તેટલાં ત્રણ ચાર છોકરાં બચ્ચાંવાલી એક બૈરી ફિહીને ઉભી થઇ, તેવણ તરફ દોડી ગઇ, અને જમશેદજી બ્હાર ચાલી જાય તે અગાઉ તો તેવણને ગલે વલગી ગઇ, અને મોટે મોટે સાદે રડવા પડી ! જમશેદજી તો આ મામલો જોઇને બધો ગભરાઇ અકલાઇ ગયો કે હવે શું કરવું, તેટલા ગલે વલગે-લીજ રહીને પેલીએ રડતાં રડતાં કહયું

"નવરોજી, નવલ, ખોદાએ આખરે આપુને બેઉને મેલવીઆ ખરા ! હું જાણુતી'તીજ કે ત્હમે પુનામાં રેસકોર્સપર આવસોજ ને તેથીજ હું માયજીને કહીને આએ ત્હમારા બચ્ચાં છોકરાંને લઇને સ્ટેશનપર આવી, મેં ત્હમુને માશીનું કાગલ લખ્યું ને ત્હમે મ્હને પાછું કાગલ મોકલ્યું કે ત્હમે મ્હને સ્ટેશનપર રાતની ગાડીએ મલસો તે ખરેખર ત્હમે મ્હને મલ્યા ખરા, મરૂં ત્હમે તો વચ-નના સાચા છેઓ જો, કેટલા કેટલા મહીના સુધી આપરે બેઉએ તે નજીવી બાબદને વાસ્તે કેવી જાતેમ જુદાઇ ખમી, ને

આપરાં બચ્ચાં કચ્ચાં——"

"પણ બાઈ ત્હમે મ્હારૂં ગરૂં છોરોની" જમશેદજીએ ગભરાઈને કહયું "હું કંઇ ત્હમારો નવલ નથી, ને આએ બચ્ચાં કચ્ચાં કંઇ મ્હારા ને ત્હમારા નથી."

"તાહારે કોણના છે" ગલે વલગી રહીનેજ પેલીએ ડચકાં ખાતાં કહયું "ઓ નવલ, નવલ, ત્હમે કાંય હજુણ ધાટકી થાઓછ! કાંય હજુણબી અમુને અમમા પોતીકાં ગણીને આપરા સુખી ઘેરમાં અમુને બધાને નહીં લઇ જતા? ઓ કાંય, કાંય, તું એટલો બધો સખત થાયછ! જો, જો, હું તેજ ત્હારી પોતાની આલા છેઉં, ઓ હું તેજ હવે દુખી થઇને પસતાઇને ત્હારી મારી માંગતી આલુ છેઉં—ઓ તેજ આલુ છેઉં."

"પણ હું આલુ જરદાલુને કોઇને ઓરખતોજ નથીની!" જમશેદે કહયું "બાઇ, ત્હમે મ્હારે ગરે વરગેલા છેઓ તે મ્હારૂં ગરૂં છોરો તો મ્હેરબાની થસે- અરે અરે, એમ મ્હારી છાતીપર ત્હમારૂં માથુ સાનું મુકી દેઓછ જો કોઇ જોસે તો ખરાબ લાગસે."

"કંઇજ ખરાબ નહીં લાગસે ડીયર નવલ, આપરે ધણી-ધણીઆણી છઇએ તો પછી ખરાબ સાનું લાગે" ગલે વલગેલી રહીનેજ આલાંએ રડતાં રડતાંજ કહયું "ત્હમે ત્હમારા મનમાં જુદઇ ગણતાં હોવ તો કોણ જાણે! હું તો ત્હમારી પોતાનીજ આલુ છેઉં. નવલ—નવલ ઘેરમાં મીઠીબઇ ફુઇ સું કરેછ?"

"મીઠીબઇ ફુઇ કોણ મુઇછ?" જરા ગરમીથી કામ લેવાનો

વીચાર જમશેદજીએ કીધો "હું કોઇ મીઠીબઇ મોરીબઇને ઓરખતોજ નથી, બાઇ ત્હમે માણુસ ભુલેલા લાગોછ હું કંઇ ત્હમારો નવલ નથી પણ હું મ્હારો પોતાનો એખલાનોજ જમશેદજી છેઉં, કારણ કે હું હજુર સુધી પરણેલોજ નથી."

"ના બનાવ, ના સતાવ, ના તરસાવ મહને ઓ વ્હાલા નવલ, તું એમ બોલીબી કેમ સકે કે તું મહારો પોતાનો વ્હાલો નવલ નથી!" અને અહીં પેલીએ જમશેદને ખેચી તાણીને બચ દઇને એક ચુમી લીધી!

"અરે પણ આએ તે કંઇ જુલમ છે!" જમશેદે બુમ પાડી "ઓરખું નહીં, પારખું નહીં, ને મહને તાણી ખેંચીને ચુમી લેઓછ! હું સું જાણું જે આએ બઇરાંઓનો વેટીંગ રૂમ છે, નહીં તો સું મરવા પરવા અહીં આવીને આએ જુલમમાં પરતે—ત્હમે મ્હારૂં ગરૂં તો છોરો."

"નહીં છોરૂં, વ્હાલા નવલ નહીં છોરૂં, તું કેમ એટલો બેકદર થઇ ગીઓછ! તું મ્હને નહીં ઓરખતો તો કંઇ નહીં, પણ આએ ત્હારા બચ્ચાં છોકરાંનેબી તો ઓરખેછ કેની? આએ ત્હારા કલેજાંના કટકાઓને તો ઓરખેછ કેની?"

"મેં ના કહયુંની કે હું કલેજાને ને ફેફસાંને કોઇને ઓરખતોજ નથી." જમશેદે કહયું.

"વારૂ, તું નહીં ઓરખસે તો એ લોકો તો તુને ઓરખસે કેની? છોકરાંઓ————"

" જી માય " બધાં પોરીઆં તોરીઆં સાથે બોલી પડયાં.

" આએ ત્હમારા બાવા નવરોજી છે, એવણને ઓરખોછ કેની ?" આલાંએ ગલે વલગેલીજ રહીને છોકરાં તરફ જોઇને કહયું.

" હાજી ઓરખાએછ " તેઓ સામટાં બોલ્યા " એવણજ અમારાં પપપા થાય." એમ કરીને એક પોરીયું જમશેદનું પાતલુન પકડીને ઉભું, તો બીજું તેનો દગલો પકડીને ખેંચવા લાગ્યું, તો ત્રીજું કુદકો મારીને કમમરે વીટલાઇ ગયું ને ચોથું તો "પપપા–પપપા, બીસક્રીટ આપો " કરીને તેનો હાથ ખેંચવા પડયું.

જમશેદ તો બધો ઘેલો ને દીવાનો થઇ ગયો. અરે આએ તે કંઇ જુલમ હતો ! નહીં પપપાનો પપપા થઇ ગયો તેનો સમજ્યા, બધાં પોરીયાં તોરીયાં વાંદરાની કાણી વલગયાં ને પેલી તો ગલે વલગેલી ગલું છોડતીજ નહીં હતી ! જમશેદે હવે આલાને પકડીને દુર કરવા ચાહયું.

તેટલાં કોઇ જમશેદના ચેહેરાના જેવોજ શખ્સ રૂમમાં દાખલ થયો અને તેણે આલાંને જમશેદના હાથમાં જોઇને ધાંધલ કરી પોરીઆં તોરીઆંને દુર ખશાડયા, ગભરાયલી ફગલાયલી આલાંને બાજુ કીધી ને જમશેદને પકડીને ભોંયપર પટકી નાંખ્યો, તેની છાતીપર ચડી બેઠો ને આલાએ ભુલમાં તે શખ્સને પોતાનો નવરોજી સમજીને પોતેજ વલગી હતી એમ ચીસાચીસ પાડીને સમજાવ્યું છતાંબી તેણે પોતાની બઇરીને પકડવા માટે જમશેદને ખુબ મેથી-પાક જીલાવી !–અરધેક કલાકે જમશેદને તો પુનાની ઓરપીતલમાં મુકી આવવો પડયો !

બે મહીના પછી જ્યારે તે ઓસ્પીતલમાંથી બ્હાર આવ્યો ત્યારે તેણે વીચાર કીધો કે હવે તો મોંઢાપર રંગ ચોપડીને ફરવું, જેથી બીજી કોઇ તેને પોતાનો ધણી સમજીને વલગે નહીં ને તેથી તેને ગધધઇ માર ખાવો પડે નહીં!

૨૪.

મર્જે મ્હોબ્બત.

જુવાન છોકરાઓને લગભગ ઓગણીસમે વરસે બીચારાઓને એક જાતનું મેડનેસ લાગુ પડે છે જેને લોકો પ્યારના નામથી ઓળખે છે. એ દરદ જો કે બહુ સાદુમાદુ છે તોબી અફલાતુન હકીમ તેની દવા કરી શકતો નથી, અને હકીમ કાંગલો થઇને લાંબી દાઢી પસવારીને શીખામણ આપે છે કે "બાબા એ બ્હોતી બુરા મર્ઝ હએ-ઇસકો ન છેડના, છેડોગે તો ઇસકે બંધસે ન છુટોગે, ઇસકો મર્ઝે મ્હોબ્બત કહેતે હંએ, ઔર કોહે કાફ્સેભી ગેહ સખ્ત હએ."

હકીમ પુરાણો અફ્લીયુણી જ્યારે લાંબાં લાંબાં ડાચાં કરીને એમ બોલે તો પછી આપણા શા ભાર? મગર હું તો એટલું જાણુંછ કે મર્ઝે મ્હોબ્બતમાં ફસેલો પેલો બાચારો છોકરો એ મેડ-

નેસ લાગુ પડયા પછી એશકી કપડા પેહેરવાની વધારે તલબ રાખે છે, માથામાં તેલ બહુ નાંખે છે, સેંટનો કચડઘાણ કહાડે છે, માબાપ પુછે તો તેના જવાબ ટુંકામાં આપે છે, વારેઘડીએ વીચારમાં મશગુલ રહે છે, બારીએ મુંગો મુંગો ઉભો રહે છે, દોસ્તોની દોસ્તી તેને કરડવા આવે છે, ઘડી ઘડી અંગુઠો પોતાના ઉપલા હોઠ આગલ લઇ જયા કરે છે, નીસાસાપર નીસાસા નાખે છે અને કાગલ હાથમાં આવી ગયું તો તેપર સતરસો વખત "વ્હાલી" ને "પ્યારી" લખે છે, મર્ઝે મ્હોબ્બતની એજ નીશાની છે.

જયારે એક જુવાન્યો પ્યારમાં ગીરફતાર થાએ છે ત્યારે તેને ખાવાનું ગમતું નથી અને તે કહેછે કે 'તેણીના મીઠા હોઠ તેનો ખોરાક છે.' એના બાપનું કપ્પાલ! મ્હારા તો ધ્યાનમાં વાત ઉતરતી નથી, ત્હમે કેહેશો કે મશરેક એમ શું ડોળા બાલેછ? પણ હું ત્યારે ત્હમુને એમ પુછું કે ત્હમે એ ચકરમનું માનોછઓ ખરા કે? જો તેણીના મીઠા હોઠથીજ એનું પેટ ભરાતું હોય તો નખોદગીઓ બપોરના ને રાતના ઘેરમાં જોભરી શું કામ મરેછ? તેણીના હોઠ ઉપરજ કાંય નહીં જીવતો?

મર્ઝે મ્હોબ્બતનો ચકરમ જયારે તેણીથી દુર હોય છે ત્યારે બેચેન જણાય છે, અને અધુરામાં પુરું જયારે તે તેણીની આગલ જાય છે ત્યારે તો તેની બીચારાની તબીયત વધારેજ બગડી જાય છે, ને ખુરસીમાં બેઠેલો ને બેઠેલોજ મદદઇ એક બાજુએ ડોકું નાંખી દે છે ને નીસાસા નાંખીને ગાંડો ઘેલો થઇને પડી જાય છે! એબી એક ચકરમ નહીં તો શુ? ચકરમ નંબર, ટવેનટી ફોર.

મેં એક દાહાડો મ્હારી પડોશના પેસતનજીના છોકરાને એક છોકરીપર પ્યારમાં પડેલો રસ્તાપરથી જતાં જોયો. મને તો તેની રીતભાત જોઇને તેના બીચારાના માય બાપની ઘણી કદર આવી. દરીએ કીનારે બાજતપર જઇને બેઉ બેઠા, હું તે લોક જોય નહીં તેમ પછવાડે પથરાપર ગોઠવઇ ગયો ને સાંભલુંછ તો બીચારો તે મેડ બોલ્યો "ઓ ઝુલઝુલી આંખ, ઓ ગુલાબી પરવાલા હોઠ, ઓ ગલગોટા હાથ, ઓ પતલી પતલી કમર, ઓ નાઝુક બદન વ્હાલી પ્યારી મધુરી મનમોહન દીલચમન દીના—હું ત્હારા વગર ઘેલો થઇ જવસ."

હું મનમાં પટપટયો 'તોબા કરીએ બીચારો ચકરમ તો થઇ ગયોછ, હવે ઘેલોબી થવાનો બાકી છે કે?'

ઘેલો થઇ જવસ કરીને ડાબી જમણી ગમથી કોઇનો આવતા જતા નહીં જોઇને ચકરમ તો ગુઠનીએ બેસી ગયો ને બોલ્યો 'ઓ દીન, દીન તું મ્હને પણવા હા કહે તો હું ત્હારો ગોલામ થઇને રેહું.' પેલીએ હા કહયું ને તે લોકો ઉઠીને ચાલી ગયા.

મ્હારૂં તો પાકી આવ્યું, એ આએ તે કંઇ રીત છે! બઇરાંને પગે હાથે શાનું લાગવાનું? ને ગોલામ શાનું થવાનું પણ ચકરમ મુએલો એટલે નફરત નાંખીને હુંબી ત્યાંથી જતો રહયો.

૨૫.

સસરાએ સાટું કીધું.

કાવસજી નેતરવાલાને ૭ છોકરીઓ હતી, અને તે ૭ બલાઓની પીડાથી નેતરવાલો નેતરની કાણી રોજ સુકકો મુવા મુરદાં જેવો થતો જતો. આખરે નેતરવાલાની દાદ ફરીયાદ લાગી ખરી માણેકજી સોટાવાલાનો છોકરો તેમુલ, નેતરવાલાની મોટી છોકરી તેહેમીનાપર પ્યારમાં પડયો! તેમુલ તેહેમીપર પ્યારમાં પડયો તો ખરો, પચાસેક વખત નેતરવાલાના ઘરમાં ધકેલાબી ખાધા, પણ શરમાલજ બહુ તેથી બીચારા સસરાને પુછીને સાટું નકકી કરવાની છાતીજ નહીં ચાલે!

તેહેમીની પાસે જઇને બેસ્યા પછી તેમુલને ઘણો વીચાર થાય કે 'આજે પુછી પરછીને નકકી કરૂં' પણ એકબી પગલું સસરા આગલ જવા માગે કે તેમુલનું દીલ રેગ્યુલર ઘડીયાલના પેનદુલમની કાણી ધડક ધડક થાએ!

ઘણા દહાડા એમ નીકલી ગયા, અને નેતરવાલો જયારે સોટાવાલો આવે ત્યારે મનમાં વીચાર કરે કે 'આજે આવીને એ મ્હારી છોકરીની માંગણી કરસે,' પણ બેચાર કલાક પછી સોટાવાલો અમથોજ ચાલી જાય ત્યારે નેતરવાલો ફકરાતમાં પડે! નેતરવાલો તો જોય કે 'કયે દાહારે ઘેરમાની એક બલા પટે!' એમ કરતાં

કરતાં જ્યારે નેતરવાલાથી નહીંજ ખમાયું ત્યારે એક સ્હાંજના ડાંગ સોટાવાલો પ્યારની વાતચીત કરતો તેહેમી આગલ બેઠેલો ત્યાં એકદમ ધસી ગયો અને બોલ્યો "મી૦ તેમુલજી, ઓ મી૦ તેમુલજી, જોવની બા, હું પરયો બચ્ચાં છોકરાંવાલો, ને ત્હમે રોજ એમ બેઉ જણા મ્હારા ગરીબના ઘેરનું ઘાસલેટ બારીને દીવા આગલ "પ્યારા ને પ્યારી" કરોછ તે મહને મુદ્દલ પાલવે નહીં. રોજ એક આનાનું તો ઘાસલેટ બરી જાયછ, ને બે મહીના થયા ત્હમારા "પ્યારા ને વ્હાલાં" પુરા નથી થતા તો હવે પણુણી કાહારે જશો ?"

"પપપા—પણ પપપા————" તેહેમી શરમાતા શરમાતા બોલી પડી, પણ નેતરવાલાએ તેને બોલતી અટકાવી.

"પપપા ગીઆ ચુલામાં, તું ત્હારી વાત કરની—બોલ તું આએ પોરયાને ચાહેછ કે ?"

"પણ પપપા, મહને————" તેહેમી બોલી.

"મકુજે પપપા ને મમમા કંઇજ નહીં હં, અહીં વધારે વખત હું એ મહોબતના કુથલા સાંભલવા માંગતોજ નથી, ત્હમે લોક બબ્બે ચચાર કલાકવેર દીવા પાસે બેસી વાત—વાત—વાતજ કર્યાં કરોછ તે સું કંઇ રાજા પાદશાહની વાત કરોછ કે અમથુંજ માથું દુખાવોછ ?"

"મકુજે અમે બેહેસ્તી રૂસ્તમ પેહેલવાને તેહેમીનાના બાલ પકરીને મારપર જઇને કેમ પ્યાર કીધો તેની વાત કરતાં'તા." હવે તરમાલ તેમુલે વચ્ચે હોમાઇને કહયું.

"પણ રૂસ્તમ પેહેલવાન તો પ્યાર કરીને તેહેમીના સાથે પરણી ગીઓ, હવે ત્હમે કાહારે આએ તેહેમીના સાથે પરણી જાઓછ?"

ત્હમે કેહો તો આ—આ—આજે આજે" તતપપ થઇ જતાં તેમુલે કહયું.

"તે મ્હારા ભઇ એમ ગંગેટાયા સાના કરોછ?— — —"

પણ તેટલાં વલી પાછી તેહેમીના વચે પુરાઇને બોલી "પપપા, પપપા, પણ એવણને————————"

"સું પપપા પપપા?" નેતરવાલાએ નેતરની કાણી ચમકીને બુમ પાડી.

"પણ પપપા, ત્હમે મ્હને બોલવા દેઓ તો હું બોલું કેની?" તેહેમીએ કહયું.

"ભોસી દેની, સું કહેછ?"

"પણ પપપા———————"

"વરી પાછા પપપા? અરે જલદીથી બોલી દેની "પણ પપપા—પણ પપપા" કરીને લાલલાલ થઇને અચકયા સાની કરેછ? બોલી દેની, અહીં મ્હારો જીવ તલપાપટ થાયછ ને."

"પણ પપપા" તેહેમીએ આખરે નીચે જોઇને કહી દીધું "એવણ બીચારા ત્હમારી આગલ કેહેતા સરમાયછ."

"મ્હારી આગલ કેહેતા સરમાયછ?" નેતરવાલાએ એક બાંગ મારી "અરે એમાં સરમાવાનું સાનું? આખી દુન્યા એમજ સસરાને પુછી પરછીનેજ લગન કરે, તેમાં વરી નવું સું છે

જે એવણ સરમાયછ ને દાહારા લંબાવ્યા કરેછ!"

"હું ત્હમારી બેટીને ચાહુંછ." હાથ પગ નાંખી દઇને તેમુલે હવે કહી દીધું.

"પણ હું ના કાંહાં કેહુંછ કે ત્હમે નથી ચાહતા?" નેતરવાલાએ ખુલાસો કીધો "પણ મકુજે મ્હારૂં કેહેવાનું એ છે કે ત્હમે પણુતા અદરાતા હોવ તો જલદીથી મ્હારી પાસે આવીને પુછી લહ્યએ કેની કે આજે મ્હને પોતાનેજ ત્હમુને પુછવા આવવું નહીં પરે!"

"ત્હમે જે તસ્દી લીધીછ સસરાજી, તે માટે હું ત્હમારો ઘણો ઉપકાર માનુંછ." પેંગા ચેંગા થઇને તેમુલે કહયું.

ટુંકમાં સસરાજી ગયા ને પછી બીજે દાહારે તેમુલ ને તેહેમીના અદરાયાં, ને થોડા દાહાડા પછી નેતરવાલા ને સોટાવાલાનાં લગન થયા, ને સસરાજી મનમાં વીચારવા લાગ્યા કે એજ માફક બીજા પાંચ જમઇગી મલી આવે તો ગંગા નાહયા!

૨૬.

નસવાન પેંગાનો બુચો.

નસવાન પેંગાની બઇરીએ બુચો જણ્યો, ને ઓવઇ નવજ્નો પેહેલો બુચો તે જરા જરામાં નસવાનની બઇરી કાંગલી કુંગલી થઇ જાય ને નસવાન પોતેબી બઇરીની સુજમાં આંદાની સુંઠ કરતો ફરે!

એમ કરતાં બુચો વરસ દાહાડાનો થયો તે સાલગરેહને દાહાડે ઘોલ્યાપર બાવાએ તેને બેસાડયો અને રમવા સારૂ કંઇજ નહીં મલ્યું તે દોઢચતુર બાવાજીએ ગજવામાંની પેનસીલ છોલવાની ચાકું બુચાને રમવાને આપી! બુચો તો તે બંધ ચાકુ મોંઢામાં મુકીને ચુસે ને હસે, તે જોઇને બુચાના બાવાબી હસે! ને માય તો તે જોઇને હસતાં હસતાં તદન લેલેપેંપે થઇ જઇને તુટી પુટી પડે!— તેટલાં એકાએક નસવાનની બઇરીને યાદ આવ્યું કે ચુલાપર કાંદો બરી જતો'તો તેથી તે દોડીને વહેલીકે ચુલા પાસે જઇ. કાંદો જોતાં ચુલા આગલ આવેલાં ઉંદરને જોઇને નસવાનની બઇરીએ ચીસ પાડી તે નસવાન બુચાને બેઠેલો ને બેઠેલોજ મુકીને લાકડી લઇને ઉદર મારવા ગયો—ને તે બેઉ જણાં ઉંદર મારે તેટલાં બુચાએ રમતાં રમતાં ચાકુ હાથમાંથી ઘોલ્યા તલે નાંખી દીધી ને પાસે પડેલો તકીઓ લઇને હવે ઉરાડવા ગયો તો એક મચ્છરે તેના પગ-પર ચટકો માર્યો, મચ્છરના ચટકાથી બુચો તો તકીઓ મુકી દઇને

તાંતીઆ ઉંચા કરીને ઘોલ્યાપર સુઇ ગયો ને મોટેમોટે રડવા લાગ્યો.

બુચાને કંઇ એકાએક થઇ આવ્યું કરીને નસવાન ને નસવાનની બઇરી ઉંદરને મારવાનું છોડી દઇને ઘોલ્યા આગલ દોડી ગયા, અને ઘોલ્યા આગલ જતાંજ ઘોલ્યાપર પેલી ચાકુ નહીં જોઇને નસવાને બુમ પાડી "અરે બુચો તો ચાકુ ગરી ગીઓ!"

"ઓ માયરે! હવે!" કરીને નસવાનની બઇરી તો ચીસ પાડીને ઓરડાની બ્હાર દોડી ગઇ અને આડોસી પાડોસીને તેડયા "ઓ કોઇ આવોરે, મ્હારો જાંગીર છરી ખાઇ ગીઓ."

નસવાને બઇરીને છરી મારીને ખુન કીધું કે શું એમ સમજીને નસવાનની બઇરીના સાદથી પાંચ મીનીટમાં પાસે આસેના પાડોસીઓ બધા એકઠાં થઇ ગયા ને હુલ્લડ થયું હોય તેમ બધાજ સામટા નસવાનના ઘેરમા ઘુંસી ગયા!

એક બાજુ ઘોલ્યાપર બુચો ભેંભેં રડે, બીજી બાજુ નસવાન તેને જોઇને મોટે મોટે બુમ પાડે, ત્રીજી બાજુ તેની બઇરી મમઇ બપઇ બધી સામટીજ મરી ગઇ હોય તેમ ધબર ધબર કુટે ને ચોથી બાજુ બધા ભરભાકુતો ગભરઇને અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં દોડે! મ્હારા જેવો એક જાડો પાડોસી તો બુચાની ચાકુ ગલી જવાની વાત સાંભલીને બધો ધુજવા પડયો અને કંઇ નહીં મલ્યું તે માથાપરની ટોપી કાહાડીને આંખના આંસુ લુંછવા લાગ્યો!

"બુચાને હાથમાં ઉંચકીને હીલવો" એક પડોસીએ કહ્યું.

"હા કે પેટમાં ચાકુ બધેબધ લાગે ને કલેજાં આંતરડાં બધા કાપી નાંખે!" બીજાએ તેને તોડી પાડતાં કહયું "મ્હારા

સાહેબ, ત્હમેબી સું અકકલની વાત કીધી! અરે એને ઉંધો નાખીને બરડા ઉપર બેચાર મુકકી મારો કે છરી ચુલ્યો જે હોય તે બ્હાર નીકરી પરે!"

"ઓવાય." હુમબઇ ડોસાં વચ્ચે પુરાયાં "બચ્ચાંને બડડા પર કંઇ મરાય કે? બચ્ચું તો એ મુકકીમાંજ બીચારૂં મરી જાય! નહીં, નસરવાનજી બાવા, ત્હમે એનો એક તાંતીઓ પકરો ને હવામાં અધ્ધર લટકતો રાખીને હીલવો—જે હોસે તે નીકરી પરસે."

અને વારા ફરતી ચાર પાંચ જણાંએ બુચાને એક તાંતીઆ-માંથી પકડીને ઉંચકયો ને એમથી તેમ ને તેમથી એમ હવામાં અધ્ધર જોરથી હીલવ્યો! બુચો તો ઘડીયાલના પેનદુલમની કાણી જેમ જેમ હીલતો જાય તેમ તેમ વધારે ને વધારે ચીસ પાડીને રડતો જાય! બુચો જેમ જેમ ચીસ પાડે તેમ આજુબાજુનાંબી ગભરાઇને ચીસા ચીસ પાડીને કોઇ હીલાવવા ના કહે તો કોઇ હા કેહે, એમ કરીને ગોધ્યારૂં કરી મુકે. ગોધ્યારૂં એવું થઇ ગયું કે કોઇ આગ લાગી સમજીને દોડી જાય ને કોઇ ખુન થયું કરીને દોડી આવે તેટલામાં ચાર પડોસીઓ સામટાં ડાકટરને તેડવા દોડયા અને એક દોઢ ચતુર તો જોયા જાણ્યા વગર જુરી ભર-વાની છે કરી જુરીવાલાને બોલાવવા ગયો!

આખરે ડાકટર આવ્યો, ને તેને બુચાને ટેબલપર મુકી તેની પાસરી દાબી, પેટ ડોકયું અને દુટી આગલ હાથ મુકીને બોલ્યો "હું ધારૂંછ કે ચાકુ અહીં છે."

"ડાકટર સાહેબ, મકુજે બાવા કદાચ એને બાટલી ભરીને

ગાંમઠી એરંડીયું પાપ્રએ તો ચાકુ નહીં નીકલી પરે ?" પાસેના રતનબઇ ફુપ્રએ માથા ઉપર હાથ મુકીને કહયું.

"નહીં–નહીં" ડાકટરે ધાંધલ ધરપચ કરતા કહ્યું "મ્હને થોરી રાઇ, થોરૂ ફુકકુ પાણી, મીઠું, કાપી લાવી આપો, ને દવાખાનામાં દોડી જઇને એક જણુ કલોરોફોર્મ લઇ આવો."

નસવાને એક હાથે બચાના બે હાથ પકડયા ને ડાકટરે તેના પાસરાપર મીઠું, ને દુતી પર રાઇ ચોપરવા માંડી, તેટલાં બુચાએ કર ખાઇને જે એક લાત ખેંચી કહાડી કેની તે ડાકટરનું નસકોરૂં તોરી નાંખ્યું ! હમબઇ ફુઈ તો કહે જે "બીચારૂં બચ્ચું એ તો મોતની છેલ્લી લાત મારેછ !"

ડાકટરે કહયું હવે જે હોય તે બચ્ચાંને કલોરોફોર્મ આપીને તેનું પેટ ચીરીને અંદરથી ચાકુ કહાડી લેવી, નહીં તો બચ્ચાને ચાકુ સાથે એમનું એમજ મરી જવા દેવું !

નસવાન ને નસવાનની બૈરી તો ફોકેફુક મુકીને રડે, ને નસરવાન બોલે "ઓ દીકરા હજુર તો પેહલુંજ ચાલેછ તેટલામાંજ ત્હારૂં પેટ ચીરેછ તો પછી કોણ જાણે દુન્યામાં ત્હારૂં કેટલી વખત પેટ ચીરાસે ! ડાકટર પેહેલી બોહોણી છે, મ્હારા બચ્ચાની આએ પેહેલી વખતની પેટ ચીરવાની બોવણી છે, સવરે હાથે ઓપરેશન કરજો, ડાકટર."

અને તે ફોકેફોક રડી પડયો, અને ડાકટરે કલોરોફોર્મ સુંઘાડવાની તૈયારી કીધી તેટલાં દીનફુપ્રનો નવલ ધોલ્યા તલે ભરાયલો બુમ પાડી ઉઠયો "એ આએ ધોલ્યા તરે ચાકુ સાની ?"

બધાએ ડોળા ફાડી ફાડીને નગનના હાથમાંની ચાકુ જોઇ, નસવાને ને નસવાનની બઇરીએ "એજ-એજ" કરીને બુમ પાડી, ડાકટરે હાથમાંની કલોરોફોર્મની શીશી આએ નવા ધડાકાથી ગભરાઇને નાંખી દીધી અને બુચાએ ચાકુ ગલેલીજ નહીં છતાં તેણે પોતેબી આંટો બારી નાંખ્યો હતો તેના વીચારથી લાલ ને પીલો થઇ ગયો! બધા નસવાનને ને નસવાનની બઇરીને ગાલ દેના દેના ઘરે ગયા, અને બોલ્યા "મૂઆ નહીં દીઠેલાએ પોરીયું દીઠું તે નકકામું આટલું મોટું ગોધીયારૂં કીધું!"

૨૭.

પ્યાર આંધલો છે!

લોક કેહેછ કે પ્યાર આંધલો છે, પણ હું કેહુંછ કે પ્યારના કરવાવાલા આંધલા છે!—આંધલા નહીં હોય તો પછી દાદી લવંગીઓ એમ ચકરમ બનીને આંટો બારીબા નાંખે વારૂ?

એક સ્હાંજના ઝઝકલું થવા આવેલું ને દાદી પોતાની કલેજાં મીઠાંના બાવા પાસે ખેતરમાં માંગણી કરવા ગયો. મીઠાં પોતે તો તે વખતે દીવા બતતી કરતી હતી, અને દાદીએ જોયું કે ડોસો ખેતરમાં ખુશ મીઝાજ ઉભેલો છે તે એના કરતાં બીજો કોઇ લાગ

સારો મલવાનો નથી. તેથી તે ધ્રુજતા પગે મીઠાંના તે ઉભેલા બાવા પાસે ગયો, અને ગુઠન્યે પડયો, તેની છાતી સસરાજી હા કે ના કેહેશે તેને માટે ધડકતી હતી અને માથું ફરતું હતું, તોબી તે હીંમત રાખીને બોલ્યો "સાહેબ, હું આયોછ."

પણ જંવાબ નહીં મલવાથી દાદી સમજી ગયો કે ડોસાની મતલબ નહીં હશે કે શું તેથી વધારે ગભરાતમાં બોલ્યો "સાહેબ, હું આયોછ ને ત્હમારી આગલ ખુલાસો કરવા માંગુછ."

દાદી નીચી મુડીએ ગુઠન્યે બેઠેલોજ બેસી રહીને જવાબની રાહ જોવા લાગ્યો. પણ નહીં, તેની મોટી અજાયબી વચ્ચે મીઠાંના બાવા કંઇ બોલ્યાંજ નહીં!

દાદી તો હવે વધારે ગભરાવા લાગ્યો, તેને બરડે પાણી ઉતર્યું, અને તેની જીભ ટાલવાં સાથે જાણે વલગી ગઇ!

પાછો તે દમ ખાઇને બોલ્યો "સાહેબ, હું ત્હમારી દીકરીને મ્હારા——————"

તે જે બોલવાનો હતો તેનું અરધુંબી બોલી રહયો નહીં તેટલાં તેના હાથ પગ ધીલા થયા અને વધારે બોલી શકયો નહીં. અધારૂંબી હવે વધારે ને વધારેજ થતું હતું અને ખેતરમાથી સસરા જતા રેહેશે તો પછી વલી કયારે ફાવશે એનો વીચાર કરીને સસરાના દગલાનો છેડો પકડીને તાણુતા તે બોલ્યો "સસરાજી હું ત્હમારી સાસુને, આઇમીન, હું ત્હમારી છોકરીને ચાહુંછ———"

પણ છોકરીને ચાહે ને કાંઇ વધારે બોલવા જાય તેટલાં તો સસરાજી તેના દીલપર તુટી પડયા, અને દાદીએ જોયું કે સસરા

બેઠી જીલાવશે કે કેમ તેથી ગભરઇ જઇને જલદીથી બોલી પડયો "નહીંરે સસરાજી, હું તો ત્હમારી છોકરીને ચાહુંછ ને તેને મ્હારો ધણી, આઇમીન, મહારી ધણીઅણી કરવા માંગુછ."

પણ તેટલાં પાછલથી દુબલો સુખગો આવી લાગ્યો ને તેણે બુમ પાડી "એ દાદીબા હેઠ, એ આજે અહીં હું ફાંફાં મારો? એ ઘાણા લાખેલા તે ચલીઆં ખાઇ નીહ જાય કરીને ઘાછનું પુટલું ઉભું કીધેલું તેની હાથે અંધારામાં હું વાત કરો?"

દાદી ઉઠીને ઉભો થયો, અને તેણે જીભ કરડતાં કરડતાં જોયું તો ખરેખર, સસરાજીને બદલે એ તો ઘાસના માણુસને દગલો પેહેરાવીને ઉભો કીધેલો! આખરે તે જીવતા સસરાને મલવા ઘરમાં ગયો.

૨૮

વાણીઆને મળેલો પારસી ડાકટર.

અમારા ગામની દરબારમાં નવાબ સાહેબ બદરૂદીન બીરાજતા હતા અને દરબારી કામ બધું હીંદી જબાનમાંજ ચાલતું. એક દાહાડે એક પારસી ડાક્ટરે પોતાની ફી વસુલ કરવા સારૂ વાણીઆ બેડુ· તપર ફરીયાદી માંડી અને તેનો કેસ ભર દરબારમાં ચાલ્યો.

કેસ ચાલ્યા પછી વાણીએ હવે પોતાની ફી કેમ આપવી

નહીં જોઇએ તેનો બચાવ કરવા ઉઠયો, અને ઉઠતાંને વાર તેણે ધોત્યાએ મોઢું લુછીને ચલાવ્યું "આ દરબાર શાંપ ને શરકાર શાંપ———————"

પણ તેટલાં નવાબ સાહેબે હુઝુરીયાને હુકુમ કીધો કે "બની-એકુ બોલો, ભરી દરબારકો સાંપ ઓર બીછ્છુકે નામસે ન પુકારે, ઇસે કહે દો સાંપ નહી, સાહાબ બોલે."

"અમારી એશીજ મરજી હએ કે સાહાઆપ બોલે, પણ જીભકી આડે દાંત આવતા હએ તો સાહાઆપકા સાંપ હો જાતા હએ."વાણીઆએ ખુલાસો કીધો.

"ઠીક, આગે ચલો." દરબાર નામદારે કહયું.

"તો શુનીએ" વાણીયાએ ખંખાર મારીને કહયું "દરબાર સહાઆપ, અમારી નવરી શીક પરી ગઇ-----"

"એ નવરી કીસકો કહેતા હએ? નાનીકો?" નામદારને સમજ નહીં પડવાથી તેવણે પુછયું.

"નહીં સરકાર" હુઝુરીયાએ હાથ જોડીને જણાવ્યું "નવરીકે માયને યેહ હએ કે ઓરત, બીબી."

"હા શાબ, બીબી બીબી" વાણીઓ હાથપર હાથ થોકીને પોકારી ઉઠયો "અમરી બીબીકો બીબા હુઆ."

"બીબા કયા ચીઝ હએ?" સરકારે પાછું સમજ નહીં પડવાથી પુછયું, પણ હવે હુઝુરીઓ કંઇબી બોલે તે અગાઉ વાણી-ઓજ બોલી પડયો "બીબા, યાને બચ્ચા. શાબ અમરી બીબીકો એક મરદ બીબા હુઆ."

"યેહ બીજા કૌણસી ઝબાન હએ, હમ તો આજહી સુન્તે હએ" સરકારે કહયું "બનીઆં, હીંદી ઝબાનમે તું બોલનેકા જાના હએ લેકીન બ્હોત ગલત બોલતા હએ, હીંદીમે લરકેકો મરદ બીબીઆં નહીં બોલતે."

"તો શાબ એશા શમજી લેઓ કે લકરા હુઆ"

"લકરા નહી, લરકા બોલ, લરકા" હુઝુરીઓ પોકારી ઉઠયો.

"ઠીક તો અમારી બીબીકો છોટાશા લરકા હુઆ, ને લરકાકે આવનેકે પીછવારે અરધા કલાકમાં તો બીબી શીક પરી જાવ્યા ને બુખાર ચરી આવ્યા."

"સીખ કૌણસી. કવાબ ભુનનેકી સીખ?" નામદાર દરબારે પાછો હુઝુરીઆને સવાલ કીધો.

"નહીં હુઝુર, બનીએ લોગ બીમારકો શીક કહેતે હએ." હુઝુરીઆએ ખુલાસો કીધો.

"ઇસે કહે દો ઝરા ઠીક ઠીક બોલે" દરબારે સુચના કીધી.

"શાબ ઠીક બોલતા હું, ઠીક બોલતા હું, વાંકાશુંકા નહીં બોલતા હું." વાણીઓ સમજાવીને બોલી પડયો "અબી શુનો, અમરી બઇરી બીમાર પર ગઇ તો એ પારશા ડાકટરકુ દવા આપનેકુ લાવ્યા, અમારા કેવા ભોગ લાગ્યા કે ઉશકો લાવ્યા! એ તો ઘરમે આવતાકે સાથ જોઇકે બોલ્યા કે "બાઇકો ચીકણા શેરીઆ આપો."

"એ શેર ઔર બાગકી કયા બાત હએ?" નવાબે પાછું સમજ નહીં પડવાથી પુછયું.

"જી હુઝુર, એ શોરબા બોલને ચાહતા હએ, તો શેર બોલતા હએ."

"અરે એ ચોરવા નહીં, ચોરવા નહીં" વાણીઓ ગભરાઇ જઇને હવે વચમાં બોલી ઉઠયો "કીશને ચોરવા? હુઝુર, કીશનેબી ચોરી કીઆ નહીં હએ."

"અબે ઉલ્લુ" હુઝુરીયાએ વાણીઆપર ખીજવાઇને કહયું "મય હુઝુરકો વોહી મુરઘેકે શોરબેકી બાત કહેતા હું, તો તુ બીચમે ચોરવા ઓર નહીં ચોરવાકી કયા બાત બોલતા હએ?"

"હા-હા, મુરઘેકા સોરવા, મુરઘેકા સોરવા, ઠીક" વાણીઆએ કહયું "તો મહારાજ, તુમજ બોલો કે હમ બનીઆ મુરગા મુરગી ખાતાબી હએ કે?"

પણ તેટલાં દરબારમાના એક દોઢચતુરે વચમાં ઉઠીને કહયું "લેકીન હુઝુર, બનીએકો સમજાઓ કે વોહ મુરઘા મુરઘી ખા નહીં સકતા તો કુછ હરકત નહીં, મગર મુરઘેકે શોરબે પીનેસે ઉસે કયા હરકત હએ? મુરઘા કુછ શોરબા નહીં, ઓર શોરબા કુછ મુરઘા નહીં!"

મગર અહીં નવવાબે સુરવા ને મરઘાની વાત પડતી મુકાવી, કારણ તે પોતેબી સમજી નહીં શકતો હતો કે સુરવો તે મરઘો ને મરઘો તે સુરવો કહેવાય કે?

"અમને હુઝુર અમરી બઇરીકો ઇશકી દવાઇ પાવાનીઆકા વીચાર કીઆ પણ સોરવા તો નહીંજ પાયા-મગર ઇશકી દવાઇકા નામ સુનકે ચાંગલા હોયાંકે બદલે બઇરી તો શમશાનમે ગયા!"

"શમશાનમે ગઇ તો ઠીક હુઆ, તુમ દુસરી ઓરત કર લેના." દરબાર નામદારે ડોકુ એક ગમ નાંખી દઇને સમજાવ્યું.

"તો શાબ દુશરી ઓરત કરનેકો પેશા ચઇએની" વાણીઆએ કહ્યું "પેશા મય જમા કરનેકા બીચાર કરતા હું તો એ ડાકટર ઇદર મુજકો ઘરીતકે પેશા ઉલટા લેને આવ્યા હએ!"

હુઝુરે હવે ડાકટર ગમ જોઇને કહ્યું "ડાકટર સાહાબ, આપકો કયા બોલના હએ?"

"જી હુઝુર" ડાકટર ઉઠીને બોલ્યો "અગર યેહ બનીઆ મેરે હુકુમસે ચલકે ખુદકી ઓરતકો શીશા ભરકે ખોભરેકા તેલ પીલાનેકે એવઝ મુરઘીકા શોરબા પીલાતા તો ઉસકી ઓરત ઝીનદા રહેતી."

"કયા?" દરબારે પોકાર માર્યો "ઉસને ઓરતકો ખોભરેલ તેલ પીલાયા?—કયું બે બનીઆ, યેહ બાત સચ હએ કે તુને ઓરતકો ખોભરેકા તેલ પીલાયા?"

"શાબ, મુરઘા તો ખાને નહીં શકીઆ તે અમ જાને કે મુરઘાકી સોરવાકી માફક કુછ ચીકણા ચીકણા પીવરાવેગા, તે અમને ઊશકુ એરનડીઆ નહીં મીલા તે દોન શેર કોપરેલ પીવરાવ્યા—કોપરેલ પીઆ તબ તો હુસ્યાર હોતા, પણ પોંસેક મીનીટ પીછે દવા પીનેકા અમને નામ લીઆ કે તાબરતોબ ઓરત ખાટલીકે ઉપર સુઇ ગયા ને હાથ પગ લાંબાં કરકે મર ગયા! તુમીજ બોલો શરકાર કે દશકી દવાકે નામશે ગભરાકે ઓ મર ગયા કે નહીં? દવાકેજ વાસ્ને મરા, વાસ્તે એ ડાકટરનેજ ઉસકો માર ડાલા."

"અમને મારા ?" ડાકટરે વાણીઆને દમ ભરાવ્યો.

"તો જ્યી કીસને મારીઆ ? તમને મારીઆ નહીં તો તમને કુછ ઉસકુ સાજા કરીઆ ? તુમ બીલકુલ ડાકટરજ નહી હએ." વાણીઓ બોલ્યો.

"હુઝુર, એ મેરી સાટીરીકેટ દેખો, એ દીપલોમા હએ ઉસે પુરવાર હોગા કે મય પુરા પાસ ડાકટર હું."

"અરે એસા પાસ ડાકટર તો હમને બોત દેખા, એશા દીપલોમબા ને શરટીફીકેટ તો અમારે ઉનદર એક ચણાવાલા રેહેતા હએ ઉશકી દકાનમે છાપા હએ ઉસમે બોત છપાયલા હએ."

ડાકટર તો લાલ પીલો થઇ ગયો અને તેણે બુમ પાડી "જાકે હમારે પેશનટોકો પુછો કે હમ ડાકટર હએ યા નહીં ?"

તે સાંભલીને વાણીઓ નામદાર દરબાર તરફ ફરીને બોલ્યો "હુઝુર, દેખો એ કેશી નહીં બોજે એવી વાત કરતા હએ ? એ બોલતા હએ કે અમ જાકે ઇશકા ઘરાકકુ પુછે કે એ ડાકટર હએ યા નહીં–પણ ઘરાકકુ મએ કીદર પુછનેકો જાવે ? ઇશકે ઘરાક શબતો મશાનમે હએ, કે નહીંતો ઘેરમાં દટાયલાં હએ, તો અમ જાકે પુછેબી કીદર ? કયા પુછને કે બાશતે અમબી મરી જાએ ? ને પછે અમ મરી જાએ તો ઇદર જવાબ દેને કોન આયે ?"

પણ દરબારને પોતાને તે કેસની સમજ પડી નહીં તેથી ડાકટરને ચાર રૂપીઆ દંડ કરીને અને વાણીયાને બાર ફટકા માર મરાવીને છોડી દીધા, ને દરબાર બરખાસ્ત કીધી !

૨૯
પાહલીની ગધેડીએ શું કીધું ?

એક દાહાડે પાહલીએ અમે સગા હોવાથી અમુને ઘરમાં જમવા બોલાવ્યા—તે દાહાડે કેહું પાહલીનું વરસ, તેથી પાહલીએ જરા રતી ધધુખર કાધેલી, પણ એ નવી બઇરી લાવેલો તે એવી કલાંત કે બોલીએ વાત નહીં.

અમે બધા માસી કાકીનાઓ એકઠાં થઇને સહવારના સાત વાગામાં પાહલીને ઘરે ગયા, જતાંને વાર પાહલીએ અમુને બધાને ચાહે પીવરાવી ને પછી વાતચીત કરીને હૉલમાં અમે બધાં ગોઠવાયાં કે પાહલી પોતાના બુચાને વાસ્તે કોઇએ ગધેડીનું દુધ પાવા કહેલું તેથી ગધેડી જે પાલેલી તેણે એક દહાડે કેવા કેવા પ્રાક્રમો કરી બતાવેલા તેનું રમુજી દાસ્તાન બોલવા અમારી આગળ ખુરસી તાણીને બેઠો.

"મ્હારા અઝીઝો" પાહલીએ નાટકી ઢબે ચલાવ્યું "મ્હારા અઝીઝો, મ્હારા બુચાને એક વખત હાંફણની કાણી થઇ આયું તે મહને તેને ગધેરીનું દુધ પાવાની ફરજ પડી—મેં જોયું કે ગધેરીના દુધને વાસ્તે ફાંફાં મારવા પડે કરીને એક ગધેરી વેચાતી લઇને કમપાઉન્દમાં બાંધી રાખી, હવે સમજો, એક દાહાડે સહવારના પોહોરમાં તે ગધેરી————————"

પણ પાહલી પેલી ગધેડીએ સહવારના પોહોરમાં શું કીધું તે

હજુણુ તો ચલાવવા જાય તેટલાં તેની બઇરી રોટલી કરતી કરતી ખરડાયલા તવાથા સાથેજ એમની એમ હૉલમાં દોડી આવી ને બોલી "પાહલનજી, ત્હમે અહીં ત્હમારા સગાંઓ આગલ બેસીને વાત કર્યા કરોછ ને હું તાંહાં એખલી છેઉં, બગરચીએ મુઆએ સેવ બારી નાંખીછ તે હું ઇંડાંની અકુરી કરૂંછ, ત્હમે આવીને જરા ઇંડાં ભાંજી આપી જાઓ."

પાહલીએ અમારી ગમ ફરીને કહયું "મહારા અજીઝો, મહને પાંચ મીનીટ માફ કરસો, હું ઓય આવીને મહારી વાત કરી નાંખુંછ ને ત્હમુને રમુજ આપુંછ."

પણ પાહલી ગયો ને ગયો તે બાપને મલવા ગયો, એક કલાકે આવ્યો ત્યારે બડબડતો આવ્યો "બઇરીથી બા હાથ જોરીઆ, નખોદ ગેઇ એવી મલીછ કે જરા જપ નહી—અરે ઇંડાં ભાંજવા તેરીયો તે મહને કેહેછ કે કાંદાંબી છોલી આપો ને મરચાંબી કાપી આપો, એના નામપર ખોબો ભરીને ધુર નાંખીને કાંદાં ને મરચાં કાપીને પછી ત્હમારી આગળ આયોછ, હા,—હવે હું પેલી મહારી વાતપર આઉંછ. સું, હા, હું મહારી ગધેરીની વાત કરતો'તો—એક દાહારે મહારી ગધેરીએ————"

પણ તેટલાં વલી પાછી પાહલીની બઇરી તવાથા સાથેજ આવી "પાહલનજી, ત્હમે અહીં તાંહેલાં કરવા બેસસો તો પછી લાકરાં કોણ ફારી આપસે, ને લાકરાં નહી ફારી આપસો તો પછી નાસતો કેમ ખાસો? બધાં જણાંને અહીં વાત કરવા દેઓ ને ત્હમે આવીને લાંકરા ફારી આપો."

ફફડતો ચટકતો પાહલી ઉઠયો ને પાછો નમીને બોલ્યો "મ્હારા અઝીઝો, મહને પાંચ મીનીટ માફ કરસો, હું ઓય આવીને મહારી વાત કરી નાખુંછ ને ત્હમુને રમુજ આપુંછ."

અમે પાહલીની દયા ખાતા અને તેની બઇરીને મનમાં ને મનમાં ચોપરતાં ત્યાં ઘુસઘુસ કરતાં બેઠા. તેટલાં કમપાઉન્દમાંથી મોટે મોટે બખડી બખડીને .પાહલીને અમે લાકડાં ફાડતાં જોયો. અરધેક કલાકે પાહલી અંદર આવ્યો, અમારી સામે બેઠો, કપાલ-પરથી પસીનો નુછી નાંખ્યો અને બોલ્યો "મહારા અઝીઝો, બઇરી તો મહને એવી મલીછ કે જુહાકબી તેની આગલ પાણી ભરે, હવે હું મહારી વાતપરજ આઉંછ, હા, મહારી તે ગધેરીને લીધા પછી એક સહવારે ગધેરીએ———————"

પણ તેટલાં બારણું એકદમ અફલાયું અને પાહલીની બઇરી પાછી આવી "પાલનજી, પાણીનું એકબી ટીપું રાધનીમાં નથી, ને જો ત્હમે પાણી ભરી નહીં આપસો તો આજે આએ ઘેરમાં નાસ-તોબી કોણ જાણે પાણી વગર કેમ ખવાસે?"

"પણ પાણી વગર નાસતો તે કેમ નહીં ખવાય?" પાહ-લીએ હવે છેડાઇને બુમ પાડી.

"ઓવાય, લેઓ, અમથા રોપ સાના કરોછ? બાવા રોપ કરીને મરી ગેયલા તે એવણ લોકોની સામબે મહને નાલલી પારવા રોપ કરેછ તે જો!–પાટલાનો ચચરાટ હજુર યાદ નહીં હોસે! ચાલો મુંગા મુંગા પાણી ભરવા ચાલો નહીં તો પછી વરી કંઇ કસું થાય

તો ફફરતા ના."

"ત્હારી રીતની માયનું પેટ બરે" પાહલી બબડતો ફફડતો ઉઠીને ચાલ્યો "બાવા, કોઇ બઇરી પાસે રીન ના લેતું, નહીં તો આએ એવો મહારા જેવો કુતરાનો અવતાર થસે" અને પછી પાછો ઉભો રહીને વાંકો વલીને બોલ્યો "મહારા અઝીઝો, મહને પાંચ મીનીટ માફ કરસો, હું બોય આવીને મહારી વાત કરી નાખુછ ને ત્હમુને રમુજ આપુછ."

તે ગયો કે અમેબી તેની પાછલ બધાએ ધડોધડ ઉતરીને સઉ સઉને ઘરબારે જવા માટે ચાલુ મુક્યું, હજુણ તો કમપાઉન્દની બહાર અમે ગયા નહીં તેટલાં હાંફતો હુંફતો પાહલી આવીને બોલ્યો "મહારા અઝીઝો, હું પાણી ભરી રહયો છું, હવે ત્હમે આવો હું મહારી વાત કરૂંછ-મહારા સમ નાસતો તો કરી જાઓ."

અમે ત્યારે ઘરીને નાનું નાજ કહયું ત્યારે તે બોલ્યો "મહારા અઝીઝો, હું ત્હમુને મહારી ગધેરીની વાત કેહુ તેતો સાંભરી જાઓ, મહારી ગધેરીએ સું કીધું તેતો સાંભરીને જાઓ."

"ત્હારી ગધેરીએ ત્હારી બઇરીના બાપનું કપપાલ કીધું," મેં ફફડી ચટકીને કહયું, અને પછી અમે બધા પાહલીની તે સાલગરેહ ખાધા પીધા વગરજ ઘરે ગયા અને ગધેડીની વાત તો એમની એમજ રહી ગઇ.

૩૦.

સરકમનો ઇલાજ.

ભીમજીભઇને સરકમ થઇ આવ્યો, અને સરકમ બહુજ જોરમાં હોવાથી ભીમજીભઇ ગભરાઇ અકલઇ ગયો કે કેમ કરવું. પાસેના પેસલાએ કહયું "ભીમજી કાકા, ઠંડા પાણીએ નાહી લેઓ, ઓય હરકમ બરકમ હઉ જતો રેહે."—પેસલાની સુજે કાકો ચાલ્યો તો કાકાને ટાઢ ભરાઈ આવી ને એવો ધ્રુજવા પડયો કે તેની બૈરીએ ચાર બનદુસ ને બે ગોધરાં દીલપર નાંખ્યા તોબી ટાઢ ગઇ નહીં! છેક બપોરે ટાઢ ઉતરી તો તેની બૈરીએ સુચના કીધી કે "હરકમ નહાડી મુકવા તો બેવડો પીને ઉપરથી રાઇના પાણીમાં નહાઇને મરચાંની ધ્રુંઇ લેવી જોઇએ."

ભીમજી કાકો બૈરીની સુજે ચાલ્યો તો મરચાંની ધ્રુંઇએ ગુંગલઇ ગયો ને બે કલાક સુધી ડાંસી ઠાંસીને કંટલઇ ગયો! તોબી સરકમ તો જતાં જાય નહીં! હવે?

તેટલાં કાકીનો બેહેરામ આવ્યો. તે કેહેવા લાગ્યો કે "ભીમજીભઈ તું દમ બાંધીને કેરાં ખા, કેરાં, તો ઓય હરકમ બરકમ હઉ નાહી જહે." ગામમાં કેલા લેવા જાય તેના કરતાં વાડીમાં ઝાડપર એકુ લુંગર પાકપર આવેલી તે તોડીને ભીમજીએ સરકમ નાહારસી જાય કરીને ખાવા માંડી. અધકચરા ને કાચા મલીને પચા-

સેક કેલા અચર અચર ખાઇને ઉપરથી પાણી પીને ભીમજી સુઇ ગયો. અરધોએક કલાક ગયો નહીં તેટલાં ભીમજીના પેટમાં કુતરાં બીલારાં દોડતાં હોય તેમ અમરાવા લાગ્યું ને દુખી આવ્યું ! ભીમજી તો પેટ પકડીને કાંસતો જાય ને કાકીના બેહેરામને ગાલ દેતો જાય !

"આ બાવા મરી ગીઓ રે—ઓ—ઓ—ઓ—ઓ– ઓ" કરીને બુમ પાડી પાડીને ભીમજી કાંસે "અરે બેહેરામ, તું આવતો જતો હકકારો મરી જાય, આ તેં હું મોહકાણુ વારીઇઇ !"

"અરે પણ મેં કાંહાં કહયું જે કાચચા કેરાં ખા ?" બેહેરામે, બુમ પાડી "નકામો હારો હપરમો દારો ગાર દે? આંધગાં, તુને પાકા કેરાં ગામમાં કેડાં જરીઆજ નીહ જે કાચાના દપુહા મારી આયવો ?"

"ગામમાં કોઇ લેવા જાય તે અગાઉ હું જાણું જે જલદી હારો થવા બાડીમાંનાજ ખાઉં તો જલદી હરકમ જાય, પણ ઓંહ તો હરકમ જવાને બદલે મ્હારો જીવ જાવા થાયરે મ્હારા બાપ."

તેટલાં ભીમજીની બૈરી પાટલો લઇ આવીને બેહેરામના બડડા-પર મારીને બોલી "નીકર, નીકર, મ્હારા ઘેર મહીથી નીકર, અમુને કાકાનો બેહરામ ઉ નીહ જોઇએ ને માહીનો માણેક ઉ નીહ જોઇએ, નીકર, મ્હારો હુન્ના જેવો ધણી ત્હારા કેરાની હુજમાં પોંહતો બોંહતો થઇ જાહે તો મુઆને કાચો ને કાચોજ ગરી જાવા જો" ને જાણે તેજ વખતે ગલી જવા માંગતી હોય તેમ દાંત કચકચાવીને હાથ પગ પોહલા કરીને ભીમજીનાં બૈરીએ તો પાછો પાટલો ઉંચ-કેાા, તેટલાં બેહેરામ આઇલ પાઇલ જોયા વગર પાચડી ઉંચકીને

જીવ લઇને ખેતર વટાવી ગયો.

એક બાજુથી ભીમજી પેટ દાબી દુખીને બુમાબુમ કરે, અને તેની બઇરી કોલનવોટર ને રાઇ તેના પેટપર ચોપડે તેટલાં વલી સરકમને શુર છુટી આવે તે તે ઉભરાઇ આવે ને પેટ પકડનો પકડતો ભીમજી રેમાલ લઇને છીકી છીકીને નાંખ નુછવા મંડી જાય! બુમાબુમ ને છીકાછીકથી બધું ગોધીયારૂં થઇ રહયું તે ખેતરમાં કામ કરતો કરતો દુબલો સુકરીઓ દોડી આવ્યો.

વાત જાણીને સુકરીઓ તો પગ ઠોકીને ગજ કુદે "અરે હેઠ મ્હને કેહેવાનું કેની? વરી હરકમ થીઓ તો કેરાં કોણે ખાવા કીઆં?"

"કેરાં તો બેહેરામે ખાવા કેહયાં." ભીમજી પેટ પકડીને જેમ તેમ બોલ્યો.

"એ બેહેરામને તો હવેથી વારીમાં આવહે તો હું મારીજ લાખવાનો છેઉં–એની હુજે ચાલે તે તો કાલે મરતો હોય તો આજે મરી જાય! ઓલે દાહારે આપણા બલદીઆંના હીંગરામાં કીરા પરીઆં, તો હું તીના કાનમાં ફીનીલ નાંખતો'તો, તેટલા ઇનો બાપ મરે ઇનો તે બેહેરામ આવીને કીએજે બલીઆને ફેનીલ પીવાર તો જલદી હારો થાહે. હું જાણું જે કાકાનો બેહેરામ તે કંઇ જુઠે બોલે? તે મેં બલીઆંને તેની હુજે બાટલી એએકખણુ ફીનીલ પાવાડયું તો આખી વારીમાં હુઇ હુઇને ગોલાટયાં ખાઇને બલીયું તો મરી જીયું!"

"ઓ હવે કેમ કરૂં?" ભીમજીએ બરાડ પાડી.

" હવે ઇમ કરો, મુઠ્ઠો ભરીને મીઠું પાણીમાં લાખીને તે દોહવીને પી જાઓ "

ચાલો, હવે મીઠાના પાણીપર વાત ગઇ! ભીમજીએ તેમની કીધું તો પેટમાં હવે કેરાં એકમેક સાથે મરાતા હોય તેમ તેને લાગ્યું! થોડે વારે ઓઓઓાચ દઇને એક ગચકરૂં આવ્યું ને ગચ. કરાંની સાથેજ ભીમજી પોતેની ધોલકીના પૈઆ આગલ ઝીખાઇ ગયો!

તેટલાં વલી અધુરી સધુરી ભીમજીની સાસુ આવી, ને તે રાહધાત જોઇને બોલી "ઓ વઇરે માય, સરકમપર નાહી ને કાચા કેરાં કોઇ ખાય?"

" તો હુંઉ ખાય?" ભીમજીએ ચીરડાઇને ઘાંટો પાડયો.

" ખાય હાનું? જાંહાં હુધી હરકમ હારો નીહ થાય તાંહાં હુધી રોજ ચચાર ચમચા એડીયુ પીવાનું, ને ખાય હાનું?" સાસુએ ભવાં ચઢાવીને દમ દીધો "ચાલ રાંધનીમહી દીવેલ પીવા ચાલ."

દીવેલ પીધા પછી ભીમજીને લાગ્યું કે પેટમાં ગડબડ કમતી થઇ હતી, પણ સરકમ તો ગયોજ નહીં! સરકમ તોડવા સાસુના કહયાસર ચાલીને ચાર દહાડા વેર એડીયું ચાલુજ રાખ્યું તો પાંચમે દાહાડે ભીમજી લીલા ખુમલા જેવો થઇ ગયો.

આખરે મુંબઇ લાવીને ભીમજીને હોસ્પીતલમાં નાંખ્યો, તો મહીને દાહાડે ભીમજીનો સરકમબી ગયો ને ભીમજી પોતેબી ચાલતો હાલતો થયો!

૩૧

એદુના સંગીતે કીધેલી અસર.

કેહેછ કે બેહેસ્તી અકબરના ઝમાનામાં તેવણુનો બેહેસ્તી કવી તાનસૅન સંગીત ઉપરનો પોતાનો કાબુ બતાવે ત્યારે ભર દરબારમાં પોતાની મેલે દીવા સળગી ઉઠે ને વરસાદ પડે! અરે એમાં શું મોટી વાત થઇ! એમ તો મ્હારી ફુઇનો એદુ જ્યારે ગાયણ ગાયછ ત્યારે તેના ગાયણુથી કોહેલાં ઇંડાંનો વરસાદ પડેછ ને એદુના માથાપર બેહદા મપારાઓ જે આવીને અઠડેછ કેની તે એદુની નજરે નહીં દીવાના દીવા સલગેલા દેખાયછ!

એદુના સંગીતના કાબુની વાત ત્હમુને ફકટ એકજ કેહું તો ત્હમે દાંતમાં આંગલા પકડશો, એક દાહાડો કોનસર્ટ હતો, અને એદુને મોંઢેની લભઝાસ સાંભલીને એદુને ભરોસે રહીને કોનસર્ટ-વાલાએ વગર રીહીયરસલે એદુને સ્ટેજપર ગાવા મોકલી દીધો. એદુએ લઇને વરસાદપર એક ગાયણ ગાયું, ગાયણ તો તેને એવું અસરકારક ને અચ્છું ગાયું કે આગલી હારમાં બેઠેલી એક બાનુ તો એમજ સમજી કે ખરેખર વરસાદજ ટુટી પડયો, અને તેથી તેણે પોતાની કસબી સારી ને અપ-ટુ-ડેટ બલાઉઝ ભીંજાઇ નહીં જાય કરીને હાથમાંની છત્રી વહેલી કે ઉંઘાડી નાંખી. હવે થયું એમ કે પાસેના મેહેરબાઇ કોનસર્ટમાં પોતાના કુતરાને લઇ આવેલા અને મેહેરબાઇ પેલી બાનુની પાસેજ બેઠેલી હોવાથી મેહેરબાઇનો

કુતરો એકદમ ખોલવામાં આવેલી પેલી છત્રીએ ગભરાઇ ગયો, અને ગભરાઇને મોટે મોટે સાદે ભોંસવા પડયો!

મેહેરબાઇએ ગમે તેટલું બુચ-બુચ કીધું, પણ કુતરો માનતા માને નહીં ને છત્રીને જોઇને બીહીને ઘુરકયા ને ભોંસ્યાજ કરે, ને દર એક મીનીટે પેલી બાનુના દીલપર કુદીને તેને ચાવવા જાય!

અધુરામાં પુરૂં મેહરબાઇ કુતરાને પકડવા ગયા તો કુતરો ભોંસતો ભોંસતો એકદમ સ્ટેજપર કુદયો ને એદુ જે આઆઆઆઆ કરીને રાગરો તાણતો'તો તેના મોંઢાપરજ કુદીને પડયો ને તેની પુછડી એદુના ઉંઘાડા ડાંચામાં ઘુસી ગઇ! એદુએ ડાંચામાં પુછડી આવેલી જોઇને વેર લેવાનો વીચાર કરતાંજ પુછડીપર દાંત દાબી દીધા, તો દાંત પડતાંની સાથેજ કુતરાએ કીઆંઊં કીઆંઊં કરીને કુરી જઇને જે એક બાચકું ભર્યું કેની તે એદુ ગાના બાવાનું સઉ ભુલી જઇને રબરના દડાની માફક જઇને હારમોન્યમવાલાપર પડયો, હારમોન્યમવાલો તબલાપર તુટી પડયો ને તબલાવાલો સ્ટેજપરથી ગબડીને પેલી છત્રીવાલી બાઇના છત્રી ઉપરજ આરીઆ થઇ ગયો.

હવે કોનસર્ટમાં તો બધુ ગોધીઆરૂં ગોધીઆરૂં થઇ રહયું ને કોઇ હસવા પડયું તો કોઇ નહાસવા પડયું તો કોઇ ચીસ પાડવા પડયું.

આખરે પેલી છત્રી ભાંગી જવાથી બંધ થઇ, કુતરો લોહી લુહાન થઇને મેહેરબાઇ પાસે આવ્યો, છત્રીવાલી બાઇરી ભાંગેલા લીઆ લઇને ઘરે ગઇ અને એદુ પોતાના ગાયણની બરકતથી ઇસ્પીતાલમાં જઇને પડયો!

૩૨.

મ્હારી બઇરીએ કપડાં વહેચ્યાં.

ઘણા વરસની વાતપર વાંસદાના જંગલના લાકડા કાપી જવાનું ને કંત્રાકટ મલ્યું, અને જંગલમાં જઇને રેહેવાનું હોવાથી ંના જંગલી માણસો અમુને ઇજા કહીં કરે ને અમારી સાથે શી રેહે તેને સારૂ મ્હારી બઇરી જુના પુરાણા કપડાંની એક પેટી યાર કરીને સાથે લઇ આવી.

મ્હારી બઇરીએ જતાને વાર જંગલી ભીલોમાં કપડાં બધા ંચી દીધા અને અમો હવે નીરાંતે બેઠા કે તેઓ લગોટને બદલે કપડાં પેહેડશે, સુધરી જશે, અમુને અમારી સખાવત માટે હશે અને ખુશી ખુશી થઇ જશે.

બીજે દાહાડે હસતો સહવારનું પોહોર થયું નહીં તેટલાં એક લ હાથમાં લાકડી લઇને આવ્યો, મેં જોયું તો તેણે મ્હારો એક પો પેહેરેલો હતો પણ નબોદગીઆએ લેઘાનાં પાયજામાં હાથ લીને નારાંને ખેંચી તાણીને બહાર કાહાડીને કમરપર વીટાલી મુકેલું!

મેં બુમ પાડી "અરે એ લેંઘો પગમાં પેહેરવાનો, હાથમાં ડીં પેહેરવાનો."

"તે ઉં કાય જાણું કે હાથમાં પેહેરે કે પગમાં પેહેરે, પગમાં લંગોટ બાંધેલી."

"નહીં" મેં તેને સમજાવ્યું "જો એને એમ કાહારીને પગમાં પેહેર—ને હાથમાં પેહેરવા હારૂ તો બાદએ આવું આપેલું તે પેહેર" અને મેં તેને મ્હારો દગલો બતાવ્યો.

"તે આવું તો મહારા બાપાએ પગમાં પેહેરી લાધેલું, પગમાં જાતા નીહ જાય તે ફારીને તેને પેહેરીને પાછું હીવી કાહારેલું.—હેઠ કમર ધંકાયલી, પણ પેટ ઉંધરૂં રીએલું ને પકરીને ચાલતાં ચાલતાં મ્હારો બુધો નાનો ટાકી ગીએલો તે છોરી દીધેલું તો હાવરણીની કાણી નીચે ધહેલાતું જાય. એક ફેરા બાપા પાછલ ફરીને જોવા ગયા તો પગ મહીં આવેલું તે બાપા ખારી મહીજ પરી જેયલા ને મરી જેયલા."

"મરા ગીયા?" મેં બુમ પાડી.

"મરી નીહ જાય તો હું થાય? કાય જાણે ત્હમે કાય કપરામહીં જાદુ કીધેલું તે બાપા તો મરી જીઆ!" પેલો લાકડી અફાલીને બોલ્યો.

મેં જોયું કે આએ તો ધરમ કરતા કરમ નડયું! તોબી મેં પાછું પુછયું "અરે પણ બીજાઓએ મહારા કપરાં પેહેર્યાં તો તેને જાદુ નહીં લાગુ ને તુનેજ લાગું"

"બીજાને કાય કરવા નીહ લાગે?" પેલાએ પાછી લાકડી અફાલતાં કહયું "તેં પેલું હફેત હફેત જાદુવાલું આપેલું તે પેહેરીને મહારી બાયરી રાતના કુવે પાણી લેવા જેઇ તે બહાર હુતેલા મનીઓ તેને ભુતરી હમજ્યા—ને તે લોકોએ ઉઠાને ભુત નહારવા હારૂ પાહે હુતેલા ચાર પોયરાંના ભોગ આયપાં, પોયરાં ભોગ અપાઇ જીયા_ને

પછી જાણુાયલું જે એ તો મ્હારી હાહુની પોરીજ ત્હારા કપરાં પેહેરી નીહરેલી, તેથી લોકોએ મહારી હાહુની પોરીને લાકરા હોટાએ તીફાને તીફાજ કોંહી લાખી ને ખારો ખોદાને દાતી આયવા."

"તેનેબી મારી નાંખી?" મેં બુમ પાડી.

"તો? અમુએ કેમ કરીને મારેલી?" પેલાએ પાછી લાકડી અફાલતા બુમ પાડી "એ તો તેં લુગરાં જાદુવારા આપેલા તીના જોરથી મરી જેયલી."

"તે હવે ત્યારે?" મેં ગભરાઇને બુમ પાડી.

"હવે ત્યારે હું?" પેલાએ પાછી લાકડી અફાલતા કહયું "આ મુને તારી ને તારી બાઇની દયા આવે તેથી દોડીને ઇફા કેહેવા આવેલો, જે ગામના બધા લોક તુને ને તારી બાયરીને ધરીને તારા આપેલા કપરા હાથે બાંધીને નદીમહી લાખી દેવાના છે-મારો બાપો મરી ગીઓ તેતો મારે હારૂ ચાર બલીઆં ને બે પારા મુકી ગીઓ એટલે મુને ફાયદો થીએલો ને બાયરી હઉ મરી જેઇ તે ગામની પીરા જેઇ તેથી જાહારે તેં હેઠ મારા ફાયદાનુંજ કીધું તો તુને બચાવવા હું દોડી આવેલો, મારી બાવરીને આપેલું હફેદ હું ઉતું?"

"તેતો મ્હારો દગલો પાતલુન" મેં કહયું, ને પછી ગભરાઇને પુછયું "તું દગલા પાતલુનની કાંહાં હમણાં વાત કરેછ, હવે મહારે ત્હારા લોકથી બચવા સું કરવું?"

"બીઓ રખે" પેલાએ પેલી લાકડી પાછી અફાલતા કહયું "ચાલો જંગલ મહીંથી હું તમુને આડો અવરો લઇ ચાલુ, દછ

કોઇ ચાવલા પછી ગામડું આવહે તીકા ચાલી જજો ને હું ચાલી આવા."

ઘરબાર બંધ કરીને અમો ઘસડાતા પસડાતા પેલા સાથે ચાલ્યા, છેક સ્હાંજના એક ગામડાં આગલ જઇ લાગ્યા ને પેલો ચાલી ગયો. અમોએ ત્યાંથી રાજાને ગામ બીજે દીવસે ચાલુ મુકયું, ને ત્યાર પછી જંગલમાં રેહેવાને બદલે અમે વાંસદાના વસ્તીવાલા ગામમાંજ રેહેવા લાગ્યા અને તે દાહાડા પછીથી મ્હારી બઇરીએ કાન ચીમટયો કે જંગલી ચકરમોને કદીબી કપડાં આપીને સખાવત કરવી નહીં, નહીં તો ધરમ કરતાં કરમ નડે!

૩૩.

સરકસનો વાઘ.

"મુરદાલ ગેઝેટ"ના અધીપતીએ ભુલ કીધી અને ધી ઇંડીઅન સરકસ કંપની પાસેથી પેહેલે પઇસા લીધા વગર તેની જાહેરખબર ધમધોકાર છાપી. સરકસ કાલે ઉપડવાની તઇયારી તેમ કોઇએ મુરદાલના અધિપતિને કહયું કે સરકસવાલો તેનું બીલ ભર્યા વગર પોબારા ગણી જવાનો છે, તેથી અધિપતિ બધું કામકાજ મુકી દઇને સરકસના બંગાલી વાઘપર નાંચ લઇ ગયો. સરકસવાલાએ

ગમે તેટલું સમજાવ્યું કે વાઘ લઇને અધિપતિ પસનાસે, પણ અધિપતિ સમજતા સમજ્યો નહીં ને વાઘને પોતાના એકસો રૂપીઆના બીલના બદલામાં ઉંચકી ગયો.

બહુંાંસનો મારેલો અધિપતિ સરકસવાલાને સુધારવા વાઘ તો લઇ ગયો ખરો, પણ વીચારમાં પડયો કે તેનું પીજરૂં મુકવું કયાં? આખરે જેમ તેમ લાંબો વીચાર કર્યા પછી તેણે પોતાના છાપખાનાના કમપોઝીંગ રૂમમાં પીંજરૂં મુકાવ્યું.

વાધને મુકયો, પણ હવે તેના ખાવાનું કેમ? અધિપતિને તો કાંઇ સમજ નહીં હતી, પણ બજારમાં જઇને દસ રૂપીઆના બે બકરા કપાવી લાવ્યો ને વાઘ પાસે નાંખ્યાં. વાઘ તો મજેહ તરેહથી પેટ ભરીને ખાઇને બાકીનું બગાડીને પીંજરામાં અહીંથી તાંહાં અફાલઝીક કરવા લાગ્યો ને કમપોઝીટરોને જોઇને વાઘ સુંઘી સુંઘીને ઓઓઓઓઓ કરીને બુમ પાડયા કરે!

દશ દાહાડા ગયા નહીં તેટલાં તો વાઘ અધિપતિના માંગનાં જેટલાં રૂપીઆ એકસોનું ગોષ્ટજ ખાઇ ગયો અને કસાં કામમાં આવવા તો નહીં પામ્યો—પણ એક કમપોઝીટર તેના પીંજરાં આગલથી છેક નઝદીકમાંથી ચાલવા ગયો તો તેનું બદીઆન ખેચીને ફાડી નાંખ્યું ને હાથમાં બાંચકુ ભરી દીધું. તે કમપોઝીટરને તુરતજ ઓસ્પીતલમાં લઇ જવામાં આવ્યો, અને બીજા કમપોઝીટરો જે ગભરાયા તે તેઓ તો કમપોઝ કરવા ગયાજ નહીં, જેથી વાઘના આવ્યાને બારમે દાહાડે "મુનદાલ ગેઝેટ" બંધ પડયું.

આખરે પેપર બંધ પડયાને ત્રીજે દીવસે અધિપતિ ફજેતી

થઇ જાંચ કરીને પોતે કમપોઝ કરવા ગયો અને તે જેવો અંદર ગયો કે ત્રણ દહાડાનો ભુખો વાઘ એકદમ ઓઓઓઓઓ કરીને કુદયો ને ભાર ચોઘડીએ પીંજરાનું તલીયુ એકાએક ભાંગી ગયું. વાઘ એકદમ ભાંગેલા ભાગમાંથી બહાર નીકલી જવા લાગ્યો જે જોઇને અધિપતિ ના દગલો પાઘરી પકડીને એકદમ જીવ લઇને નાહાઠો, ને બધા બારબારણા બહારથી બંધ કરી દીધા.

અધિપતિ વાઘને પકડવા દોરડાં લાકરાં લઇને પચ્ચીસ ઘાટીને બોલાવા લાગ્યો. ઘાટીઓ વાઘ પકડવા અંદર તો નહીં ગયા પણ તેઓએ જ ધાધલ ધરપચ ને બુમ બરાડા પાડયા તેથી ગામના રસ્તાવેર લોકો એકઠાં થઇ ગયા અને આમન સામનની ગામો માણસોના ગારદાને લીધે અટકાને ઉભી રહી.

બુબાંવાલા, પોલીસવાલા, લશકરવાલા ને બધા લોકો જે ત્યાં એકઠાં થઇ ગયા તે બધા સામટા અધિપતિને પકડીને વાઘ જોવા ગયા, તે અધિપતિ બીચારો પગ સરી જવાથી રસ્તાપર પડી ગયો, અને વાઘ છુટી ગયો એમ ભુલમા સમજવાથી તેના બીચારાના હોસ કોસ ઉડી ગયા ને સુધ્ધી વગર ભોંય પર પડયો.

આખરે અંદરના વાઘને એક સારજન્ટે શુટ કીધો, ને જ્યારે તે મરી ગયો ત્યારે બધી ધુસની ધુસ મુરદાલ ગેઝેટના છાપાખાનામાં ધસી ગઇ. તેઓએ અંદર જઇને જોયું તો વાઘ બે ચાર દાહાડાનો ભુખો હોવાથી તાઇપની ગેલીઓ ને ગેલીઓજ ખાઇ ગયલો ને બધી સહી પી ગયલો.

વાઘને ઉચકીને લઇ જવા પછી ચાર કલાકે અધિપતિ સુધ્ધીમાં આવ્યો. અને તેણે તે દીવસ પછી કસમ ખાધા કે જાહેર ખબરના બીલના પૈસા પેહેલા લેવા ને નહીં તો સરકસવાલાઓને તો બીલ નહીં મલે તો એમના એમજ જવા દેવા.

૩૪.

મ્હારૂં પેહેલ્લું પોરીયું!

હું ને મારી બપરી ખોદાય, ખોદાય કરીને રાત દાહાડો દુવા માંગીએ કે પેટે એક દીકરો થાય. એ રાત દહાડાની દુવા આખરે ફલી, ને દીકરો આવ્યો નહીં ને આવ્યો ત્યારે આખી દુન્યાની ઝુહાકી માથે લઇને આવ્યો!! જેવો તે આય દુન્યાની રોશની જોવા પામ્યો કે તેણે અમારા શાંત ને સદાના એકાંત ઘરને પોતાના તાબામાં લીધું! હું ને મારી "કલેજી" બેઉ આ નાહ્લા અફરા-સીયાબની ગુલામગીરી કરવા પડયાં-બસ, જાણે સમજી લેઓ કે એ મારો નાહ્લો "ફરહાદ" બીલકુલ ખટારાનું પૈડું, નેં અમે બેઉ માટી-બાપર "ખટારો!" એટલે એમ કે એ ટેંગણુ જેટલો હુકતો ચલાવે તેમ અમુને ચાલવું પડે!!-લાહોલવલ્લાકુવ્વત!-શું એટલા નાહ્લા મરચામાંબી આએ જાતનો તીખાસ હસ્તી ધરાવે છે? ખુદા

ખેર કરે, "કાઝી ભઇંસ નહીં લાયા, લેકીન ખરા ઝગડા ઉઠા લાયા!" તેવી આય તો વાત થઇ!!

બુચાજીની હસ્તીના ૭ મહીનામાં દર રાતરે બાવાજીને ૭ ૭ વખત ઉંઘમાંથી ચમકી ઉઠવાનું થતું!

"સોલી, ઓ સોલી" મારી બઇરી હજુણ તો મારી આંખ લાગે લાગે તેટલાંજ બોલતી "દીવો આગલ લાવો તો, ફરહાદને મદદઇને તાણતોર થાયછ—રખે બચ્ચાંને કંઇ કશું થાય!" અલબત દીવો હુ લઇ ગયો અને અલબત એબી જાણે સફેદ રીંછ કંઇ ચુસ્તું હોયની તેમ પોતાનો અંગુઠો 'મચમચ' ચુસ્તો હતો!!

બાઇ સાહેબને ઠંડા મીઠઠાં રાખી પાછો હું સુવા ગયો, ને હજુણ તો બે મચ્છર ને ચાર માકર મારીને જીઓ કરવા જાઉં છું તેટલાં સાદ આવ્યો "સોલી, ઓ સોલી, મને લાગેછ કે બાબાને ઠંડીનું જલજલું ભરાયછ. તમે જરા આએ સામભેની બારી ખુલ્લી છે તે બંધ કરો, નહીં તો ફરહાદને મદદને કંઇ કશું થશે તો હું કાહાં મરસ!!'

ઓત્તારી, ફરહાદને અસતો કંઇ કશું થયું નથી તેટલાંજ બાઇએ ચાર પાંચ ડચકાં તો ખાઇબી લીધાં! પછી કોણ જાણે કશું થાય તો એ બઇરી શું કરી મુકે?—અવાખશે પશેમાન કરતો કરતો ગયો ને બારી બંધ કીધી, ને ફફરતો ચટકતો જઇને ઘોલ્યા-પર પડયો.– અસનો જરા તરા છોરૂંછું તેટલાં પાછો સાદ આવ્યો "સોલી, ઓ સોલી, પેલો દીવો તમે પાછો મુકી દીધો તે જરા વાંકો મુકયોછ કેની તે ફરહાદની આંખપર તેનો ઉજાસ પરેછ.

બચ્ચાંની આંખ બાંખને મદદઇને કંઇ કશું થશે તો હું શું કરસ, જરા દીવો ખસારી લેઓ તો."

અરે તારી, હવે કંઇ નહીં તો દીવો નરીયો!! અખારા કરીને જેમ તેમ ઉઠીને દીવોબી ખસાડયો, ને આંખ ચોળતો ચોળતો જઇને ઘોંટણવાસો લીધો.

હજુણતો એક બે મીનીટ ઉંઘ ખેંચી નહીં કહાડી હશે તેટલાં વલી પાછો સાદ આવ્યો "સોલી, ઓ સોલી, ફરહાદ ઠાંસેછ, તમે એને વાસતે ઠાંસાની ગોરી લાવેલા કે?-સાંભરોછ કે સોલી?— ઓ સોલી."

"અરે સોલીને માર ગોલી! બેટી બાપ, જરા ઉંઘાવાબી દેછ કે નહીં?" મેં ફફડી ચટકીને હવે મારૂં તદનજ પાકી જવાથી છોડી મુકયું.

"અરે પણ મરે હું તે બેખને હાથે શું કરૂ? ફુલ જેવું બચ્ચું ઠાંસી ઠાંસીને અધ્ધું થઇ જાયછ! તમુને જરા એટલું લાવવા કહ્યું તેબી નહી લાયા! તમારૂં કામ હોય તો પહેલે કરો, ને ફુલ જેવાં બચ્ચાંને ઠાંસો થયો તો કંઇ નહી! ને ઉપરથી વરી દમ ભરાવોછ?"

ચાલી, ચાલી રશીયન મનવાર ખસારાબંધ બાલટીકના દરીયા-માં લંગર ઉચકીને ચાલી! મેં જોયું કે હવે એની જીભલી ખસારાબંધ ચાલવા લાગી તો આપુને "બેહદીન—કાઉસ" કરી દેવા લાઝેમ છે-નહીં તો ફરહાદ હમણાં તો જરા ઠાંસેછ, પણ માય

બાવાની સલગેલી જોઇને જે ભેંકરો તાણુશે કેની તો એનું નાનખટાઇ બેંડ સહવાર સુધી મુગું નહી રહેશે; કરીન હું તો જઇને પાછો સુઇ ગયો.

પાંચ સાત મીનીટ હજુણ તો સુતો હોવશ તેટલાં વળી સાદ આવ્યો "સેલી, ઓ સોલી, જા બા તમે એમ મોટેથી ઘોરો ના તમે! ખુરરરરરરૂ ખુરરરરરરૂ કરીને ઘોરોચ તે એમીને ઉંઘ નહી આવની ને એ બીચારૂં ફુલ બચ્ચું ઉંઘમાંથી જબકી ઉઠેછ."

"અરે પણ હું તે કંઇ વાઘ બાઘ છેઉં કે મારા ઘોરવાથી એ ઉંઘમાથી જબકી ઉઠેછ?—શું વાત કરેછ?"

મેં તડડાવા માંડયું ખરૂં-પણ હજુણ તો સામબેથી તોપના ગોળાનો માર ચાલુ થાય તેટલાં મેં મારા ગુસ્સાની તલવાર મ્યાન કરી દઇને ગુપચુપ ઘોંટલો લઇ લીધો.

"સોઓઓઓલી ઓઓઓઓ સોઓઓઓલી," (બાપરે અગાઉ હતી તે કરતાં ઝીયાદા તેઝમાં ચીચ્યારી સંભલાઇ) "ઉઠીને જરા માંડવાના પાનનો સેક આપો તો-ફરહાદના પેટપર મુકું, મને લાગેછ કે મદદઇના પેટ પાંસરામા દુખેછ તેથી એ રર રરની રણમાં પડયોછ."

અરે તારી ઉઘની માયનું પેટ બળે! જરા સુઉં-સુઉં કે આએ મોંહકાણ?

"અરે બાપુ, હું સહવારનો ઠાકેલો છેઉં-હવે જરા ઘોંટાવા તો દે." મેં કહ્યું.

"શુંઉંઉંઉં? તમે એટલા કામથી કાયરી ગીયા, તો મારી કાની એક છોકરાની માય હોવ તો શું શું બોલો?" મારી મીસીસે કહ્યું.

"મારે તો હવે ખોદાયને અરજ કરવાની છે કે છોકરાની માયબી મને ના બનાવતો, ને છોકરાનો બાપબી ના કરતો."

"અરે ભુસુંરે, બોલતાંને."

"અરે ભુસું ને વેહેર." મેં ચીરડાઇને બુમ પાડી "મને તો લાગેછ એવી કેહેર, કે રાત દહારો હવે તો મોકલુંછ બંદગી ખોદાને ઘેર—કે ખુદા છોકરાં આપવાની તો તું ના કરતો મેહેર." મેં એકટીંગની ઢબે ઘોલ્યા પર ઉભો થઇને, એક ટાંટીઓ આગલ ને એક ટાંટીઓ પાછલ કરીને પોહરો ચોહરો થઇને બુમ પાડી.

"ઓવાય સોલી, એમ શું કરોછ જો, ચાલો તમારેથી આટલો દીકરો નહીં રખાતો તો હું મારાં માયને તાંહાં સહવારે એને લઇ જાઉંછ."

"હા, જા—જા—ભલા તું જા—બસ એકદમ તું થઇ જા દફા!" મેં તેવીજ નાટકી હબછબથી બાંગ મારી "ને ખોદાયને ખાતર મારૂં માથું ના ખા."

એ ફરહાદનેબી શું કેહું ને ફરહાદની માયનેબી શું કેહું!! બસ ત્યાર પછી જઇને મેં ઓટલાની બહાર મરઘીના પીંજરાંપર ઘોંટલો લીધો. લીધો તે લીધો તે તાંહ સુધી કે સહવારે બેચરે આવીને હું ઉંઘમાંજ હતો તેટલાં કોણ જાણે કયારેબી મારી દાઢી બોડી નાખી તેનીબી મને સુધ્ધી રહેલી નહીં!

મારી સલ્લાહ તો એ છે કે "બાવા, તમે બાવા થાઓ તો સંભાળીને થજો, બઇરીનું મહીરૂં હોય તો ખોદા પાસ છોકરાં માગજો ને નહીં તો દુમ દબાવીને મુંગા મુંગા ઘેરમાં ગગરી રેહેજો.

૩૫.

અકલમંદ ચકરમ.

રેલવે ત્રેનના સેકંડ કલાસના એક દબામાં એક જુવાન જોડું બેઠું હતું જેમાની બાનું જરા દેખાવલી હતી. ત્રેન સ્ટેશનપર ઉભી કે તે દબામાં પચીસથી ત્રીસ વરસની ઉમરનો એક મર્દ આવ્યો અને પેલા જોડાંની સામેની સીટપર બેઠો.

ત્રેન ચાલુ થઇ કે પેલી ઓરતના ખાવીંદે સામે બેઠેલા મર્દના હાથમાં ન્યુસપેપર આપ્યું ને બોલ્યો.

"ન્યુસપેપર વાચો. શહેરની નવી નવી ખબરો બહુ છે."

પેલાએ ન્યુસ પેપર લીધું ને તે પા કલાક વેર વાંચી ઘણા ઉપકાર સાથે પાછું આપીયું કે ઓરતના ખાવીંદે તુરત એક ચોપાન્યું વાંચવા આપ્યું.

ઘણા ભાર સાથે લઇ પેલા તરાહીતે તે વાંચ્યું કે તેની પછી તુરતજ પેલી ઓરતના ખાવીંદે તેને વાર્તાની એક નવી છપાયલી ચોપડી વાંચવા આપી. ને ચોપડી વાંચીને પુરી કરી રહે તેટલાં

સ્ટેશન આવ્યું ને પેલો મર્દ ઉતરતા ઉતરતાં બોલ્યોઃ

"તમે મને ચોપાન્યં ચોપડી ન્યુસ વાંચવા આપ્યા તે તમારી બહુ મોટી મહેરબાની થઇ છેજી"

"અરે કં નહીરે સાહેબ." પેલી ઔરતના ખાવીંદે કહયું

"પણ તમુને હુ ઓલખતો નથીજી, ને તમારા બાનુનેબી નથી ઓલખતો, વારૂ તમે મને ઓલખોછ કે?"

"નહી."

"નહીં!" પેલાએ અજાયબીથી પુછયું "શું બોલોછ! તમે મને કેઠે જોયેળા નથી?"

"નહી"

ત્યારે મને કેહેશો સાહેબ કે વગર ઓલખવે પીછાણવે તમે મને ન્યુસપેપર ને ચોપડી ચોપાન્યું કાંય વાચવા આપ્યું હશે?"

"જુઓની, હુ મારી મતલબ તમુને કેહુ, મારી બૈરી જરા દેખાવલી છે તે અમજ એક દહાડે ગાડીમાં બેઠેલી હતી તે વખ્તે એક લોફર મારી બયરીને ટગર ટગર જોયા કરતો હતો, મારૂ જે પાછી આવ્યું કેની તે મેં તેને માર્યો જેથી તેની ગરદન ભાંગી ગઇ, એથી મને ઘણી નુકશાનીમાં ઉતરવું પડયું હતું ને મોતો ખરચ થયો હતો. તે દહાડા પછીથી મારી સાથે હું ચોપડી ચોપાન્યાં ને ન્યુસપેપર લેતો ફરૂંછ, ને તમારા જેવા સાહેબો બીજું જોવાનું છોડી દઇને મારી બયરીનેજ તગર તગર તીકયા કરે છે ત્યારે તેઓને એ બધા વાંચવા આપુછ. જો તમે હજુણ લંબાણ જવાના હોને તો હું તમોને બીજા વધારે ચોપાન્યા વાંચવા આપતે કે

તમે તે વાંચયા કરો ને માહારી બઇરીને જોયા નહીં કરો તો તે બીચારી શરમાય નહીં, "

"અરે પણ સાહેબ, હું કંઇ તેવો——"

"એ બધું ઠીકઠીક છે રે મ્હારા મહેરબાન, તમુને ઉંચકીને આગગાડીની બારીમાથી બહાર ફેંકી દેઉં તેના કરતા તો આએ રીત ઘણીજ સરસ છે, સાહેબજી, હં, સાહેબજી."

પણ પેલો સાહેબજી શું કરે? તે તો બોચી ખજવાલીને ચાલતોજ થયો.

૩૬

જોર બચ્ચાંની ગડબડ.

આદર લાંબાની બઇરી થોડુંકપરજ વીયાઇ ને તેને એક છોકરો ને એક છોકરી મલીને જોર છોકરાં સાથે જણીયાં, આએ વાતની મહોલાનાં લોકને તો ખબર પડી પણ આદરની પાસેના ઘેરમાં રેહેતા દોલુને તેની ખબર નહીં હતી કારણ કે આદરની બઇરી વીયાઇ ત્યારે દોલુ નવસારીમાં તારીના ગરીયાં ગણવા ગયલો! તે આજે રાતે તરતનો આવ્યો ને ત્રેનમાં ઠાકી જવાના સબબે બે લુકા ખાઇ લઇ મજાહની ઉંઘ કહાડવા ઘોલીયાપર પડયો.

એકુ વાગેનો સુમાર થયો કે આદરના ઘેરમાં થયલી ચીસા-

ચીસથી દોલુ એકદમ ભરકી ઉઠયો. ફફડતો ચટકતો બારી આગળ ગયો ને તેણે બુમ મારી "હાઆટ હુઉઉસ." ઘણી વખત તેણે હાટહુસ કીધું પણ તેની અસર કંઇ નહીં થઇ. ચીસાચીસ તો ચાલુજ હતી. ત્યાર પછી તેણે ધાર્યું જે જ્યાંથી બીલ્લારાંઓનો સાદ આવતો હતો ત્યાં કંઈ ફેંકવું કે બીલ્લારાં નાસી જાય, અને તેથી ગુસ્સામાં આવી જઇને એક જુન્નું બુટ છુટું મ રીયું. થોડો વખત ચુપકીદી થઇ પણ ફકટ એક બે મીનીટમાં ચીચીયારીઓ તો આગલ કરતાં વધી ગઇ. દોલુ બીજુ બુટ લેવા દોડયો, અને તેણે બીજુ બુટ'મી આદરની અગાસીપર છુટું મારીયું, અને પછી પોતાની બેહેસ્તન મમઇની જુન્ની સપાટ છુટી ફેંકી તોબી તે અવાજ ચાલુ આવ્યાજ કીધો. દોલુ રફતે રફતે ઉશકેરાતો ગયો અને તેણે ઘેરમાં જેટલાં ખાસરાં હતાં તે શોધી શોધીને છુટટાં મારીયાં, પણ અવાજ આવ્યાજ કીધાથી તે રાંધણીમાં દોડયો અને જે હાથમાં આવ્યું તે છુટું મારીયું. કરસીઓ, સાબુનો પોટ, નેપકીન નાખવાનો ઘોડો, પોમેદની બાટલી, કોલનવોટરની શીશી, સ્ટુલ, નીખીગો, બ્રશ, પ્યાલા રકાબી જે અંધરામાં મલ્યું તે બધું છુટુ ફેંકયાજ કીધું પણ નખોદગેઇ દોલુના મનમાંની પેલી બીલારીઓ તો મુંગીજ નહીં રહી. આખરે ગોધરૂં ને તકીઓજ મારવાના બાકી રહી ગયા ત્યારે રસ્તાપરથી દશ બાર પથરા લાવીને આદરની બારીપર મારીયાં, આ ટોપના ગોળા કયાંથી આવેછ તે જોવા આદર લાંબો હવે બારીએથા ડોકું કહાડીને બુમ મારવા લાગ્યો.

"અરે એ કોણ છે?"

"એ તો હું દોરાબજી છેઉં."

"દોલુ તું છે કે? તું આયો કે?—એ અમને ગરબર સાની થઇ, ભમાભમ પથરા કોણુ મારેછ?—એ થયું શું?"

"થયું સું પુછેછ?" દોલુને જીવ નીકલી ગયો "ત્હારા ઘેરમાં પચીસ પચાસ બીલારાં મરાયછ તેનુબી તુને કંઇ ધ્યાન છે કે નહીં?"

"બીલારાં?" આદર લાંબો અજબ થઇને પુછવા લાગ્યો "કંઇ ધાસલેટ બાસલેટ ચરાવ્યોછ કે સું? મારા ઘેરમાં બીલારાં તો હું નથી જોતો."

"બીલારાં મરાતાં નથી તો બીલારાંના સાદ તો આવેછ કેની? જોની હમણાંબી સાદ આવેછ. સભરાયછ કેની?—આએ એમ લાગત બે કલાક થયા બીલારાં બુમ મારયાછ કરેછ. જો સાંભર, સત્યાનાશ જાય એ બીલારાઓનું તે ઘેરના ખાધાઓને જ્યારે ઘોટ-ણુવાસો લઇએ ત્યારેજ મીયાંઆઉ પીયાંઆઉ કરવાનું સુજ પરેછ—"

આએ સાંભળીને આદર લાંબો તો પેટ પકડીને હસવા લાગો.

"કેમ દોલુ-બેવરો લાધોછ કે? બીલારાં સાના! એ તો મારી બઇરીએ જણેલાં જોર છોકરાં રરેછ! ગીયે સુકરવારેજ આલીએ જણ્યાં!!"

"અરે તારી આલીને સું કેહું! નખોદગેઇ જોર જોર છોકરાં જણીને પરોસીઓની ઉંઘ લેછ કે?—એને કેજે કે હવેથી જોર છોકરાં જણ્યાંછ તો હું ઘેર ખાલી કરીને કેઠે જતો રેહેવસ ને દુર રેહેવસ" અને જોર છોકરાંને ને તેના માયને ચોપરતો ચોપરતો દોલુ ઘોલ્યાપર જઇને સુતો.

૩૭

ભુલભુલામણી.

એક રેસતોરાં આગળ બે બ્રોહામ ઉભી રહી, અને બે ગ્રહસ્થો તેમાંથી ઉતરીને રેસતોરાંમાં ગયા. બન્ને જણા એકમેકને ઓલખતા નહી હતા અને બન્ને જણાની ગાડીમાં તેમની બાનુઓ બેઠી હતી. રેસ્તોરાંમાં ખાણું લઇ એક ગ્રહસ્થ બીજા કરતા વધારે વહેલો બહાર નીકલ્યો અને રેસ્તોરાંની બહારના ઝાંખા દીવાને સબબે ખોટી બ્રોહામમાં બેસી ગયો.

પરણેલા માટીડાઓ જેમ કરેછે તેમ ગાડી થોડે દુર ગઇ ત્યાં સુધી પેલો કંઇ બોલ્યો નહી પણ કેટલે વારે બોલ્યો "મારા અંગોઠાપર આંટણ થયુંછ ને તું તેપર પગ મુકીને દાબેછ તે ઘણું ખોટું કરેછ હું."

તે બાઇ ઘણી અજાયબ થઇ અને ગુસ્સે થઇ બોલી "તમે આજે આખો દહાડો મારામારીજ કર્યા કીધીછ, ને હવે ત્હમે છીટું બહાનું કાહાડીને અવાજ ઘણોજ ગુસ્સાભરેલો કરીને મને તમે દમ ભરાવોછ પણ યાદ રાખજો કે હું સહવારેજ મારા માયને તાંહાં જતી રેહવશ."

"બાઇ સાહેબ, અવાજ તો તમેજ બદલ્યોછ ને મને ગરે પરોછ કે ? તમેજ બોખા બઇરાની કાણી ચીચવાઓછ, સમજ્યા."

"તમે બુઘ્ઘા બુઝખ છેઓ, મારા દાંત તો તમેજ પેહેરી બેઠાછ તેથી હું બોખી લાગુંછ, લાવો મારા દાંત પાછાં આપી દેઓ, તમે એક મીનીટબી હવે વધારે વખત તે પેહેરી શકશો નહીં."

"દાંત! દાંત! એ તું ત—ત—તમે શું બોલોચ?"

પણ તેજ વખતે એક ફાનસના ઉજાસથી તેઓએ એકમેકને જોયા ને જોયું તો તેઓ બીજાજ હતા!

તુરતજ ગાડી થોભાવવામાં આવી અને તે બોલ્યો "માફ કરો, પણ હું જાણુવા માંગુછ કે તમે મારી બેરોહામમાં કેમ આવી લાગા?"

"મને કહેવા દેઓ કે તમેજ ભુલમાં મારી બરોહામમાં આવીને બેસી ગીયા, શું તમારીબી બરોહામ છે?"

"હાજી" જવાબ મલ્યો.

અને અહીં બેઉ જણા ખસીયાણા પડી ગયા

ગાડી પાછી ફેરવવામાં આવી, અને બધા ચકરમોને ભુલભુલામરીની સમજ પડી ગઇ!

૩૮.

ફોટોગરાફરનો ઘરાક.

એક દહાડે એક પારસી જુવાન્યો એક ફોટોગરાફરને ત્યાં ગયો અને તેણે સબી પડાવવાનો મરાદો બતાવ્યો. પોતાની બેઠક લીધા પછી તેણે એક આંખ બંધ કીધી, મોઢું વાકું-ચીકું બનાવ્યું ને પગ પેંગા કરી દઇ પેલા ફોટોગરાફરની વાર જોવા લાગ્યો.

કાચ લઇને ફોટોગરાફર જેવો આવી લાગ્યો કે તેણે અજાય-બીથી કહયું "સાહેબ, હું ધારતો નહીં કે તમે આએ ઢપે સબી પાડવાના હોવ, તમુને આવા સીટીંગથી ઓલખશે કોણ?"

"બસ તમે ચલાવો" તે જુવાનીઆએ રોબમાંજ કહયું અને બોલતાં બોલતાં સરખું થઇ ગયલું મોંઢું પાછું વાકું-ચીકું બનાવી દીધું.

"શું તમે મને આ જાતનો ફોટોગરાફ લેવા કહોછ?"

"હાજી"

તે ફોટોગરાફરે તુરત ફોકસ લઇ, કેમેરાની આંખ ખુલ્લી મુકી તે વાંકો-ચોકો ફોટો લઇ લીધો ને થોડોવાર "ડાર્ક—રૂમ"માં જઇ નેગેટીવ બતાવ્યો જે જોઇ તે જુવાનઓ ઘણો ખુશી થઇ ગયો ને પયસા આગમજથી આપીને બોલ્યો

"જોઓ, સાંભરો, આએ એવો વાંકો—ચીકોં ફોટોગરાફ પરાવવામાં મારી ગંભીર મતલબ સમાયલી હતી. હું એક મહીનાની વાતપર કરાંચી ગયલો તાંહાં આલા નામની એક છોકરી સાથે અદ-રાયો—પણ અહીં આયો તાહારે દીનાને પણવાનો વિચાર કીધો-પણ આલા છોરે તો દીનાને પણણાય કેની?—તેંથી મેં આય તાલ કીધીછ."

"પણ તે આય આવો વાંકો-ચીકો ફોટો પરાવવામાં તમારી શું મતલબ?"

"અરરરરરર, તમે બીલકુલ કાચ્ચા છેવ, પહેલે નંબરના કાચા.-અરે આટલુંબી નહી સમજતા?—તારે સાંભલો મ્હારા મહેરબાન કે "ઘી ખાના સકકરસે ઓર દુન્યા ખાના મકકરસે" પેલા જુવા-નીયાએ કહયું "આલાપર કાગલ લખી નાંખ્યુંછ કે મારી મીલના પટામાં આવી જવાથી મારા પગ મોરચાઇને પેંગા થઇ ગીયાછ, પટા-માંથી સરી પડતા ગવનદર આંખમાં ભોકઇ જવાથી એક આંખ ફુટી ગઇછ, ને ગવરનરપરથી ભોંયપર તુટી પડતા મ્હારૂં મોનુ વાંકું થઇ ગયુંછ-કેમ હવે સમજયા કે?

"અરે તમારી,—"

"એ તમારીબી નહીં ને અમારીબી નહીં, બસ-આજ કાલ દુન્યાજ એવી છે. હુસ્યારી કોઇના બાપની છે?-કાગલની પછવાડે હું આય તમે પારેલી સબી આલા ઉપર મોકલી આપુંછ કે જોઇ લેઓ કાજ ભાંજવાનું ચીઠરૂં ને સેવકની આપેલી વીંટી પાછી—

પછી દીના સાથે પણના વાર કેમ ગયા ?—કેમ બોલ્યા નહીં મીસતર ? પણ કપાલ બોલે તે મી૦ ફોટોગરાફર ? તે તો ત્યારનો મનમાં વીચાર કરેછ કે ૧૯૧૫ ના છોકરાઓ એવું કરેછ તો ૨૦૧૫ ના પોરયાઓ શું શું કરી બતાવશે ?

૩૯

અરધી રાતનો ચકરમ.

કેટલાક ડાકટરને ત્યાં સાંભલવા માટે નલી મુકેલી હોય છે. તેવી એક નલી ડાકટર કોપરબરાસે પોતાને પહેલે માલના "કનસલટીંગ રૂમ" ની દીવાલપરથી તાગેલી અને રાત અર્ધી રાતે કોઇબી આવે તો તે નલી મારફતે હેઠેથાજ વાત કરે તેવી ગોઠવણ કીધેલી.

એક રાતે ડાકટર કોપરબરાસ હજુણ તો ઠાકેલા પરાગેલા સુવા ગયા ને આંખ વીંચઇ ગઇ તેટલા નલીમાંથી કોઇનો અવાજ આવ્યો.

"ડાકટર સાહેબ, ડાકટર સાહેબ" કલબમાંથી રોશન બાશદ થયલા બેલુએ મોજીલા મનથી ડાકટરની મશકેરી કરવાની પેરવી રચી હતી, તેણે સાદ માર્યો.

ડાકટર જબકીને ઉઠયો ને આંખ ચોલતો ચોલતો વિચાર કરવા લાગ્યો કે "ચાલ જો એ ચાટલા સહી થયાં તે ખરા, અને

ઉતાવળથી નળી આગલ જઇ તેમાં મોંઢુ મુકી પુછયું "કેમ કોણ છેઓ ? કોઇને કંઇ કશું થયુંછ શુ ?"

"ત્હમારૂં નામ ડાકટર જરમનસીલવર કેની ?" બેલુએ મશકેરી શરૂ કીધી.

"નહી, જરમનરીલવર નહીં પણ કોપરબરાસ." ડાકટરે જડપથી કહયું.

"હં, એ નીખીઓ બરાસ જેવુંજ કંઇ ઉતું તે હું ભુલી ગીઓ ને મેં જે મનમા આયું તે ઠોકયું. માફ કરજ્યો, હં ડાકટર, હે-હે-હે-હે-હે—માફ કરજો હં." બેલુએ બહેલામ ચલાવી.

ડાકટર વિચારમાં પડયો કે આએ કોણ ઠંડા પાણીનું માટલું મુવુંછ ?

"અરે તમે કીયા દર્દીને વાસ્તે આયાછ, જલદી બોલો, હું દગલો પેહેરીને આઉં કે ?" ડાકટરે ઉતાવલ કીધી.

"વારૂ પણ તમારૂ નામ શું ? હું તો પાછું ભુલી ગીયો. તમારૂં નામ શું જોરે, કારીદરાખ કે ?"

"અરરરરરર, તમે મને તેડવા આયાછ કે મ્હારા નામને ?— મ્હારૂં નામ છે ડાકટર કોપરબરાસ."

"હં-હા, ડાકટર બદામદરાખ હા તેજ, તેજ." બેલુ એટલું બોલીને વધારે ચલાવે તેટલાં ડાકટરે ધીરજ ખોહી દઇ પુછયું.

"તમે કોણને વાસ્તે આયાછ ?"

"વારૂં, ડાકટર સાહેબને કેહુ જે તમે મી૦ નવરોજી પપાઉને ઓરખોછ કે !" બેલુએ મસ્તી જારી રાખી.

" નહીં હું કેમ પપાઉ-અંદુસને ઓરખતો નથી, શું તેવણુ સીક છે?" ડાકટરે પોતાનુંજ હાણ્યું.

"જી, તમે એ નવરોજી પપાઉંના કાકાના છોકરા માણેકજી વાધમારૂને ઓરખોછ કે?"

" નહીં—નથી ઓરખતો? શું તેવણુ સીક પરી ગીઆછ?"

" નહીં જી-હા, પણ ખરા. મને પુછવાની રજા છે કે આપનું નામ શું?—માફ કરજો હં!

" મારૂં નામ છે ડાકટર કોપરબરાસ, વારૂ મી૦ માણેકજી વાધમારૂનું શું થયું?"

" હારે હા, ડાકટર લીલીદરાખ સાહેબ——

" લીલીદરાખ નહીં, પણ તે કોપરબરાસ, સમજ્યા! વારૂ હવે જલદીથી બોલો કે મી૦ માણેકજી વાધમારૂનું શું થયું? શું તેવણુને ડીસપેપસીઆ થયોછ?"

" અરે નહીંરે તેવણુને ડીસપીસ નથી વાગી, એ તમે શું બબરડો કરોછ?"

" તારે શું તેવણુને ફીવર છે કે લીવરપર સોજો થયોછ?— જલદી બોલો, મારો સાથે દવા લઇનેજ આવવાનો વિચાર છે."

" અરે નહીંરે સાહેબ તેમબી નથી."

" તો શું છે?" ડાકટરે હવે જીવ જીબાટી નાંખ્યો.

" તેવણ ચાર દહાડાની વાતપર માથેરાન ગીયા'તા, ને આજે તારથી ખબર આવી કે—

" એકદમ સીક પરી ગીઆ." ડાકટરે વચમાં બોલી દીધું " એમજ કેની?"

"નહીંજી, એમ નહીં." બેલુએ બેહલાઈ ચલાવ્યાજ કીધી. "આજે તારથી ખબર આવીછ કે તેવણ ત્યાં દેખાયલા એક વાઘને મારવા ગીઆ, પણ——"

"વાઘે તરાપ મારીને તેવણને જખમી કીધા, એમજ કેની ?" ડાકટરની ધીરજ નહીં રહી, કારણ કે તેવણ જાણે કે માણેકજી ખાટલે પડયા હોય તો તેવણના ગજવામાં ફુટીઆં પાડે.

"નહીજી, તેમબી નહી. તેવણ વાઘને મારવા ગીઆ, પણ વાઘને બદલે ચાર સસલાં, બે બટક ને પાંચ હાંસ મારી આયા."

"અરે પણ મારી જરૂર તમુને શાની પડી ? મી૰ માણેકજીનું શું થયું તે કેહેસો ?"

"માણેકજી તો ડાકટર સાહેબને કેહુંજે સસલાં ભુંજાવીને ખાઈ ગીઆ, બટકને રોસ્ત કરી હજમ કરી ગીઆ, ને હાંસને પકાવીને ચાખી ગીઆ ને પછી ધોલ્યાપર જઈને સુઈ ગીઆ, ને તમે ને હું આંએ અરધી રાતે વાત કરતા ઉભા રહી ગીઆ, કેમ ડાકટર સાહેબ, કેવી મજાહ ? હે હે–હે–——"

પણ હજુણ તો બેલુ ડાકટર સાહેબની મશકેરી કરી પોબારા ગણી જાય તેટલાં કોંપરબરાસે કડવી દવાના એક દોઝ તઇયાર કરીને નલમાથા પાસ કાઢો જે એકદમ આવીને બેલુના વકાસેલાં ડાચામાં ઉતરી ગયો.

"અરરરરરર, આખ, થુ, થુ, થુ."

હવે ડાકટરની હસવાની વારા આવી "કેમ કેવી મજાહ ?"

બેલુ જવાબ શું આપે ?––તેણે તો "આખ થુ" "આખ થુ" કરતા ચાલવાજ માંડયું.

૪૦

દીલસોઝીનો નમુનો.

એક દાહાડો માણેકલાલ કાપડીઆની દુકાને કોઇ માંદો ને સુકો જેવો શખ્સ દાખલ થયો, દાખલ થતાંજ કાંઇબી બોલ્યા વગર તે પેહેલાં તો પલાંઠો મારીને માણેકલાલની પાસેજ તકીઆને અઢેલીને બેસી ગયો, અને પછી એક નીસાસો નાંખીને બોલ્યો "અફસોસ, દુન્યામાં કાંઇજ રહયું નથી."

અને તે દુન્યામાં કાંઇજ રહયું નથી કરીને બીજો હાયસોસારો ભરે તેટલાં માણેકલાલે પુછયું "ભાઇ, ત્હમને કાંઇ કાપડ જોઇએ છે? દગલા પાતલુનનું કપડું———"

"સાહેબ, મ્હને બહુજ અફસોસ થાય છે કે આપણુને માણુસ જાતને કોઇને કોઇ દીવસ આખરે મરીજ જવાનું છે."

"હા—તે તો ખરી વાત, પણ ત્હમને કાંઇ કાપડ———"

"અફસોસ, આપણા મોટા લડવઇયાઓ પાંડવો અને કવરવો! અફસોસ, તેપણ મરી ગયા! અને મરી ગયા તો તેમના મોતપર આજે કોણ આંસુનું એક ટીપુંબી પાડે છે! તેઓ મરી ગયા છે, અને બહુજ અફસોસની વાત છે કે તેઓ આપણુને પાછા મલવા આવવાના નથી."

"પણ ત્હમે પોતે કેમ તેમને મલવા જતા નથી?" માણે-કલાલે કહ્યું.

"શું કહીએ માણેકલાલ–આપનું નામ માણેકલાલજ છેની?"

"હા."

"શું કહીએ માણેકલાલ" પેલાએ એક ખંખાર મારીને ચલાવ્યું "દુન્યા એવીજ એકદર છે, સઉ પોતપોતાની મતલબને સાંધેછે અને મરણ પામેલાઓ તરફ બીલકુલજ દીલસોઝી ધરાવતા નથી. અરે, અરે, આપણા પૃથ્વીરાજ મરી ગયા———"

"કયા પૃથ્વીરાજ? આ નાટકમાં પારટ કરેછે તે?" માણે-કલાલે તે કોઇ પૃથ્વીરાજને નહીં ઓલખતાં સવાલ કીધો.

"ના–ના, પૃથ્વીરાજ ચૌહાણ, પૃથ્વીરાજ ચૌહાણ———"

"અરે પણ પૃથ્વીરાજ ચૌહાણ વેપાર શેનો કરે છે? કાપડ વેચે છે કે કોયલાની દલાલી કરે છે?" માણેકલાલને સમજ નહીં પડવાથી પુછ્યું.

"બહુજ અફસોસની વાત છે" માણેકલાલ એકદમ ચમકી ઉઠે તેમ પેલો એક આંચકો ખાઇને બોલ્યો "ત્હમે હીંદુ થયા છો,–ને હીંદુસ્થાનનો ઇતીહાસ પણ જાણતા નથી? બહુજ અફસો-સની વાત છે! એકદમ અફસોસની વાત છે———"

"એ બાપુ" માણેકલાલે કહ્યું "એ બાપુ, ત્હમને કાંઇ કાપડ જોઇતું હોય તો લીઓ, હીંયાં હું કાપડ વેચવા બેઠો છું કાંઇ અફસોસની વાત સાંભલવા નથી બેઠો."

"અફસોસ, પૃથ્વીરાજ ચૌહાણ મરી ગયા———"

"પણ પૃથ્વીરાજ મરી ગયા તો ભલે મરી ગયા, તેમાં ત્હારે શું? ત્હારે મરવું હોય તો તું પણ મરી જાની." માણેકલાલે ચીરડાઇને કહ્યું.

"ના—ના, હું કાંઇ મરવા માંગતો નથી—પણ હું કહું છું કે બીચારા પૃથ્વીરાજ મરી ગયા અને આજે આખી દુન્યામાં એવું એક પણ માણસ નથી જે તેમના મરણ ઉપર એકબી આંસુનું ટીપું પાડે!"

"પણ હું ત્હમને એમ પુછું કે પૃથ્વીરાજ કયારે, ગયે મહીને મરી ગયા?" માણેકલાલે સવાલ કીધો.

"ના તેમને તો પાંચસે સાતસે વર્ષ થયાં હશે."

"પાંચસે સાતસે વર્ષે?" એકદમ ગભરાઇ જઇને માણેકલાલે ડોળા આસમાનપર ચઢાવી દઇને બુમ પાડી "તે ચકરમ, આજ એક માણસના મુઆ પછી પાંચ સાત દીવસ કોઇ રડતું નથી, તો પાંચસે સાતસે વરસ પછી પૃથ્વીરાજને કોણ રડશે, ત્હારો બાપ?"

"મ્હારો બાપ પણ મરી ગયો."

"અરે પીંડા પટી મરી ગયો તો" માણેકલાલે કંટલાઇને બુમ પાડી "તું પણ મરી જાવ તો ગામનું પાપ જાય—શહવારના પહોરમાં હજી તો વકરો થયો નથી તો તું અહીં પૃથ્વીરાજને રડવા શેનો આવ્યો છે?"

"બોહણી હું કરાઉં" પેલાએ કહ્યું "પણ શું કહું ત્હમને માણેકલાલ, દુન્યા કેવી મતલબી છે.! હાય, મતલબી દુન્યા! ગરીબ બીચારો ગુલામી વંશનો અલતમસ——"

"કોણુ ?"

"ગુલામી વંશનો અલતમસ."

"તે કયાં રહે છે?" માણેકલાલે ઘરાક કંઇ બોહણી કરાવ-વાનો છે તે ખ્યાલથી હવે જરા તેની દીલસોઝીમાં ભાગ લેવો જોઇએ એમ સમજીને પુછયું.

"હીયાં કયાં રહે છે?" પેલાએ હવે કંટલાઇને બુમ પાડી "તે તો મરી ગયો."

"તે પણ મરી ગયો!" માણેકલાલ અજબ થતો બોલ્યો.

"અફસોસ, તે પણ મરી ગયો." હાથ પગ નાંખી દઇને પેલાએ જાણે શું એક પોતાના બાપદાદા મરી ગયા હોય તેમ વેરાઇ જઇને કહયું "મરી ગયો, અને ત્હમે બતાવો કે આજે તેને માટે આ આખી બહોલી દુન્યામાં કોણુ રડે છે? કોઇબી નહીં! ઓ, ત્યારે આ દુન્યા મતલબી નહીં કહેવાય તો શું કહેવાય?" એમ બોલીને દાંત બીડીને મુકકી ઉંચકી પેલાએ ધમ દઇને એક માણેકલાલના પગપર મુકી દીધી! "બોલો, બોલો માણેકલાલ, ત્યારે આ દુન્યા શું કેહવાય?"

"ત્હારા બાપનું કપપાલ કેહેવાય?" માણેકલાલે મુકકીના ચચરાતથી ચીરડાઇને કહયું.

"એમ ચીરડાઓ છો શેને માટે!"

"મુકકી મારીને તાંતીઓ ભાંગી નાખવા જેવું કર્યું અને હજી તો પુછેછે કે ચીરડાઓ છો શેને માટે!" માણેકલાલે કહયું "ભાઇ ત્હને કાંઇ લેવું હોય તો લે, નહીં તો હીંયાથી ચાલી જા–ત્હારા જેવા

ઘરાક વગર ચાલશે."

"હું ઓહણી કરાઉં છું" પેલાએ કહયું "પણ અફસોસ, ફીરોઝશાહ બાદશાહ માટે કોણ રડે છે!"

"શું ફીરોઝશાહ નવરોજી બાદશાહ મરી ગયો? અરરરર, એ પારસી તો મ્હારો મોટો ઘરાક થાએ." માણેકલાલ હવે અફસોસ કરવા લાગ્યો.

"ના-ના, હું પારશીની કયાં વાત કરૂંછું? હું તો ગ્યાશુદીન તગલખના સગા ફીરોઝશાહ તગલખની વાત કરૂંછું."

"એ વલી કયો ફીરોઝશાહ? આ માંડવીપર કોઇ કોઇ દીવસ ખારક લેવા આવતો'તો તે તો નહીં!"

"ના-ના, ત્હમે નહીં પીછાણો. તે બીચારો મરી ગયો તો ત્હમને તેને માટે આ આખી દુન્યાપરથી એકબી ડચકાંનો સાદ સંભલાય છે? એમજ કોઇ દીવસ આપણે મરી જઇશું અને આપણે વાસ્તેબી આ દુન્યા એકબી આંસુનું ટીપું પાડશે નહીં અને એકબી ડચકાંનો સાદ કાહાડશે નહીં-ઓ અફસોસ, અફસોસ."

"ભાઇ, મ્હારે ઓહણી નથી કરવી-તું હીંયાથી જા, તું પારસો મુરદાલ અને મડદો કેમ છે તેનું કારણ હવે હું સમજી ગયો-અરે ચકરમ, જે મરી ગયા છે તેને માટે તેનાં સગા રડતા નથી તો તું શેનો ફીરોઝશાહને ને નવરોજીને માટે હીંયા રડવા આવ્યો છે? ત્હને કદાપી રડવું પણ હતું તો ત્હને કોઇ બીજી જગ્યાજ નહીં મલી કે ચાલી ચલાવીને હીંયા મહારી દુકાનમાં રડવા આવ્યો છે?"

"હીંદુ-મુસલમાન રાજાઓની વાત તો મેં કીધી, હવે ઇંગ્રે-

જોના નામીચા કવી લખનાર શેકસપીઅરની હું વાત કરૂં છું"
પેલાએ માણેકલાલના ખીજવાટ છતાં ચલાવ્યું "બીચારો શેકસપીઅર મરી ગયો અને સાહીત્યની રંગભુમી ઉપરથી એક ચલકતો દીવો બુજાઇ ગયો."

પણ હવે માણેકલાલથી ખમાયું નહીં. તેણે બેસવાનો પાટલો ખેંચી કાહાડીને તેનો એક સાબુત ફટકો પેલાના પગપર મારીને કહ્યું "દીવો બુજાઇ ગયો તો તું સલગાવવા જા. નખોદગયા કામ ધંધો નથી મલતો તો મુનસીપાલીટીના દીવાઓ સલગાવવા કેમ નથી રહેતો?—ચાલ ઉઠ, હીંયાથી નીકલ----"

"પણ હું બોહણી કરાઉં છું."

"ત્હારી બોહણીએ નથી જોઇતી, ને કાંઇએ નથી જોઇતું--હીંઆથી જાએછે કે નહીં, નહીં તો ઉઠીને આ દાંગશોટાથી મારીજ નાંખીશ."

અને પેલો દાલસોઝીનો નમુનો ને દુન્યાના બધા મુએલા મરેલાઓના મોતપર રૂદન કરનાર, માણેકલાલના દાંગશોટાથી ગભરાઇને ત્યાંથી ચાલી ગયો.

ચાલીસ ચકરમો પુરા થઇ ગયા!

બલસારા ટ્યુશન ક્લાસ.

સ્થાપ્યો ૧૯૦૫.

ઉપલા ક્લાસમાં સ્કુલ જતાં છોકરા અને છોકરીઓને ગુજ-રાતી શરૂઆતથી તે મેટ્રીક સ્કુલ ફાઇનલ સુધીની બધી બાબદો ઘણીજ ખંત અને મહેનતથી શીખવવામાં આવેછે.

મેટ્રીકના ક્લાસ, ખાસ અલાહદો અને જુદીજુદી બાબદોના ખાસ એક્ષપર્ટ, ચંચલ, અનુભવી ગ્રેડ્યુએટ શિક્ષકો ઘણીજ કાળજી અને મહેનતથી ચલાવે છે, જેથી છોકરા અને છોકરીઓની ઘણીજ સારી સંખ્યા તેમાં દર વરસે પસાર થાય છે એજ તેની ખરી ખુબીછે.

વળી સ્કુલમાં નહિ જતાં છોકરા કે છોકરીઓને પણ કોઇપી બાબદ સ્કુલ કરતાં જલદી અને સરસ રીતે શીખવવામાં આવે છે.

આ ઉપરાંત, બુક-કીપીંગ, શોર્ટ-હેંડ, ટાઇપરાઇટીંગ અને બાનુઓ તેમજ ધંધાદારીઓ માટેના ખાસ અંગ્રેજી ક્લાસો જુદાજુદા કાળજીવાળા અને અનુભવી શિક્ષકો દિવસે અને રાતને વખતે ચલાવે છે જેનાં પરીણામો ઘણાંજ ઉમદા આવતાં હોવાથી દર મહિને છોકરાં વધતાં જાય તેમાં નવાઇ નથી.

બાનુંઓનો અને છોકરીઓનો મહલાજો સચવાય માટે છોક-રાઓથી તદન અલાહેદી જગા તેઓ માટે રાખી છે માટે કાંઇપી અડચણ વગર દરેક મા-બાપે પોતાની બેટીઓને લાભ આપવાને ચુકવું નહીં. આ મહીનાની શરૂઆતથી બાનુઓ માટે મ્યુઝીક ક્લાસ ચાલુ કીધોછે. વધુ માટે નીચલે ઠેકાણે મળો યા લખો—

૧ ચીરાબજારની મારકેટ સામે, મી૦ મીસ્ત્રીનાં ઘેરમાં બીજે માલે.

૨ દાકતર સાહેરનાં દવાખાનાં સામે, કાવસજી પટેલનો મોહુલ્લો, કોટ.

દીબાચો (પાછલો.)

જેમ એક વરસમાં ત્રણ મોસમ આવે તેમ મેં મ્હારી નોવેલોનો આ વરસે ત્રણ મોસમ રાખવાનો વીચાર કીધો છે—દરેક મોસમની અકેકી નોવેલ, એટલે કે જાણે આએ વરસાદની મોસમ શરૂ થતાંજ "પરસ્તાને ચકરમ" નીકલી તો પછી ઠંડીની મોસમ શરૂ થતાજ એક બીજી નોવેલ ને તે પછી ગરમીની મોસમમાં ત્રીજી નોવેલ, એમ ત્રણ નોવેલો આ સાલમાં કાહાડવાનો વીચાર કીધેલો છે.

મેં વીચાર કીધો છે કે છત્રી શરૂ થઇ એટલે "પરસ્તાને ચકરમ" નીકલી, હવે ઇંડાંપાક ને સુવાપાક શરૂ થાય ત્યારે "ઘેલા ઘાંચીનું કુટુંબ" નીકલે અને જયારે આઇસ ને આંબાં શરૂ થાય ત્યારે "અકકલમંદ બેવકુફ" નીકલે.—મ્હારી "પરસ્તાને ચકરમ" ના જેટલા ઘરાકો છે તેટલા બધાજ મ્હારી બીજી એવીજ અતયંત રમુજી નોવેલ "ઘેલા ઘાંચીનું કુટુંબ" નીકલવાની છે તેના થાએ એમ હું ઇચ્છું છું. ઘેલા ઘાંચીના કુટુંબમાં પણ પરસ્તાને ચકરમ જેવાજ રમુજી સ્કેચીઝ છપાશે, ફરક એજ છે કે એક ઘેલા ગાંડાં કુટુંબના માણસો તેમાં દોહેરાં દોહવે છે અને તેવાં દોહરાં છબરડાં પરસ્તાને ચકરમ કરતાં ઓરજ કીસમના છે. એટલીજ બુક, એવીજ ફાંકડી સાઇઝ અને કીંમતબી એકજ રૂપીઓ, આજેજ ત્હમારૂં મુબારક નામ મોકલીને નોંધાવો. ઘેલા ઘાંચીનું કુટુંબ નીકલશે કે તુરતજ ત્હમારા મુબારક નામપર ઘેલા ગાંડાંઓની નોવેલ વી. પી. પોસ્ટથી મોકલવામાં આવશે.

"મશરેક."